કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સકર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
**અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો**
**અમરભાઈ વાઢાઃ 98790 14187**
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

**ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-**
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
**તા.૦૭ માર્ચ, ૨૦૨૬ શનિવાર**
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૨૫૭◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ ફાગણ વદ-૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

**મધ્યપૂર્વ યુદ્ધની આડઅસર**

# ભારતમાં મોંઘવારીનો રાક્ષસ ધુણ્યો

**રાંધણગેસના ભાવોમાં ભડકો**

નવી દિલ્હી,: મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતમાં લોકો પર મોંઘવારીનો માર પડવાની શરુઆત થઈ છે. કારણ કે ભારતમાં ઘરેલુ ગેલ સિલિન્ડરના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. નવા ભાવ ૭ માર્ચ ૨૦૨૬ થી લાગુ ગણાશે. સૂત્રોના જણાવ્યાનુસાર ૧૪.૨ કિલોના ઘરેલુ સિલિન્ડરના ભાવમાં ૬૦ રુપિયાનો વધારો થયો છે અને ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૫ રુપિયાનો વધારો થયો છો. આ ભાવ વધારા પછી દિલ્હીમાં એલપીજી સિલિન્ડરના નવા ભાવ ૯૧૩ રુપિયા અને ૧૮૮૩ રુપિયા થઈ છે.મિડલ ઈસ્ટ માં ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે ભારતીય ગૃહિણીઓના રસોડા સુધી પહોંચી ગઈ છે. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનએ રાંધણ ગેસના ભાવમાં મોટો વધારો ઝીંક્યો છે, જેનાથી સામાન્ય

અનુસંધાન પાના નં.૪ પર

## ગેસના ભાવ વધે તો ભલે વધે, મને ચિંતા નથી : ટ્રમ્પ

નવી દિલ્હી : મિડલ ઈસ્ટમાં યુદ્ધને કારણે ક્રૂડ તેલના ભાવમાં વધારો થઈ રહ્યો છે ત્યારે એક ન્યુઝ-એજન્સી સાથેની વાતચીતમાં અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ગૅસના ભાવમાં વધારો થતો હોય તો ભલે થતો, મને એની ચિંતા નથી. ટ્રમ્પે જણાવ્યું હતું કે ‘હું તેલ અને ગૅસના ભાવમાં વધારો થવાની ચિંતા કરતો નથી, કારણ કે આ સમયે લશ્કરી અભિયાન મારા માટે વધુ મહત્ત્વપૂર્ણ છે.યુદ્ધ સમાપ્ત થયા પછી તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થઈ શકે છે, પરંતુ હાલમાં યુદ્ધ તેલ અને ગૅસ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.’ગયા શનિવારે લડાઈ શરૂ થઈ ત્યારથી આ પ્રદેશમાંથી થતો તેલપુરવઠો પ્રભાવિત થયો છે અને વૈશ્વિક ક્રૂડ ઑઈલના ભાવમાં આશરે ૧૬ ટકાનો વધારો થયો છે. અમેરિકામાં છેલ્લા અઠવાડિયામાં ગૅસોલિનના ભાવમાં આશરે ૨૭ ટકાનો વધારો થયો છે. જોકે ટ્રમ્પનું કહેવું છે કે આ વધારો નોંધપાત્ર નથી. ટ્રમ્પના આ નિવેદનને તેમનાં અગાઉનાં નિવેદનોથી અલગ માનવામાં આવે છે. તાજેતરમાં તેમણે તેમના સંબોધનમાં દેશમાં ઊર્જાના ભાવમાં ઘટાડો થવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ટેક્સસમાં એક ઊર્જા-રૅલીમાં તેલના ભાવમાં ઘટાડા વિશે પણ વાત કરી હતી.ઈરાન પર સતત હુમલાઓ વચ્ચે અમેરિકા અને ઇઝરાયલની લશ્કરી કાર્યવાહી તીવ્ર બની

અનુસંધાન પાના નં.૪ પર

## ગેસની અછતને કારણે સાણંદના ટાટા મોટર્સ પ્લાન્ટનાં ઉત્પાદનમાં ૫૦% સુધીનો ઘટાડો થવાની ભીતિ




અમદાવાદ : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા લશ્કરી સંઘર્ષની સીધી અસર હવે ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ પર પડી રહી છે. કુદરતી ગેસ અને પ્રોપેનની તીવ્ર અછતને કારણે ટાટા મોટર્સને ગુજરાતના સાણંદ

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યમા માળખાગત સુવિધાઓ ઊભી કરવા સરકાર કટિબદ્ધ : નાયબ મુખ્યમંત્રી





વડોદરાઃ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ પોતાના વડોદરા પ્રવાસ દરમિયાન વડોદરા મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં સહભાગી થઈને વડોદરા મહા નગરપાલિકાના રૂ. ૨૦૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે જ ડેસર ખાતે આવેલી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં દીકરીઓ માટે નવી હોસ્ટેલનું પણ સંઘવીના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં રશિયાની એન્ટ્રી.!



નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં યુદ્ધના સંકટથી તેલ પુરવઠાને નડેલા વિઘ્ન વચ્ચે ભારતીય રિફાઈનરી કંપનીઓએ અમેરિકાથી મળેલી ૩૦ દિવસની અસ્થાયી છૂટનો લાભ ઉઠાવતા સમુદ્રમાં ફસાયેલા રશિયાના ક્રુડ ઓઈલની ખરીદી વધારી દીધી છે.

સુત્રોના જણાવ્યા મુજબ ભારતીય રિફાઈનરોએ લગભગ બે કરોડ બેરલ રશિયન ઓઈલ ખરીદી લીધું છે. જે મોટે ભાગે બિન પ્રતિબંધિત એકમો પાસેથી લેવામાં આવ્યું છે.રિફાઈનીંગ કંપનીઓ આ બારામાં કાનૂની અભિપ્રાય પણ મેળવી રહી છે કે શું અમેરિકી છૂટ અંતર્ગત પ્રતિબંધિત સંસ્થાઓ પાસેથી પણ ખરીદીની મંજૂરી છે કે નહીં.કંપનીઓએ રશિયન ઓઈલ ખરીદવા માટે અમેરિકાથી મળેલી અસ્થાયી છૂટ બાદ આ પગલું ઉઠાવ્યું છે. અમેરિકાએ યુક્રેન સામે સૈન્ય કાર્યવાહીના વિરોધમાં રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી પર પ્રતિબંધો લગાવ્યા છે.

ભારતની ઉર્જા કંપની રિલાયન્સના ઈંધણથી લદાયેલા બે ટેક્રરોએ યુરોપ જવાને બદલે એશિયા તરફ વલણ કરી લીધું છે. વ્યાપારિક સૂત્રો અને શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર કંપની એશિયાઇ બજારમાં મજબૂત નફાનો ફાયદો ઉઠાવવા માટે આ પગલું ભરી રહી છે.

જ્યારે ઈરાન સાથે સંકળાયેલા યુધ્ધના કારણે ક્ષેત્રમાં પુરવઠા પર દબાણ વધી ગયું છે. ડેટા મુજબ એક ટેક્રરે ૨૮ ફેબ્રુઆરીએ રિલાયન્સની જામનગર રિફાઈનરીથી લગભગ એક લાખ ટન ડીઝલ લોડ કર્યું હતું. આ જહાજ પહેલા યુરોપ તરફ જતું હતું પરંતુ હવે દિશા બદલીને સિંગાપોર તરફ જઇ રહ્યું છે.

## કોંગ્રેસે લોકસભાના સાંસદો માટે વ્હીપ જારી : ૯ થી ૧૧ માર્ચ સુધી ગૃહમાં હાજર રહેવું ફરજિયાત


વિપક્ષ કોંગ્રેસ પાર્ટી સંસદના બજેટ સત્રના બીજા તબક્કા માટે પોતાની રણનીતિ સંપૂર્ણપણે તૈયાર કરી

નવી દિલ્હી : બજેટ સત્રના બીજા તબક્કાને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસે તેના લોકસભાના સાંસદોને ૯ થી ૧૧ માર્ચ સુધી ગૃહમાં હાજર રહેવા માટે ત્રણ લીટીનો વ્હીપ જારી કર્યો છે. સૂત્રો સૂચવે છે કે આ સમયગાળા દરમિયાન લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાના ઠરાવ પર ચર્ચા અને મતદાન થઈ શકે છે. બજેટ સત્રનો બીજો તબક્કો ૯ માર્ચથી શરૂ થશે અને ૨ એપ્રિલ સુધી ચાલુ રહેશે.સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિના સંયુક્ત ભાષણ સાથે શરૂ થયું, જેમાં ૨૦૨૬-૨૭ના બજેટ પર ચર્ચા અને રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવનો સમાવેશ થતો હતો. સત્રના પહેલા ભાગમાં ભારત-અમેરિકા વેપાર કરાર અને ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમએમ નરવણેની અપ્રકાશિત આત્મકથા પર સંસદમાં ગરમાગરમ રાજકીય ચર્ચા પણ જોવા મળી.રાહુલ ગાંધીએ નરવણેના અપ્રકાશિત પુસ્તકમાંથી અંશો ટાંક્યા ત્યારે શાસક પક્ષના સાંસદોએ ભારે વિરોધ કર્યો. આ મુદ્દા પર

અનુસંધાન પાના નં.૪ પર

## રાજયના આરોગ્યક્ષેત્રને સુદ્રઢ બનાવવા સરકાર સજજ : ડો. અનિલ પટેલ

ગાંધીનગર : રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ નવી દવાઓના વધારાના નિર્ણયને આવકારતા પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવકતા ડૉ. અનિલભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારનો મંત્ર ગામ, ગરીબ, ખેડૂત અને મધ્યમવર્ગના લોકોને ઘરઆંગણે ગુણવત્તાયુક્ત સારવાર પૂરી પાડવાનો છે. ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દરિદ્રનારાયણની સેવાને પ્રાથમિકતા આપતી સરકાર છે.તેમણે જણાવ્યું છે કે, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવાથી હવે રાજ્યમાં કુલ ૧,૪૭૯ જેટલી ગુણવત્તાયુક્ત દવાઓ અને સર્જિકલ આઈટમ્સ દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે ઉપલબ્ધ થશે. ગુજરાતમાં બે વર્ષ પહેલાં ૭૧૭ જેટલી દવાઓ ‘એસેન્શિયલ ડ્રગ્સ‘ તરીકે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવતી હતી, તેના બદલે બે વર્ષમાં આ સંખ્યા બમણી એટલે કે ૧૪૭૯ કરવામાં આવી છે. આ નિર્ણય રાજ્ય સરકારના પ્રજાલક્ષી અને સંવેદનશીલ અભિગમની પ્રતીતિ કરાવે છે. રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો થી લઈ સિવિલ હોસ્પિટલો તથા સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં માં ગરીબ દર્દીઓને આ યાદીમાં સમાવિષ્ટ તમામ દવાઓ અને સર્જિકલ વસ્તુઓ નિ:શુલ્ક મળી રહેશે. આ નિર્ણયથી ગુજરાત સરકારનો ‘ગરીબોની સેવા’ નો મંત્ર સાચા અર્થમાં ચરિતાર્થ થાય છે.તેમણે જણાવ્યું હતું કે, એસેન્શિયલ ડ્રગ્સ ની યાદીમાં ગંભીર અને લાંબી બીમારીઓ જેવી કે હૃદયરોગ, કેન્સર માટે, ન્યૂરોલોજીકલ

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યમાં પૂરતા પ્રમાણમાં પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ

**મુખ્ય જળાશયોમાં હાલની સ્થિતિએ સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ :**

**ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૭૪ ટકાથી વધુ પાણીનો સંગ્રહ**

**કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે**

ગાંધીનગરઃ ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સાવાર્ત્રિક અને ભારે વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયો એટલે કે ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને જળ સંપત્તિ - પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં પાણી સંચય અંગેના સુચારૂ વ્યવસ્થાપન થકી રાજ્યમાં દિન-પ્રતિદિન પીવાના અને સિંચાઈ માટેના પાણીની ઉપલબ્ધતા વધી રહી છે.રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેના પરિણામ સ્વરૂપે ૫ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૬.૪૬ લાખ મિલિયન ક્યુબિક ફીટ-MCFT એટલે કે, કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં વિસ્તારવાર એકંદરે રાજ્યમાં ૪.૧૫ ટકા જેટલો વધારે જ્યારે સરદાર સરોવર જળાશયમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧.૯૩ ટકા વધારે પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. જેથી રાજ્યમાં આગામી ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહેશે. ગુજરાત જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલની સ્થિતિએ ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજ્યમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખથી વધુ MCFT પાણીનો જથ્થો જળાશયોમાં સચવાયો છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ MCFT, ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ MCFT

અનુસંધાન પાના નં.૪ પર

## પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની કામગીરી અંગેની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષ પદે રાજ્યના તમામ ડીડીઓ અને નિયામકશ્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ : ગ્રામ પંચાયતના વેરા વસુલાત કામગીરી અંગેની સમીક્ષા કરાઈ : કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓની અમલવારી અંગેની સમીક્ષા કરી યોજનાઓની અસરકારક અમલવારી કરવા માટે સૂચનાઓ અપાઈ**

ગાંધીનગરઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આગામી મે મહિનામાં યોજાનારી છે તે પૂર્વે આજે ગાંધીનગર ખાતે રાજ્યના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્રસચિના અધ્યક્ષ પદે રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ અને નિયામકશ્રી ઓની મળેલી સમીક્ષા બેઠકમાં કેન્દ્રની રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન સ્વ સહાય જૂથ રચના, ગ્રામ પંચાયત વેરાની વસુલાત ની કામગીરી ની સમીક્ષા સહિતના ૧૪ જેટલા વિષયો પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને સમીક્ષા કરીને પંચાયતની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટેનો રોડ મેપ તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે તે પૂર્વે આજે ગાંધીનગર ખાતે રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ અને નિયામકશ્રીઓ ની એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠક રાજ્યના પંચાયત ગ્રામ ગ્રહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ ના અધ્યક્ષ પદે યોજાઈ છે. આ બેઠક આખો દિવસ ચાલશે.

પંચાયત વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર ખાતે પંચાયત વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષ સ્થાને શરૂ થયેલી જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠકમાં પ્રથમ સત્રમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન સ્વ સહાય જૂથ રચના અંતર્ગત વિવિધ મુદ્દાઓની કામગીરી અંગેની સમીક્ષા કરવામાં આવશે અને અત્યાર સુધીમાં કરવામાં આવેલી કામગીરી અને બાકી રહેતી કામગીરી

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**
– દેવેન વ્યાસ


આ સમાચાર વાંચી ફૈલાય ને પેટના ગેસની તકલીફ થઈ જશે!

## ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ : તમામ ગ્રામ પંચાયતોને પ્રાથમિક સાધન કિટ આપવા સરકારનો નિર્ણય

**ગાંધીનગરમાં ‘ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઇન ગુજરાત’ વિષય પર મહેસૂલના એસીએસ જયંતી રવિની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય બેઠક**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં કુદરતી સાથે માનવી આપત્તિઓ વધી રહી છે ત્યારે આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે તંત્રની સાથે જનતાની સામેલગીરી પર સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આની સાથોસાથ ભૂપેન્દ્ર પટેલની સરકારે નવીનતમ પહેલ તરીકે ‘સજ્જ સમૂદાય, સુરક્ષિત ગામ’ પ્રોગ્રામ શરૂ કર્યો છે, તેમ કહીને મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ ડો.જયંતી રવિએ જણાવ્યું છે કે, આપત્તિ સામે સજ્જતા માટે રાજ્યની તમામ ૧૮ હજાર ગ્રામ પંચાયતોને પ્રાથમિક સાધનોની કિટ આપવાનો નિર્ણય લેવાયો છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પહેલના ભાગરૂપે બાયસેગના માધ્યમથી ગામડાઓ અને તાલુકા સ્તરના લાખો નાગરિકોને સતત ઓનલાઈન અને હાઈબ્રિડ તાલીમ આપવામાં આવે છે. આ જ રીતે આપત્તિ વ્યવસ્થાન ફંડનો મહત્તમ ઉપયોગ કરી વીજળીના ટાવરોની મજબૂત કનેક્ટિવિટી, અવિરત ઊર્જા પુરવઠો મળી રહે તે દિશામાં કામ હાથ ધરાયું છે.

શુક્રવારે અહીં ‘ડિઝાસ્ટર પ્રેપર્ડનેસ ઈન ગુજરાત’ વિષય પર એસીએસ ડો.

અનુસંધાન પાના નં.૪ પર

## યુદ્ધ વચ્ચે ઈરાનમાં ભૂકંપ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આજે અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો આઠમો દિવસ છે. આ દરમિયાન યુદ્ધ વચ્ચે ઈરાનમાં ભૂકંપ આવ્યો છે. યુએસ જીઓલોજિકલ સર્વે મુજબ, શનિવારે ઈરાનના દરિયાકાંઠાના શહેર બંદર અબ્બાસના પશ્ચિમી વિસ્તારમાં ૪.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા છે.

## પોલીસની સંવેદનશીલતા ગુજરાતની સુરક્ષા વધુ મજબૂત કરે છે : હર્ષ સંઘવી

**પોક્સોના ગુનાઓમાં આણંદ પોલીસની દાખલારૂપ કામગીરીઃ વધુ બે કેસના ગુનેગારોને આજીવન કેદની સજા : આણંદ જિલ્લાના તપાસ અધિકારી તત્કાલિન સીપીઆઈ તથા તેમની ટીમ દ્વારા આ તમામ કેસની કરવામાં આવેલી બારીક પરિણામલક્ષી તપાસ બદલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પાઠવ્યા અભિનંદન**

ગાંધીનગરઃગુજરાત સરકાર મહિલા સુરક્ષા અને સગીરા પર દુષ્કર્મના ગુનેગારો સામે ‘ઝીરો ટોલરન્સ‘ની નીતિ સાથે મક્કમતાથી કામગીરી કરી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દીકરીઓની સુરક્ષા માટે કટિબદ્ધ છે, ત્યારે આણંદ જિલ્લામાં ગઈ કાલે પોક્સોના ગુનામાં વધુ બે ચુકાદા આવ્યા છે જે બંને કેસમાં આરોપ ીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે આ બંને કેસની તપાસ કરીને આરોપીઓને આજીવન કેદની સજા અપાવવામાં સફળતા પ્રાપ્ત કરનાર તપાસ અધિકારીએ પોક્સોના સાત કેસમાં ૧૦૦ ટકા સજાનો દર મેળવ્યો છે જે પૈકી છ આરોપીઓને આજીવન કેદની સજા થઈ છે.

આણંદ જિલ્લા પોલીસ વડા જી.જી.જસાણીના સીધા માર્ગદર્શન હેઠળ, તત્કાલીન સી.પી.આઈ. (પેટલાદ ડિવિઝન) અને હાલ બોરસદ પોલીસ સ્ટેશનમાં કાર્યરત

અનુસંધાન પાના નં.૪ પર

મહિલાદિન વિશેષ

# દુનિયામાં જેનું કોઈ નથી તેવી દિકરીઓનું ઈશ્વરે બનાવેલું ઘર : કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર

## ગાડામાં જાતે બળદ તરીકે જોડાઈને સેવા કરનારે ૭૪ વર્ષ પહેલાં મહિલા કલ્યાણ કેન્દ્રનો પાયો નાખ્યો

**જિસકા કોઈ નહીં હોતા હૈ ઉસકા ખુદા હૈ યારો.. માનવતાના આ કાર્યમાં "હમ ચલતે ગયે ઔર કારવાં બનતા ગયા.." એવી રીતે અનેક રીતે અનેક લોકો "પ્રભુના" સંતાનો માટે મદદમાં પ્રભુ બનીને જાણે આવી ગયા : ભુજની માનવ જ્યોત, તબીબો, સમગ્ર કચ્છના કચ્છના દાતાઓએ કરુણા વરસાવી અને સંચાલકોની સેવામાં સહયોગ આપ્યો**

### એક દાતાએ ૧૬ દીકરીઓના લગ્નનો ખર્ચ આપ્યો તો બીજા દાતાએ પોતાના દીકરા સાથે જ પરણાવી



ભુજ -કચ્છઉદય : મહિલા કલ્યાણ કેન્દ્રના સંચાલક ઈલાબહેને જણાવ્યું હતું કે, દુબઈવાળા કારા જ્વેલર્સના માલિક અને મૂળ કચ્છના માંડવી તાલુકાના દુબઈ વસતા અનિલભાઈ પેથાણીએ પોતાના તરફથી તમામ ખર્ચો ભોગવી અને સંસ્થાના પ્રાંગણમાં જ ૧૬ દીકરીઓના ધામધૂમથી લગ્ન કરાવી આપ્યા અને બધી જ દીકરીઓનું કરિયાવર પણ તેમણે કર્યું. આ લગ્ન ઉત્સવ મહિલા કલ્યાણ કેન્દ્રમાં જ ઉજવાયો હતો. ખૂબ જ મર્યાદા અને કુળમાં પોતાના કુળમાં વિશ્વાસ કરતી અને ગૌરવ લેતી અને બીજાના દુઃખ દૂર કરવા માટે પોતાની જાન ની બાજુ પણ લગાડતા નહીં વિચારતી શૌર્યવંતી ક્ષત્રિય જ્ઞાતિના તરા મંજલના સજ્જનસિંહ જાડેજાએ મહિલા કલ્યાણ કેન્દ્રની એક દીકરીને ખુદ પોતાના દીકરા સાથે પરણાવીને અને કુળવધુ બનાવીને સમાજને અદભુત રસ્તો બતાવ્યો છે.

દુબઈમાં જ્વેલર્સના એકથી વધુ શોરૂમ ધરાવતા મૂળ માંડવીના અનિલભાઈ પેથાણીને મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓ વિશે જાણવા મળતાં તેમના હૃદયના તાર ઝણઝણી ઉઠ્યા તેમણે દુબઈથી આવીને ૧૬ કન્યાઓના લગ્ન પોતાના ખર્ચે આ દીકરીઓનું પિયર બની અને કર્યા તથા તેમની કન્યાદાન તથા કોઈપણ વસ્તુની અધૂરાશ ન રહે તે માટે સગા બાપથી પણ વિશેષ કાળજી લઈ અને લગ્ન કરાવ્યા. અને દીકરીઓને કહ્યું કે હવે તમારું પિયર દુબઈમાં છે.

### કથક નૃત્યમાં મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓએ વર્લ્ડ રેકોર્ડ કર્યો



ભુજ-કચ્છ ઉદય : ૨૦૨૨માં મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓએ કથ્થક નૃત્યમાં વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. એ દીકરીઓને પગમાં ઘુંઘરુ એટલે શું તેની પણ ખબર નહોતી એવું જણાવતા સંચાલક ઈલાબેન ઉમેરે છે કે તેવી દીકરીઓને એક મહિનો સુધી પ્રેક્ટિસ કરાવીને મિલનભાઈ સોની, દેવયાનીબેન સોની, અને યેશાબેન ઠક્કરે ખૂબ જ મહેનત કરાવી અને તૈયાર કરી અને વર્લ્ડ રેકોર્ડ સુધી પહોંચાડી છે.

ગરબામાં જોનલ લેવલ સુધી મુંબઈ સુધી મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓએ ભાગ લીધો છે તે પણ ગૌરવંતી વાત છે. અહીં ત્રણ વિભાગની દીકરીઓ બહેનોને રાખવામાં આવે છે જેમાં જન્મથી છ વર્ષ સુધીની, તેના પછી ૧૮ વર્ષ સુધીની અને ૧૮ વર્ષથી મોટી ઉંમરના બહેનો હોય તેમને રાખવામાં આવે છે જેમાં સમાજ સુરક્ષા ખાતુ ભુજ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને જિલ્લા મહિલા અને બાળ વિકાસના અધિકારીઓ આ સંસ્થાને ખૂબ જ મદદ કરે છે. અવનીબેન દવે સંસ્થાની દીકરીઓને મોટીવેશન કરે છે આ ઉપરાંત ટાઉનહોલમાં જ્યોતિબેન ભટ્ટ દ્વારા પણ કાર્યક્રમ યોજાય ત્યારે તેમાં પણ દીકરીઓને જુદા જુદા કાર્યક્રમો ભાગ લેવાની તક મળે છે.

### ભુજના તબીબોની કરૂણાનો પાર નથી



ભુજ-કચ્છઉદય : કચ્છની ભૂમિ એ માનવતા અને કરુણાની ભૂમિ પહેલેથી કહેવાય છે. ભુજના તબીબો મહિલા કલ્યાણ કેન્દ્રમાં આવતા અનાથ બાળકો અને બહેનો માટે ખૂબ જ લાગણીથી અને માનવતાથી વિનામૂલ્યે અડધી રાત્રે પણ સેવા કરવા તત્પર હોય છે. સરકારી હોસ્પિટલના, લાયન્સ હોસ્પિટલ અને લેવા પટેલ હોસ્પિટલના ડોક્ટરો અને સ્ટાફનો તો ખૂબ જ સારો સહકાર છે જ પરંતુ તેની સાથે સાથે જો ત્યાં પૂરતી સગવડ એ સાધન ન હોય અને નવજાત કે નાના બાળકો ગંભીર હોય તો ડોક્ટર નેહલ વૈદ્ય તેમની પૂજન હોસ્પિટલમાં, દેવેન્દ્ર ડાંગર સાહેબ, ખત્રી સાહેબ એક રૂપિયો લીધા વગર ૧૫ દિવસ કે તેનાથી વધુ સમય માટે પણ આઈસીયુ કે એન.આઈ.સી.યુ. જેની સારવાર અત્યંત મોંઘી ગણાય તેમાં દાખલ કરે છે અને પોતાના ઘરના બાળકની જેમ જ તેને સાચવે છે અને સાજા કરે છે. દાંતના ડોક્ટર અશ્વિનભાઈ લીંબાણી પણ મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓના નાથ બની અને વિનામૂલ્યે સારવાર કરે છે. બાળકોને જ્યારે દત્તક આપવાના હોય ત્યારે "ટુબી ઈકો"કરાવવું બહુ જરૂરી હોય છે અને તે માટે કલરવ હોસ્પિટલના ડો. મૌલિક વિનામૂલ્યે સારવાર કરે છે. જ્યારે પણ મહિલા કલ્યાણ કેન્દ્રના કર્મચારી દર્દીને લઈને જાય છે. ત્યારે તેમને લાઈનમાં બેસાડ્યા વગર અગ્રતાના ધોરણે ખૂબ જ આદરથી અને સન્માનપૂર્વક આ બધા ડોકટરો સારવાર કરે છે. બીજા પણ ઘણા ડોક્ટર તેમને આવી જ રીતે મદદ કરે છે.

### હવેથી જિંદગીભર બધી દીકરીઓનો જન્મદિવસ હું ઉજવીશ



ભુજ -કચ્છઉદય : કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રની માનવ જ્યોત સંસ્થા અને પ્રબોધભાઈ મુનવરનો ખૂબ જ સહકાર છે સંસ્થાની હાકલ પડે એટલે માનવજ્યોતની ટીમ ખડી પગે હાજર થઈ જાય છે વાહન ઉપલબ્ધ ન હોય તો વાહન ડ્રાઈવર સાથે પણ પહોંચાડે છે તેવું સંચાલક ઈલાબેને જણાવ્યું હતું. પટેલ ચોવીસી અને અન્ય સમાજ દ્વારા પણ ખૂબ જ મદદ મળે છે. ઘણા લોકો અહીં પોતાના બાળકો નો જન્મદિવસ મહિલા કલ્યાણ કેન્દ્રના બહેનો સાથે અને બાળકો સાથે ઉજવે છે. ભુજના બનારસ પાન વાળા અશ્વિનભાઈ તેમના પુત્રનો જન્મદિવસ મહિલા કલ્યાણ કેન્દ્રમાં ઉજવવા માટે આવ્યા એટલા બધા પ્રભાવિત અને ગદગદ થઈ ગયા કે તેમણે જણાવ્યું કે નાના શિશુથી ૧૮ વર્ષ સુધીના કોઈપણનો જન્મદિવસ હશે તો હવે આજીવન તેમના તરફથી કેક ઉજવણી માટે આપવામાં આવશે. અને ત્યાર પછી હવે કોઈ પણ નો જન્મદિવસ હોય તો માત્ર લક્ષ્મી બેકરીમાં ફોન કરી અને જેનો જન્મદિવસ હોય તેનું નામ ફક્ત જણાવી દેવાનું હોય એટલે કે ઓટોમેટિક મળી જાય. ૨૬ જાન્યુઆરીએ દેશની ટોપ લેવલની તંબુ કંપની કે દેશના મોટા મોટા સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં અને જાતના લકઝરીયસ અને સાદા હજારો તંબુઓ બનાવવાનો કોન્ટ્રાક્ટ જેમને મળે છે તે દેશની પ્રતિષ્ઠિત અને મોટી કંપની લલ્લુભાઈ એન્ડ સન્સ દ્વારા છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે ૨૬ જાન્યુઆરીએ મહિલા કલ્યાણ કેન્દ્રના બાળકોને અને બહેનોને નાસ્તો અને ટ્રેનમાં આખી તંબુ નગરીની મોજ કરાવે છે. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ ત્યારે આવી રીતે મહિલા કલ્યાણ કેન્દ્રના બાળકો અને મહિલાઓ ગયા ત્યારે લાલો ફિલ્મના કલાકારો પણ તેમની બધાને અંગત રીતે મળી અને ખૂબ જ લાગણી આપી હતી અને ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી.

ભુજ - કચ્છઉદય : સરહદી કચ્છ જિલ્લામાં મહિલા કલ્યાણ અને મહિલા સશક્તિકરણનો ઈતિહાસ ૭ દાયકાથી પણ જુનો છે. જે મહિલા કે બાળકીઓને પરિવાર કે સમાજે આશ્રય આપ્યું નથી તેવી દિકરીઓને ભુજની એક સંસ્થા માત્ર આશ્રય જ નહીં, પરંતુ તેમના જીવનને સફળ અને સક્ષમ બનાવવા વર્ષોથી કાર્યરત છે, ત્યારે આવતીકાલે ઉજવાનારા મહિલાદિન નિમિતે આ સંસ્થાનો ઈતિહાસ મહિલા સશક્તિકરણની જીવંત મિશાલરૂપ છે.

આ વાતની શરૂઆત ૭૪ વર્ષ પહેલાથી એટલે કે છેક ૧૯૫૨ની સાલથી શરૂ થાય છે. બદ્રીનાથ શુક્લ નામના મધ્યપ્રદેશના ગોરખપુરના એક સજ્જન કચ્છમાં "લાઠી માસ્ટર"તરીકે મુન્દ્રામાં આવ્યા હતા. એ દિવસોમાં એક માનસિક રીતે બીમાર અનાથ મહિલા ગર્ભવતી થઈને નોંધારી હાલતમાં હતા પ્રસુતિનો સમય આવતા તે પીડાથી કણસતી તેમને જોવા મળી.ત્યારે અત્યંત સંવેદનશીલ એવા શ્રી શુકલનુ હૃદય આ મહિલાની પીડા જોઈ અને કરુણાથી ભીંજાઈ ગયું અને તેને હોસ્પિટલ લઈ જવા માટે એ જમાનામાં કોઈ વાહનોની સગવડ નહીં હોવાથી તેમણે સ્થાનિક લોકો પાસે ગાડુ માંગ્યું. તેમને એક જગ્યાએથી ગાડુ તો મળ્યું પરંતુ ગાડું ચલાવવા માટે બળદ મળ્યો નહીં. એટલે તેમણે જાતે જાણે બળદ બની, બળદની જગ્યાએ ગાડાંમાં જોડાઈ અને ગાડું ખેંચીને એ મહિલાને સમયસર દવાખાને પહોંચાડી. પછી અનાથ મહિલાએ એક દીકરીનો જન્મ આપ્યો. પરંતુ તેની સાથે સાથે એક ઐતિહાસિક ઘટનાને પણ જન્મ આપ્યો અને તે જ ઘટના હતી મહિલા કલ્યાણ કેન્દ્રની સ્થાપનાની.

મહિલા કલ્યાણ કેન્દ્રના સંચાલિકા ઈલાબેન અંજારિયાએ જણાવ્યું હતું કે, અનાથ વ્યક્તિમાં એક વ્યક્તિનો વધારો થયો અને મા અને દીકરી બંને જણાને સાચવવાની જવાબદારી બદ્રીનાથ શુક્લએ લીધી. આ બંનેને એક રૂમમાં તેમણે રાખ્યા. આ કિસ્સામાંથી પ્રેરણા લઈ અને તેમણે અને તેમના પત્નીએ આવા અનાથ અને બે સહારા દુ:ખી લોકો માટે કંઈક કાયમી રીતે કંઈક કરવાના હેતુથી ૧૯૫૨ના અંતમાં મહિલા કલ્યાણ કેન્દ્ર નામની આ સંસ્થાની સ્થાપના કરી.૧૯૫૪માં ભુજના ઉમિયાશંકરભાઈ ગોરે પોતાની વાડી આ માનવતાના કાર્ય માટે આપી અને તેમાં અન્ય દાતાઓ પણ ભળ્યા એટલે જો આ સંસ્થાની વ્યવસ્થિત સ્થાપના થઈ અને સંકુલ બની ગયું. આવી રીતે મહિલા કલ્યાણ કેન્દ્રના નામથી ભુજમાં મહિલાઓના રક્ષણ માટે સંસ્થા કાર્યરત થઈ તેવું તેના સંચાલક ઈલાબેન અંજારિયાએ જણાવ્યું હતુ. તેઓ ૧૯૮૧થી આ સંસ્થા સાથે જોડાયેલા છે. પહેલા તેઓ જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા પરંતુ ૧૯૯૫ માં ત્યારના ધારાસભ્ય કુમુદિનીબેન પંચોલી જે ખુદ પણ મહિલાઓના કલ્યાણમાં ખૂબ જ રસ લેતા હતા તેમણે ઈલાબેનની સેવા અને શક્તિને ઓળખીને સમગ્ર સંસ્થાનો ચાર્જ આપ્યો.

સંસ્થા સમક્ષ બાળકો અથવા દીકરીઓ દત્તક લેવા માટે ઘણી માગણીઓ આવતી હોય છે તે અંગે પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, ૨૦૦૬થી જ્યારે બાળક દત્તક આપવાની પ્રક્રિયા જિલ્લા કક્ષાએ જ હતી ત્યારથી કાયદેસર દતક આપવાની કાર્યવાહી સંસ્થાએ શરૂ કરી હતી. ૨૦૧૫થી કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય ધોરણે ઓનલાઈન પ્રક્રિયા ચાલુ થઈ ગઈ. ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૩૦ દીકરીઓ અને ૨૮ દીકરાઓ દતક આપવામાં આવ્યા છે જેમાંથી વિદેશમાં આઠ દીકરા અને ચાર દીકરીઓ દતક આપવામાં આવી છે. એક વાલી હોય અથવા અનાથ હોય તેવી ૬ થી ૧૮ વર્ષની દીકરીને આશરો આપી અને મહિલા કલ્યાણ કેન્દ્ર તેમને વિનામૂલ્યે ભણાવી ગણાવી અને પોતાના પગ ઉપર ઉભી કરે છે. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા અથવા ચિલ્ડ્રન હોમ્સ ફોર ગર્લ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જે દીકરીઓને કેન્દ્રમાં દાખલ કરવામાં આવે છે તેમને પ્રાથમિક વિભાગમાં ચંદ્રજ્યોતિબા શાળા નંબર ૧૩ માં અભ્યાસ કરાવવામાં આવે છે. ભુજની ખૂબ જ પ્રતિષ્ઠિત ચાણક્ય સ્કૂલમાં પંકજભાઈ મહેતા અને સંદીપભાઈ ખૂબ જ માનવતાનું બતાવીને આવી દીકરીઓને હવે પોતાની સંસ્થામાં પણ ખૂબ જ સારી સગવડો સાથે ભણાવે છે અને તેમની જિંદગીમાં અભ્યાસનો નવો દીપક પ્રગટાવી ઉજાસ પાથરે છે. ચાણક્ય સ્કૂલની ફી પણ માફ કરે છે. પહેલા ૨૫ દીકરીઓ ચાણક્ય સ્કૂલમાં ભણતી હતી પરંતુ હાલમાં ફક્ત બે દીકરીઓ ત્યાં ભણે છે.

કેન્દ્રની દીકરીઓએ ભુજની ઈન્દ્રાભાઈ ગર્લ્સ સ્કુલ તથા મહિલા બી.એડ કોલેજમાં, તથા કચ્છ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે તેમાંથી એક દીકરી તો આજે જિલ્લા કલેકટર દ્વારા થયેલી સ્પર્ધાત્મક ભરતીમાં પસંદ પામીને આ જ કેન્દ્રમાં ગૃહમાતા તરીકે રાજ્ય સરકારના કર્મયોગી તરીકે ફરજ બજાવે છે. જ્યારે અન્ય ચાર દીકરીઓ મહિલા કલ્યાણ કેન્દ્રના જ શિશુગૃહમાં રાજ્ય સરકારના કર્મયોગી તરીકે નિમણૂક પામી છે. ભુજના મહિલા અગ્રણી અને ધારાસભ્ય સ્વર્ગસ્થ કુમુદિનીબેન પંચોલી એ જ્યારે આ સંસ્થાની "બાગડોર" સંભાળી હતી ત્યારે મહિલા કલ્યાણ કેન્દ્રની દરેક દીકરીઓ શિક્ષિત થાય તે ઉપર તેમની ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે જણાવ્યું કે અનેક દીકરીઓ શિક્ષિકા તરીકે અથવા અન્ય પદો ઉપર નોકરી પ્રાપ્ત કરી ચૂકી છે જ્યારે કેટલીક દીકરીઓ ઉદ્યોગમાં ખૂબ જ નિપુણતા હાસલ કરી અને પોતાના ગૃહઉદ્યોગ ચલાવી રહી છે

### નિરાધાર બહેનોની કાળજી, જીવનરક્ષા અને જીવનઉત્થાનની જવાબદારી કેન્દ્રની છે

ભુજ-કચ્છઉદય : કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રના છેલ્લા દસ વર્ષથી પ્રમુખ રહેલા કમળાબેન વ્યાસે જણાવ્યું કે કારોબારી સભ્ય તરીકે તો તેઓ છેલ્લા ૨૫ વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું કે મહિલા કલ્યાણ કેન્દ્ર વિધવા, ત્યકતા અને ત્યજાયેલી દીકરીઓની કાળજી અને રક્ષાની જવાબદારી નિભાવે છે અને તેમની જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓ પૂરી પાડવાનો પ્રયત્ન કરાય છે. મહિલા કલ્યાણ કેન્દ્રમાં રહેતી દીકરી કે મહિલાને ગેટની બહાર લઈ જવી હોય તો પણ સરકાર કે ફેમિલી કોર્ટની મંજૂરી જોઈએ તેવા કડક કાયદા છે તેની વચ્ચે દીકરીઓને અંદરની અંદર ક્યારેય પણ એવું ન લાગે કે તેઓ જેલમાં રહે છે.. તે માટે તેને ખૂબ જ આત્મીતા અને હુંફ આપીને અમે સફળ પ્રયત્ન કરાય છે. ૫૦ વર્ષથી પણ વધારે જૂની બની ગયેલી રસોડાની જર્જરીત ઈમારત દિન દયાલ પોર્ટ ટ્રસ્ટ દ્વારા રૂપિયા ૫૫ લાખના ખર્ચે બનાવી દેવાઈ છે તેની પણ તેમણે નોંધ લીધી હતી. કચ્છના પટેલ દાતાઓ માટે હંમેશા ગૌરવ થાય તેવી જ વાત બનતી હોય છે અહીં પણ એવું બન્યું છે કે આ કેન્દ્રમાં શિશુ ગૃહ નામનો નવજાત અને નાના બાળકોને રાખવા માટેનો રૂમ પણ ખૂબ જ જર્જરીત થઈ ગયો હતો ત્યારે એક પટેલ સદગૃહસ્થને જાણ થતા તેમણે તરત જ પોતાના અંગત દાનથી નવો રૂમ એટલો સરસ બનાવી દીધો કે તેમાં નાના બાળકોને ગરમી ન થાય કે ઠંડી પણ ન પડે તે માટે એરકન્ડિશનર અને હીટરની પણ સગવડ કરાવી દીધી છે. નાના બાળકો માટે ઘોડિયા સારામાં સારા રમકડા વગેરે સગવડો પણ તેમણે કરાવી દીધી છે.જેનું કોઈ ન તેનો ભગવાન હોય છે તેવું ભગવાન જેવા આ દાતાઓએ સગા મામા પણ ન કરે તેટલી ચિંતા કરી અને સગવડો પૂરી પાડી અને સાબિત કરી દીધું છે. સંસ્થાનું મકાન જર્જરીત થયું હોવાથી સંચાલિકાએ દાતાઓ આગળ આવે તો ભવનનું નવનિર્માણ શક્ય બની શકે તેવું વધુમાં જણાવ્યું હતું.



**કેન્દ્રના છેલ્લા દસ વર્ષથી પ્રમુખ પદે રહેલા અને ૨૫ વર્ષથી જોડાયેલા કમળાબેન વ્યાસ**



**છેલ્લા ૪૫ વર્ષથી એટલે કે ૧૯૮૧થી મહિલા કલ્યાણ કેન્દ્ર સાથે જોડાયેલા અને હાલના કેન્દ્ર સંચાલક ઇલાબેન અંજારિયા**

## ગાંધીધામની શ્રેયા પ્રિયદર્શીએ યુપીએસસી પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી કચ્છનું ગૌરવ વધાર્યું



**કઠોર પરિશ્રમ અને મક્કમ નિર્ધારને જોરે ૩૮૭મો ક્રમાંક હાંસલ કરી શ્રેયાએ વહીવટી અધિકારી બનવાનું સ્વપ્ન સાકાર કર્યું : સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાની નેમ વ્યક્ત કરી**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ શહેર અને સમગ્ર કચ્છ જિલ્લા માટે ગૌરવ સમાન કિસ્સામાં, ગાંધીધામ ખાતે ઈક્મટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા દિલીપભાઈ પરમારની પુત્રી શ્રેયા પ્રિયદર્શીએ દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૩૮૭મો ક્રમ પ્રાપ્ત કરી ભવ્ય સફળતા મેળવી છે. શ્રેયાએ પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન જ વહીવટી અધિકારી બનવાનું લક્ષ્ય સેવ્યું હતું, જે આજે તેની અથાગ મહેનત અને પરિવારના મજબૂત પીઠબળને કારણે સાકાર થયું છે. શ્રેયાની આ સિદ્ધિથી પરમાર પરિવાર સહિત સમગ્ર ગાંધીધામ પંથકમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

શ્રેયાની શૈક્ષણિક સફર વિશે વિગતો આપતા તેના પિતા દિલીપ ભાઈએ ગર્વભેર જણાવ્યું હતું કે, શ્રેયાએ પોતાનો પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ ગાંધીધામની જાણીતી મોર્ડન સ્કૂલ ખાતે પૂર્ણ કર્યો હતો. શાળાકાળથી જ તે અભ્યાસમાં તેજસ્વી રહી હતી. ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ માટે તે અમદાવાદ ગઈ હતી, જ્યાં તેણે શહેરની પ્રતિષ્ઠિત એચ. એલ. કોલેજમાંથી ગ્રેજ્યુએશનની પદવી મેળવી હતી.

સ્નાતક થયા બાદ તેણે અમદાવાદ સ્થિત સ્પીપા સંસ્થામાં તાલીમ લીધી અને ત્યારબાદ સંપૂર્ણ સમર્પણ સાથે યુપીએસસીની તૈયારીઓમાં લાગી ગઈ હતી. શરૂઆતના ત્રણ પ્રયાસોમાં અસફળતા મળવા છતાં તેણે હિંમત હાર્યા વગર પોતાની ખામીઓ પર કામ કર્યું અને આખરે ચોથા પ્રયત્નમાં અકલ્પનીય સફળતા મેળવી બતાવી છે.

ભવિષ્યના આયોજન અંગે વાત કરતા શ્રેયાએ પોતાની આ જીતનો શ્રેય માતા-પિતા અને ગુરુજનોને આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, વહીવટી અધિકારી તરીકેની પોતાની ફરજ દરમિયાન તેનું મુખ્ય લક્ષ્ય સમાજના પછાત અને જરૂરિયાતમંદ વર્ગના લોકોને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ અપાવવાનું રહેશે. વહીવટી તંત્રમાં પારદર્શિતા લાવવા અને છેવાડાના માનવીની સમસ્યાઓના ઉકેલ માટે તે હંમેશા તત્પર રહેશે તેવી તેણે નેમ વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, શ્રેયાનો પરિવાર શૈક્ષણિક અને વહીવટી વાતાવરણ ધરાવે છે. તેના પિતા આયકર વિભાગમાં કાર્યરત છે, ત્યારે તેના બંને ભાઈઓ હર્ષ અને પાર્થ પણ હાલ યુપીએસસીની જ તૈયારીઓ કરી રહ્યા છે. આમ, એક જ પરિવારના ત્રણ સંતાનો ઉચ્ચ હોદ્દા પર પહોંચવા માટે મહેનત કરી રહ્યા છે તે સમાજ માટે પ્રેરણારૂપ બન્યું છે. શ્રેયાની આ ઐતિહાસિક સફળતા બદલ સ્નેહીજનો અને મિત્રવર્તુળે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

### રોઝા-૧૭

**પુનજીવન અને પરલોક-3**

**ઈફ્તાર : ૭:૦૨** **સહેરી : ૫:૪૫**

વેદોની જેમ ઈશ્વરીય ગ્રંથ પવિત્ર કુર્આન પણ મૃત્યુ પછીના જીવનની ખાતરી આપે છે. તફાવત આ છે કે આ વેદોમાં એટલું સ્પષ્ટ અને વિસ્તૃત નથી જેટલું કુર્આનમાં છે. અહીં ન્યાય અને ચુકવણીનો દિવસ એ છે જેમાં ન્યાય અને ન્યાયવિધિ અનુસાર જીવનનો અહેવાલ, સાક્ષીઓ સામે લાવીને, ભૂલ બતાવીને, સ્વબચાવની તક આપીને તથા નિર્ણય સંભળાવીને નર્કમાં પૂરેપૂરી સજા આપવામાં આવશે. નર્કમાં સખતમાં સખત અને લાંબાગાળાની સજાની જોગવાઈ હશે. આવી જ રીતે સારા કર્મોનું સારૂને સંપૂર્ણ જળ લાંબાગાળા સુધી સ્વર્ગમાં આપવામાં આવતું રહેશે.


''કયામત''નો અર્થ છે આ જગતને તોડીફોડીને નવા સંસારનું નિર્માણ કરવું અને ફરીથી એકત્રિત કરી જીવન પ્રદાન કરવું. ''આખિરત''નો અર્થ છે મૃત્યુ પછીની બીજી દુનિયા જે મૃત્યુથી લઈને હિસાબ લેવા અને ફળ આપવા સુધીનો સમય છે. ''નિઃશંકપણે ફેસલાનો દિવસ નક્કી છે અને આ સૃષ્ટિનો માલિક એ દિવસનો પણ માલિક છે. (સૂરઃ અલકારિઆ) મહાન ઘટના ! શું છે એ મહાન ઘટના તમે શું જાણો કે એ મહાન ઘટના શું છે ? એ દિવસ જ્યારે લોકો વિખરાયેલા પતંગીયાઓની જેમ અને પહાડો વિવિધ રંગના પીંજાયેલા ઊન જેવા થઈ જશે. પછી જેના (સદ્કાર્યો અને ભલાઈ)ના પલ્લા ભારે હશે તેઓ મનગમતી જીવન દશામાં હશે, અને જેના પલ્લા હલકા હશે એનું સ્થાન ઊંડી ખીણમાં હશે. અને તમને શું ખબર કે એ વસ્તુ શું છે ? ભડકે બળતી આગ. જ્યારે આકાશ ફાટી જશે અને જ્યારે તારા વિખરાઈ જશે, અને જ્યારે સમુદ્રને ફાડી નાખવામાં આવશે, અને જ્યારે કબરો ખોલી દેવામાં આવશે, ત્યારે દરેક વ્યક્તિનું આગળ - પાછળનુ બધું કરેલું જણાઈ જશે. (સૂરઃ ઈન્ફિતાર ૧થી ૫) ડરાવો એમનેએ દિવસથી જ્યારે ધરતી અને આકાશોને બદલીને કંઈના કંઈ બનાવી નાખવામાં આવશે અને સૌ એક સર્વશક્તિશાળી અલ્લાહ સમક્ષ ઉઘાડા હાજર થઈ જશે. તે દિવસે તમે ગુનેહગારોને જોશો કે સાંકળમાં હાથપગ જકડાયેલા હશે, ડામરના વસ્ત્રો પહેરેલા હશે અને આગના ભડકા તેમના ચહેરા ઉપર છવાઈ રહ્યા હશે. (સૂરઃ ઈબ્રાહીમ : ૪૮-૪૯) એ દિવસે આકાશને અમે એવી રીતે લપેટી નાંખીશું જેવી રીતે તુમારના પાના લપેટી દેવામાં આવે છે. જેવી રીતે અમે પહેલાં સૃષ્ટિનો આરંભ કર્યો એવી જ રીતે એની પુનરાવૃતિ કરીશું. (૨૧:૧૦૪) જ્યારે એમના શરીરની ચામડી બળી જશે તો એની જગ્યાએ બીજી ચામડી પેદા કરી દઈશું જેથી તેઓ સારી રીતે યાતનાનો સ્વાદ ચાખે. (૪-૫૬)

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

માંડવી તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા

## ગઢશીશા મફતનગર પ્રા.શાળામાં કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાનો જન્મ દિવસ ઉજવાયો






**તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અપાઈ : મહાનુભાવો દ્વારા પર્યાવરણની જાળવણી પર ભાર મુકાયો : વિવિધ રાજકીય સામાજીક અગ્રણીઓએ આપેલ હાજરી**


ગઢશીશા - કચ્છઉદય : કચ્છના સર્વાંગી વિકાસના સ્વપ્ન દ્રષ્ટા અને યુવા સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મ દિવસની કચ્છ - મોરબીમાં ઉજવણી થવાની સાથે તાલુકાના ગઢશીશા ગામે મફતનગર પ્રા.શાળા મધ્યે સાંસદશ્રીના જન્મ દિવસની ઉજવણીનું આયોજન કરાયું હતું. પ્રારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા સરસ્વતી વંદનાથી ઉજવણીનો પ્રારંભ કરાયો હતો. શાળાના શિક્ષિકા ભૂમિકાબેન કેયુર ગોસ્વામી દ્વારા સૌને આવકારાયા હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી પૂર્વાચાર્ય મંજુલાબેન ગોસ્વામીએ શાબ્દિક સ્વાગત કરતા આયોજનને બિરદાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરેશભાઈ સંઘાર, જિલ્લા પંચાયત સદસ્ય કેશવજીભાઈ રોશીયા, તા.ભાજપ સંગઠનના પ્રમુખ સામંતભાઈ ગઢવી, તા.પં. સદસ્ય હરેશભાઈ રંગાણી, બહુભા જાડેજા, એસએમસી અધ્યક્ષ જયશ્રીબેન ચંદે, અગ્રણી ચંદુભાઈ ઉકાણી, રમેશભાઈ ખત્રી, અંકુર જોષી, જાકબભાઈ માંજોઠી, હાઈસ્કૂલના આચાર્ય ગોવિંદભાઈ કાપડી, સામાજીક અગ્રણી ગોપાલભાઈ આહુ, ભીમજીભાઈ રાઠોડ, રાજાભાઈ આહુ, રામજીભાઈ આહુ, બાબુભાઈ રાઠોડ - રાજવી પેન્ટર સહિતનાઓએ હાજરી આપી શૈક્ષણિક કાર્યને બિરદાવ્યું હતું. શાળાના આચાર્ય મણીલાલ ધોળુએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રાજેન્દ્રગીરી ગોસ્વામીએ આભાર વિધિ કરી હતી.

### ભચાઉના દિશાંત નિશરે યુપીએસસીમાં ઓલ ઇન્ડિયા ૧૯મો રેન્ક મેળવ્યો



ગાંધીધામ - કચ્છઉદય : યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા લેવાયેલી સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતના ૩૪ ઉમેદવારોએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. કચ્છના ભચાઉના વતની દિશાંત અમૃતલાલ નિસારે અખિલ ભારતીય સ્તરે ૧૯મો રેક્ન મેળવી ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દિશાંત નિસારે માસ કોમ્યુનિકેશન અને જર્નાલિઝમમાં સ્નાતક થયા બાદ પોલિટિકલ સાયન્સમાં અનુસ્નાતકનો અભ્યાસ કર્યો છે. પોતાના ચોથા પ્રયત્ને આ સિદ્ધિ મેળવનાર દિશાંતે અગાઉ ઈન્ડિયન રેલવે મેનેજમેન્ટ સર્વિસમાં પણ પસંદગી મેળવી હતી. મુંબઈમાં ઉછરેલા અને છેલ્લા છ વર્ષથી ગુજરાતમાં સ્થાયી થયેલા દિશાંતે પોતાની સફળતા પાછળ શિસ્તબદ્ધ તૈયારી અને સોશિયલ મીડિયાથી દૂરીને મુખ્ય કારણ ગણાવ્યું છે. મુંબઈ ખાતે તેમણે પ્રાથમિક શિક્ષણ અને માસ મીડિયા જર્નાલિઝમમાં ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ દેશની સેવા માટે તેમણે યુપીએસસીની તૈયારી શરૂ કરી હતી આ તૈયારીઓ શરૂ કરવાનો વિચાર તેમને કચ્છમાંથી જ આવ્યો હતો. યુપીએસસી માટે રાજકીય વિજ્ઞાન અને આંતરરાષ્ટ્રીય સંબંધોના વિષય તેમને પસંદ કર્યા હતા. તેમના રેક્થી તેમને રાજ્યમાં જ પોસ્ટિંગ એટલે કે સ્ટેટ કેડર મળી જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

### પિતાને કેન્ટીનમાં મદદ કરવાની સાથે અભ્યાસ કરી ગાંધીધામના યુવાને યુપીએસસીમાં ૨૮૭મો રેન્ક મેળવ્યો



ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના સતનામનગરમાં રહેતા પ્રજાપતિ જીતેન્દ્ર મોતીલાલે સંઘ લોક સેવા આયોગની પરીક્ષામાં સમગ્ર દેશમાં ૨૮૭મો ક્રમ પ્રાપ્ત કરીને ઝળહળતી સફળતા મેળવી છે. મૂળ રાજસ્થાનમાં જન્મેલા જીતેન્દ્રનો ઉછેર અને પ્રાથમિક શિક્ષણ ગાંધીધામમાં જ થયું હતું. ત્યારબાદ તેમણે વડોદરાથી કોમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરિંગની પદવી મેળવી હતી. પોતાની સંઘર્ષગાથા વિશે વાત કરતા જીતેન્દ્રએ જણાવ્યું હતું કે, તેઓ પિતાને કેન્ટીનના કામમાં મદદ કરવાની સાથે પોતાનો અભ્યાસ ચાલુ રાખતા હતા. આ સફળતા તેમને નવમાં પ્રયત્ને મળી છે, જેમાં અગાઉ ત્રણ વખત પ્રિલિમ અને ત્રીજી વખત મેઈન્સ પાસ કરીને તેઓ ઈન્ટરવ્યૂ સુધી પહોંચ્યા હતા. પોતાની જાતને એક મધ્યમ સ્તરના વિદ્યાર્થી માનતા જીતેન્દ્રએ કઠોર પરિશ્રમ અને મક્કમ નિર્ધાર દ્વારા આ સિદ્ધિ હાંસલ કરી અન્ય યુવાનો માટે પ્રેરણા પૂરી પાડી છે. તેમના પિતા કેન્ટીન ચલાવે છે અને યુપીએસસીની તૈયારી દરમિયાન તેમણે પરિવારના વ્યવસાયમાં પણ મદદ કરી હતી. પોતાની સફળતાનું શ્રેય પરિવારના સહકારને આપ્યું હતું.

# બિહારમાં મુખ્યમંત્રી પદ તથા ૧૫ મંત્રીઓ ભાજપના : નીતિશના પુત્ર નિશાંતને નાયબ મુખ્યમંત્રી બનાવવા ઓફર

## જનતા દળ - યુની માંગ : ડેપ્યુટી સીએમમાં એક માત્ર નિશાંત જ રહેશે : ૧૫ મંત્રીઓનો ક્વોટા

(એજન્સી દ્વારા)

પટણાઃ બિહારમાં મુખ્યમંત્રી પદેથી નીતિશકુમારની વિદાય નિશ્રિ્ચત થઇ ગઇ તે વચ્ચે હવે ભાજપ અને જનતા દળ વચ્ચે નવી સરકાર રચવા માટેની ફોર્મ્યુલા તૈયાર થઇ છે. જેમાં હવે ભાજપના મુખ્યમંત્રી અને આ પક્ષના ૧૫ મંત્રીઓ હશે. જ્યારે જનતા દળ-




યુને બે નાયબ મુખ્યમંત્રી પદની ઓફર કરવામાં આવી છે.

પરંતુ જનતા દળ-યુએ એક જ મુખ્યમંત્રી અને તે પણ નીતિશકુમારના પુત્ર નિશાંતકુમાર નાયબ મુખ્યમંત્રી બનાવવાની માંગણી કરી છે અને તેના સિવાય અન્ય કોઇ નાયબ મુખ્યમંત્રી નહીં હોય જ્યારે જનતા દળ-યુના ૧૫ મંત્રીઓ હશે.આ ઉપરાંત ચિરાગ પાસવાનને લોકજન શક્તિ પાર્ટીના બે મંત્રીઓ ઉપેન્દ્ર કુશવાહ અને જીત્તન રામ માંજીના એક-એક મંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ ભાજપના હશે. હવે જનતા દળ-યુમાં જે અસંતોષ છે તેને ઠારવા માટે નીતિશકુમારે એક બેઠક બોલાવી છે અને તેમાં તેના પુત્ર નિશાંતને પણ પક્ષમાં વિધિવત રીતે સામેલ કરીને નાયબ મુખ્યમંત્રી બનવાનો તેનો માર્ગ નિશ્રિ્ચત કરાશે.

# ખેડુતોની સમૃદ્ધી માટે સરકાર સંકલ્પબદ્ધ : સીએમ

### ભુપેન્દ્ર પટેલના હસ્તે કરોડોની સિંચાઈ યોજનાઓનું લોકાર્પણ

ગાંધીનગર : આજ રોજ ગુજરાત રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ સુરતના પ્રવાસે પહોચ્યા છે. તેઓએ અહી વિકાસપ્રકલ્પોની ભેટ ઉકાઈ-કરજણ સહિતના વિસ્તારોને આપી છે. છેવાડાના ખેતરો સુધી આજ રોજ લોકાર્પિત થયેલી યોજનાઓથી લાભાન્વિત બનશે. વિકસીત ગુજરાત માટે સિંચાઈની યોજના કે જેનાથી ૫૩ હજાર એકરથી વધુનુ પાણી મળવા પામશે. આ યોજનાથી સેકડો આદિવાસીઓને ફાયદો થશે. રાજયના મુખ્યપ્રધાને તેમના ઉદબોધનમાં રાજય સરકાર ગુજરાતમાં સિચાઈની સુવિધાઓ માટે સંકલ્પબદ્ધ હોવાની વાત કરી હતી. તેઓએ મોદીજીના સીએમ





કાળથી લઈ અને વર્તમાન પીએમ કાળ દરમ્યાન થઈ રહેલા વિકાસ કાર્યોની પણ વિશેષ છણાવટ કરી હતી.

# ડિજિટલ ફ્રોડનો શિકાર બનશો તો મળશે વળતર

નવી દિલ્હી,તા.૭ : આજના યુગમાં, જ્યારે આપણે નાની કે મોટી દરેક ખરીદી માટે ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણા મનમાં એક સતત ડર રહે છે. તે ડર એ છે કે કોઈ વ્યવહાર ખોટો થઈ શકે છે અથવા છેતરપિંડી થઈ શકે છે.અત્યાર સુધી, ગ્રાહકોને આવી પરિસ્થિતિઓમાં આમતેમ દોડવું પડતું હતું, પરંતુ હવે ભારતીય રિઝર્વ બેંક એ એક નવો ડ્રાફ્ટ રજૂ કર્યો છે જે સામાન્ય માણસ માટે વરદાનથી ઓછો નથી. હવે, જો તમે ડિજિટલ છેતરપિંડીનો ભોગ બનો છો, તો તમારે ચિતા કરવાની જરૂર નથી, કારણ કે બેંકો તમારી સુરક્ષા માટે વધુ જવાબદાર રહેશે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ નાના મૂલ્યના ડિજિટલ બેંકિગ છેતરપિડીથી પ્રભાવિત ગ્રાહકોને રાહત આપવા માટે એક નવું માળખું પ્રસ્તાવિત કર્યું છે. આ દરખાસ્ત હેઠળ, રૂ.૫૦,૦૦૦ સુધીના ઓનલાઈન બેંકિગ છેતરપિડીનો ભોગ બનનાર વ્યકિતઓને ૮૫% સુધીનું વળતર મળી શકે છે, જેની મહત્તમ મર્યાદા રૂ.૨૫,૦૦૦ છે. RBI અનુસાર, આ વળતર વ્યકિતના જીવનમાં ફકત એક જ વાર મળશે. ગ્રાહકોએ છેતરપિડીના પાંચ દિવસની અંદર ફરિયાદ નોંધાવવી આવશ્યક છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ શુક્રવારે એક મહત્વપૂર્ણ ડ્રાફટ જારી કર્યો છે, જેમાં ઓનલાઈન છેતરપિડીનો ભોગ બનનારા બેંક ગ્રાહકોને રાહત આપવામાં આવી છે. આ અંતર્ગત, ગ્રાહકો હવે સાયબર છેતરપિડી માટે રૂ.૫૦,૦૦૦ સુધીનું વળતર મેળવી શકશે. જો છેતરપિડીનું નુકસાન રૂ.૫૦,૦૦૦ સુધીનું હોય, તો ગ્રાહકને ૮૫% સુધીનું વળતર મળશે, જેની મહત્તમ મર્યાદા રૂ ૨૫,૦૦૦ છે. આ નિયમો ૧ જુલાઈ, ૨૦૨૬ થી તમામ વાણિજ્યિક, પ્રાદેશિક ગ્રામીણ અને નાની ફાઈનાન્સ બેંકો પર લાગુ થશે.ઓનલાઈન છેતરપિડીના ભોગ બનેલા લોકોને વળતર આપવામાં આવશે. જો છેતરપિડીને કારણે થયેલ નુકસાન રૂ.૫૦,૦૦૦ સુધીનું હોય, તો ગ્રાહકને ૮૫% સુધીનું વળતર મળશે. આ મહત્તમ રૂ.૨૫,૦૦૦ સુધીનું હશે, મહત્તમ રૂ.૨૫,૦૦૦ સુધીનું હશે, અને જો ફરિયાદ પાંચ દિવસની અંદર દાખલ કરવામાં આવે તો જ. વધુમાં, છેતરપિડીની જાણ સાયબર ક્રાઈમ પોર્ટલ અથવા ૧૯૩૦ હેલ્પલાઈન પર કરવી આવશ્યક છે.

# ઈન્દ્રનીલ રાજયગુરૂની રાજકારણમાંથી નિવૃતીની જાહેરાત

ગાંધીનગર : સૌરાષ્ટ્ર અને રાજકોટના રાજકારણને લગતા મોટા ખબર સામે આવવા પામી રહ્યા છે. રાજકોટ મનપાની ચૂંટણીઓના એકતરફ ભણકારા વાગી રહ્યા છે ત્યારે બીજીતરફ અહીના મોટા નેતા ઈન્દ્રનીલ રાજયગુરૂ દ્વારા રાજકારણને અલવિદા કહી દીધું છે. નોધનીય છે કે તેઓ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય રહી ચુકયા છે.

# સંકટમાં ફસાયેલા ઈરાનના જહાજની ભારતે મદદ કરી, ૨૪ કલાકની અંદર શરણ આપી, ભારતીય નૌસેના કરી રહી છે દેખરેખ

નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમ પર છે. ટેન્શન હિંદ મહાસાગર સુધી પહોંચી ચૂક્યું છે. કેમ કે તેના એક હુમલામાં અમેરિકી સેનાએ ઈરાની જહાજ IRIS Dena જળમગ્ન કરી નાખ્યું. તેના પર સવાર તમામ ક્રૂના મોત થઈ ગયા હતા. આ દરમિયાન વધુ એક ઈરાની જહાજ માટે ભારત સંકટમોચક બનીને સામે આવ્યું છે. ભારતે એક અન્ય ઈરાની જહાજનો સુરક્ષિત બચાવ કર્યો છે.

સંકટમાં ફસાયેલા ઈરાની જહાજ IRIS Lavanને ભારતે ૨૪ કલાકની અંદર શરણ આપી છે. હવે ભારતીય નૌસેના તેના ૧૮૩ ક્રૂ મેમ્બર્સની સંપૂર્ણ દેખરેખ રાખી રહી છે.ભારત સરકારના ટોપ સૂત્રોના હવાલેથી મળતા સમાચાર અનુસાર, આ ઘટના શ્રીલંકાના દક્ષિણમાં IRIS Dena પર થયેલા અમેરિકી હુમલાના થોડા દિવસ પહેલાની છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઈરાને ભારત સરકાર પાસેથી ઈમરજન્સી અનુરોધ કર્યો હતો. ઈરાને જણાવ્યું હતું કે તેનું જહાજૈં ઈંજી ન્ઠદ્દઠ્ઠહ, જે ઈન્ટરનેશનલ ફલીટ રિવ્યૂમાં ભાગ લેવા માટે આ સમુદ્રી વિસ્તારમાં હતું.

# યુપીના ડે.સીએમ કેશવપ્રસાદ મૌર્યના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડીગ : અચાનક સર્જાઈ ખામી

લખનૌ : ઉત્તરપ્રદેશના ડેપ્યુટી સીએમ કેરવપ્રસાદ મોર્યના હેલીકોપ્ટરનું આજ રોજ ઈમરજન્સી લેન્ડીંગ કરવામા અવ્યુ છે. તેઓના હેલીકોપ્ટરમાં અચાનક જ કોઈ ખામી સર્જાવવા પામતા લખનૌ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડીંગ કર્યુ છે. ક્ષતિના લીધે હેલીકોપ્ટરમાં એકદમ ધુંવાડો થવા પામી ગયો હતો. જો કે કેશવપ્રસાદ મોર્યનો આબાદ બચાવ થવા પામ્યો છે.

# ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરો : શંકરાચાર્યની યાત્રાનો આરંભ

## ગૌપ્રતિષ્ઠા ધર્મયુદ્ધ યાત્રા વિવિધ જિલ્લાઓના રૂટમાંથી થશે પસાર

નવી દિલ્હી : ગૌમાતાને રાષ્ટ્ર માતા જાહેર કરવા માટેની માંગ સાથે શંકરાચાર્ય દ્વારા યાત્રાનો આજથી આરંભ કરવામા આવ્યો છે. ગૌપ્રતિષ્ઠા ધર્મયુદ્ધ યાત્રાઓનો આરંભ કરાયો છે. ગૌ હત્યાઓ બંધ થવી જોઈએ તેવી માંગ સાથે આ યાત્રા કરવામા આવી રહી છે.

# યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૫માં SPIPAના ૩૪ ઉમેદવારો સફળ : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પાઠવી શુભેચ્છા

ગાંધીનગર : યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા–૨૦૨૫ના જાહેર થયેલા પરિણામમાં ગુજરાતના કુલ ૩૪ જેટલા તેજસ્વી દીકરા-દીકરીઓ સફળ થતા રાજ્ય માટે ગૌરવની વાત છે. આ સફળ ઉમેદવારોમાં SPIPA (સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન) સાથે જોડાયેલા ૩૪ ઉમેદવારોના ઉત્તીર્ણ થવા બદલ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.તેમણે તમામ સફળ ઉમેદવારોને ઉજ્જ્વળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત SPIPA સંસ્થા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉત્તમ તાલીમ, પ્રોત્સાહક વાતાવરણ અને માર્ગદર્શન પૂરૂં પાડી રહી છે. રાજ્યના યુવાનોની અથાગ મહેનત અને SPIPAના માર્ગદર્શનથી આજે અનેક યુવાનો સફળતાના શિખરો સર કરી રહ્યા છે તેની મને ખુશી છે.મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશ માટે “વિકસિત ભારત @૨૦૪૭”નું મહાન વિઝન રજૂ કર્યું છે. આ વિઝનને સાકાર કરવામાં SPIPAમાં સફળ થયેલા યુવાનો પોતાની વહીવટી કુશળતા અને પ્રતિભાથી મહત્ત્વનું યોગદાન આપશો. આ તમામ યુવા અધિકારીઓ રાષ્ટ્રસેવા અને જનકલ્યાણના ભાવને સર્વોપરી રાખીને સારા ગુડ ગવર્નન્સ ની નવી મિસાલ સ્થાપિત કરશે.તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો અને સાથે જ તેમની આ સિદ્ધિ અન્ય લાખો યુવાનો માટે પ્રેરણારૂપ બનશે એમ જણાવ્યું હતું.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ફરી લવ જેહાદના મુદ્દે કડક શબ્દોમાં બોલ્યા

ગાંધીનગર : ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી ફરી એકવાર લવ જેહાદના મુદ્દે કડક શબ્દોમાં બોલ્યા હતા. તેમણે જણાવ્યું કે ખોટું નામ ધારણ કરીને દીકરીઓને ફસાવનારાઓને કોઈપણ પરિસ્થિતિમાં છોડવામાં નહીં આવે. સંઘવીએ લોકોને અપીલ કરી કે પોતાની ભોળી દીકરીઓ આવા શિકાર ન બને તે માટે સમાજે સંકલ્પ લેવો જોઈએ. તેમણે મહિલાઓને સંબોધતા કહ્યું કે તેઓ રાણી લક્ષ્મીબાઇ જેવી હિંમત બતાવે અને પોતાની સુરક્ષા માટે આગળ આવે. સાથે જ તેમણે ઉમેર્યું કે દીકરીની ટીકા કરવાને બદલે તેને બચાવવા અને તેની સાથે ઊભા રહેવું જરૂરી છે, કારણ કે મહિલાઓ લક્ષ્મીબાઈ બનશે તો કોઈ તેમને હેરાન કરવાની હિંમત નહીં કરે.

### સરકાર રોજગાર આપવા પર ધ્યાન આપે

# દેશની સૌથી મોટી બેન્ક પણ ‘મફતની રેવડી’ અંગે ચિંતિત

નવી દિલ્હી : ચૂંટણી સમયે મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષો દ્વારા અપાતા ‘મફત ભેટ’ અને બેંક ખાતામાં સીધા રોકડ જમા કરાવવાના વાયદાઓ હવે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે. ભારતીય સ્ટેટ બેંક ના તાજેતરના રિપોર્ટમાં આ અંગે ગંભીર ચેતવણી આપવામાં આવી છે.જીૈં ના સંશોધન અહેવાલ મુજબ, ચૂંટણીલક્ષી મફત યોજનાઓ પાછળ રાજ્યોના જીએસડીપી ના ૦.૧% થી ૨.૭% જેટલો જંગી ખર્ચ થાય છે. આ ખર્ચ રાજ્યોની પોતાની કુલ મહેસૂલી આવકના લગભગ ૫ થી ૧૦% જેટલો હોય છે. રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે આવી યોજનાઓ પરના ખર્ચની મર્યાદા ય્જીડ્ઢ ના ચોક્કસ ટકા સુધી મર્યાદિત હોવી જોઈએ, જેથી શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી જરૂરી કલ્યાણકારી યોજનાઓ ખોરવાય નહીં.માત્ર આર્થિક નિષ્ણાતો જ નહીં, પણ સુપ્રીમ કોર્ટે પણ આ ‘રેવડી સંસ્કૃતિ’ પર લાલ આંખ કરી ચુકી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, “સરકારે લોકોને મફત ભેટ કે રોકડ આપવાને બદલે રોજગારના અવસરો ઉભા કરવા જોઈએ, જેથી નાગરિકો આત્મસન્માન સાથે જીવી શકે.” કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે, શું આપણે સક્ષમ અને હાંસિયામાં ધકેલાયેલા લોકો વચ્ચે તફાવત ભૂલી રહ્યા છીએ? જો ભેદભાવ વગર દરેકને મફત આપવામાં આવે, તો તે માત્ર ‘તુષ્ટિકરણની નીતિ’ બની જશે જે દેશના વિકાસમાં અવરોધક છે.

## પહેલા પાનાથી...

### ભારતમાં મોંઘવારીનો

જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે.મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે ઓઈલ કંપનીઓએ ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરમાં ૬૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથે જ હોટલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં પણ ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ ૦૭ માર્ચ ૨૦૨૬થી જ અમલી બની ગયા છે.

### ગેસના ભાવ વધે તો

બની રહી છે ત્યારે ઈરાન પણ આક્રમક રીતે જવાબ આપી રહ્યું છે. આ યુદ્ધ વચ્ચે વિશ્વનો સૌથી મહત્ત્વપૂર્ણ ઊર્જામાર્ગ હોર્મુઝની ખાડી બંધ થવાના ભયથી વૈશ્વિક તેલબજારમાં ગભરાટ ફેલાયો છે જેને કારણે કાચા તેલના ભાવમાં વધારો થયો છે.

### ગેસની અછતને

સાણંદ સ્થિત તેના પ્લાન્ટમાં ૫૦% સુધી ઉત્પાદન ઘટાડવું પડી શકે છે. આ પ્લાન્ટ્સને ઈંધણ પૂરું પાડતી ગુજરાત ગેસ લિમિટેડે પુષ્ટિ આપી છે કે દેશના મુખ્ય ગેસ સપ્લાયર્સે લશ્કરી સંઘર્ષને કારણે ઉદ્યોગોને કુદરતી ગેસનો પુરવઠો અડધો કરી દીધો છે.સાણંદ પ્લાન્ટમાં, આ વાયુઓનો ઉપયોગ મુખ્યત્વે પેઈન્ટ-શોપ ઓવનને ગરમ કરવા અને પેઈન્ટને મટાડવા માટે થાય છે.

### રાજ્યમા માળખાગત

રાજ્ય સરકાર મહાનગરપાલિકાઓના દરેક વોર્ડમાં નાગરિકોની પાયાની જરૂરિયાતોને સુવિધામાં બદલવા માટે મક્કમ નિર્ધાર સાથે કાર્ય કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં જ્યારે રાજ્યની વસ્તીના આશરે ૬૦ થી ૭૦ ટકા લોકો શહેરોમાં વસતા હશે, ત્યારે તે પૂર્વે જ આયોજનબદ્ધ માળખાગત સુવિધાઓ ઊભી કરવી એ સરકારની પ્રાથમિકતા છે. શહેરી માળખાગત સુવિધાઓના સુદ્રઢીકરણ અંગે વિગતો આપતા સંઘવીએ જણાવ્યું હતું કે, વડોદરાના નવા ભળેલા વિસ્તારોના વિકાસ માટે બજેટમાં રૂ. ૧૦૦૦ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. રૂ. ૮૦૦ કરોડ પાણી પુરવઠાની લાઈનો માટે, રૂ. ૭૦૦ કરોડ ડ્રેનેજ નેટવર્ક માટે અને રૂ. ૪૦૦ કરોડ માર્ગોના નવીનીકરણ માટે ફાળવવામાં આવ્યા છે. અમૃત ૨.૦ યોજના હેઠળ ભાયલી અને સેવાસી વિસ્તારમાં નવી ઊંચી ટાંકી અને ડિલિવરી નેટવર્કના લોકાર્પણથી પચાસ હજારથી વધુ નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આ સાથે જ છેલ્લા ત્રણ વર્ષમાં પાણીજન્ય રોગોના પ્રમાણમાં ૫૦ ટકાનો ઘટાડો આવ્યો હોવાનું ગૌરવભેર ઉમેર્યું હતું.

### કોંગ્રેસે લોકસભાના

૫૨ ગૃહમાં થયેલા હોબાળાને પગલે, આઠ વિપક્ષી સાંસદોને સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા. ૫ ફેબ્રુઆરીના રોજ, હોબાળા વચ્ચે, લોકસભાએ રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પસાર કર્યો.

### રાજ્યના આરોગ્યક્ષેત્રને

ડિસોર્ડર્સ અને માનસિક રોગો માટેની દવાઓનો સમાવેશ કરીને સરકારે મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો પરનો આર્થિક બોજ હળવો કર્યો છે. આ ઉપરાંત એન્ટી-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ, શ્વસનતંત્રની દવાઓ અને મેડિકલ ડિવાઈસીસની સંખ્યા વધારવામાં આવી છે, તે દર્શાવે છે કે રાજ્ય સરકાર દર્દીઓને આધુનિક અને શ્રેષ્ઠતમ સારવાર આપવા માટે કટિબદ્ધ છે.

### રાજ્યમાં પૂરતા

પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ સ્ઝ્રહ્લ પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. આમ રાજ્યમાં કુલ ૬,૪૬,૫૫૬ MCFT એટલે કે ૭૨.૪૯ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

જ્યારે ગત વર્ષની સરખામણીએ ૫ માર્ચ, ૨૦૨૫ સ્થિતિએ રાજ્યમાં વિસ્તારવાર ઉત્તર ગુજરાતમાં ૨૭,૮૪૭ MCFT, મધ્ય ગુજરાતમાં ૫૭,૮૮૨ MCFT, દક્ષિણ ગુજરાતમાં ૨,૨૪,૧૮૨ MCFT, સૌરાષ્ટ્રમાં ૫૨,૨૬૪ MCFT અને કચ્છ વિસ્તારમાં ૫,૩૩૨ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો હતો. આ ઉપરાંત સરદાર સરોવર જળાશયમાં ૨,૪૧,૯૫૨ MCFT એટલે કે ૭૨.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો. આમ રાજ્યમાં ગત વર્ષે કુલ ૬,૦૯,૪૫૯MCFT એટલે કે ૬૮.૩૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં ૧૪૧ જળાશયો, ઉત્તર ગુજરાતમાં ૧૫, મધ્ય ગુજરાતમાં ૧૭, દક્ષિણ ગુજરાતમાં ૧૩, કચ્છમાં ૨૦ તેમજ સરદાર સરોવર સહિત ગુજરાતમાં કુલ ૨૦૭ જળાશયો-ડેમ આવેલા છે.

### પંચાયત અને ગ્રામ

કામગીરી સમયસર પૂર્ણ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવશે. બીજા સત્રમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ રહેલ ડોરમેટ એકાઉન્ટ બંધ કરવા ૧૫ માં નાણાપંચની સમીક્ષા અને તે અંતર્ગત મળેલ ગ્રાન્ટ ની સામે થયેલ ખર્ચ ની સમીક્ષા કરવામાં આવશે તેમજ તકેદારી આયોગના પડતર કેસો ની પણ સમીક્ષા કરવામાં આવશે.

### ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ

ડો. રવિની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સ્તરની બેઠકનું આયોજન કરાયું હતું. આ બેઠકને સંબોધતાં ડો.રવિએ કહ્યું કે, આપત્તિ વ્યવસ્થાપન હવે માત્ર રાહત અને પુનઃવસન પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તેમાં નિવારણ, જાગૃતિ અને સર્વગ્રાહી આયોજનનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન કેન્દ્રના માળખા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન-ફ્ઇઇના ૧૦ મુદ્દાના એજન્ડા સાથે સંપૂર્ણપણે સુસંગત છે.

### પોલીસની સંવેદનશીલતા

કાર્યરત પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. ચૌધરી તથા તેમની ટીમ દ્વારા માર્ચ ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન નોંધાયેલા પોક્સોના ગુનાઓમાં ‘ટોપ ટુ બોટમ‘ ઈન્વેસ્ટિગેશન પદ્ધતિ અપનાવવામાં આવી હતી. આ સચોટ તપાસના પરિણામે તમામ ૭ કેસોમાં ૧૦૦% સજાનો દર હાંસલ થયો છે અને આણંદ જિલ્લા પોલીસની ટીમે આ ગંભીર ગુનાઓમાં દાખલારૂપ કામગીરી કરી નરાધમોને જેલના સળિયા પાછળ ધકેલ્યા છે.

## ધાણીથરમાં ૫૩ હજારનો દારૂ પકડાયો

રાપર – કચ્છઉદય : તાલુકાના ધાણીથર ગામે સીમ વિસ્તારમાં એલસીબીએ કાર્યવાહી કરીને ૫૩ હજારનો દારૂ પકડી લીધો હતો. સ્વીફટ કાર નંબર જી.જે. ૧૨ એફડી ૨૯૬૯ માં ૧૮૦ એમએલના ૧૭૯ કવાટરીયા રાખવામાં આવ્યા હતા. ૫૩૭૦૦ નો દારૂ અને ત્રણ લાખની કાર કબજે કરી ગાગોદર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો. રેડ દરમ્યાન અંધારામાં આરોપી ભાગી ગયા હતા. ભાગી જનાર આરોપીઓ પલાંસવાનો વિશાલ ઉર્ફે વિહો સકતાભાઈ ભરવાડ અને ગાંધીધામનો નવઘણ ઉર્ફે રોકી દેવજીભાઈ ભરવાડ હોવાનું જાણવા મળતા ગુનો દાખલ કરાવાયો હતો.




### લાકડીયા પોલીસે ચાંદીની લક્કી શોધી આપી

લાકડીયા વિસ્તારમાં યુવાનની ચાંદીની ૨૫ હજારની લક્કી ખોવાઈ જતા પોલીસે શોધી આપી હતી.

# આડેસર ચેકપોસ્ટ પર પોષડોડા પકડાયો : ૪૪૦૦નો પોલીસે મુદ્દામાલ સીઝ કર્યો ૬૧ લાખનો

**પંજાબના ડ્રાઈવર પાસે સેવન માટે રાખેલ ૨૯૫ ગ્રામ પોષડોડા મળ્યો હતો**

ગાંધીધામ - કચ્છઉદય : રાપર તાલુકાના ભીમાસર ભુટકીયામાં રેન્જ પોલીસે નવ કરોડની નશાની ખેતી ઝડપી હતી. ત્યારે અંધારામાં રહેલી આડેસર પોલીસ હવે પોતાની કામગીરી બતાવી રહી છે. ચેકપોસ્ટ પાસે ચેકીંગ દરમ્યાન ટ્રક ડ્રાઈવર પાસે ૨૯૫ ગ્રામ પોષડોડા મળ્યો હતો. જો કે પોલીસે ૬૧ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો છે. પોલીસ સ્ટેશનેથી મળેલી વિગતોે મુજબ પંજાબની ટ્રક નંબર પી બી ૦૫ એએલ ૫૫૦૩ ને અટકાવી તેના ચાલક લુધીયાણાના સુરેન્દ્રસિંહ પેરાસિંહ જાટની અટક કરવામાં આવી હતી. ડ્રાઈવર કેબીનમાંથી ૨૯૫ ગ્રામ પોષડોડા કિંમત રૂા. ૪૪૨૫ નો મુદ્દામાલ મળ્યો હતો. ટ્રકમાં ૪૦.૮૭ લાખના લોખંડના નટ અને સાયકલના પાર્ટસ રાખેલા હતા.

આ તમામ મુદ્દામાલના કાયદેસરના બીલ અને રોયલ્ટી છે. પોલીસે પોષડોડા સાથે ગાડી અને સામાન મળી ૬૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ગુનો દાખલ કર્યો હતો.

# એડવોકેટ બર્ગિસ દેસાઈને રાષ્ટ્રીય લઘુમતી આયોગના સભ્ય તરીકે નિયુક્ત કરાયા

નવી દિલ્હી :કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય લઘુમતી આયોગના સભ્યોની નિમણૂક અંગે શુક્રવારે એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. લઘુમતી કાર્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આ નોટિફિકેશન મુજબ, આયોગમાં બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે.

# અંજારમાં સરકારી જમીન પર બનાવેલી ઓરડી તોડી પડાઈ



અંજાર - કચ્છઉદય : મારામારી અને દારૂના ગુનામાં સંડોવાયેલા અંજારના કોલીવાસમાં રહેતા મનજી જુસાભાઈ કોલીએ સરકારી જમીન પર ગેરકાયદે રીતે પતરાની ઓરડી બનાવી હતી. અંજાર પીઆઈ એ.આર. ગોહિલે બાંધકામ ખરાઈ કરાવી નગરપાલિકાને સાથે રાખી ગેરકાયદે દબાણ દુર કરાવી અઢી લાખની જમીન ખાલી કરાવાઈ હતી. આરોપી સામે અંજારમાં કુલ્લ પાંચ ગુના નોધાયેલા છે.

# સાંસદના જન્મદિવસે ટીબીના દર્દીઓને પોષણ કીટ અપાઈ





ગાંધીધામ -કચ્છઉદય : સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મ દિવસે ગાંધીધામ તાલુકાના ૩૦૦ જેટલા ટીબીના દર્દીઓને રામબાગ હોસ્પિટલ ખાતે રાશનકીટ વિતરણ કરવામાં આવેલ હતું. આ વેળાએ સીડીએચઓ ડૉ. મિતેશ ભંડેરી, ડૉ. મનોજ દવે, ડૉ, દિનેશ સુતરીયા, સિવિલ સર્જન ડૉ. કિશોરકુમાર, ડૉ. હરેશ માતાણીના માર્ગદર્શનમાં આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા દિપક રાજગોર, યુ.કે. જોશી, અલ્પાબેન, સિદ્ધરાજભાઈ, જગદીશભાઈ જહેમત ઉઠાવી હતી.

## આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર કર્તવ્ય પથ પર “શક્તિ પદયાત્રા - #SheeleadsBhara”નું આયોજન

નવીદિલ્હી : વિવિધ ક્ષેત્રોની મહિલા સહભાગીઓ #SheLeadsBharat થીમ હેઠળ સાથે મળીને પદયાત્રા કરશે, જે પ્રગતિશીલ અને સમાવિષ્ટ ભારતના નિર્માણમાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડશે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય આવતીકાલે (૮ માર્ચ, ૨૦૨૬) નવી દિલ્હીમાં “શક્તિ પદયાત્રા #SheLeadsBharat” નામની મહિલા-આગેવાની પદયાત્રાનું આયોજન કરી રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો એક ભાગ છે.

## ભુજમાં આંકડાનો જુગાર રમતી મહિલા પકડાઈ

ભુજ - કચ્છઉદય : શહેરમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનની બાજુમાં ધુફી ફળીયા પાસે જાહેરમાં આંકડાનો જુગાર રમતી મહિલા પકડાઈ હતી. બી ડીવીઝન પોલીસે કુલસુમ અલીમામદ રાયમાને પકડી રોકડા રૂા. ૨૬૪૩૦ કબજે કર્યા હતા. આ મહિલા નાઈટ મીલન બજારનો વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમતી હતી. તેની પાસેથી ડાયરી અને પેન પણ મળી આવ્યા હતા. બી ડીવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## પ્રધાનમંત્રીએ જન ઔષધિ દિવસ ૨૦૨૬ પર શુભેચ્છાઓ પાઠવી


નવીદિલ્હી : જન ઔષધિ દિવસ ૨૦૨૬ના અવસર પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (સ્મ્ત્ન) થી સકારાત્મક રીતે પ્રભાવિત થયેલા તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી મોદીએ કહ્યું કે આ પહેલ દરેક નાગરિકને પોષણક્ષમ ભાવે સારી ગુણવત્તાની દવાઓ મળે તે સુનિશ્ચિત કરવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## મુંદરા પોર્ટમાં મશીનના અકસ્માતમાં હેલ્પરનું મોત

મુંદરા - કચ્છઉદય : અહીં પોર્ટના સીટી - ૩ એરીયામાં મશીનના અકસ્માતમાં હેલ્પરનું મોત થયું હતું. ફરીયાદી સંજયકુમાર યાદવના જણાવ્યા પ્રમાણે મીલર કોંક્રીટના વાહન નંબર એચ.આર. ૩૮ એડી ૪૫૭૭ ના ચાલક પવનકુમાર રમેશ રામે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી ઉભેલ ટ્રેઈલર નંબર જી.જે. ૧૨ બીવાય ૮૦૯૩ માં પાછળના ભાગે ભટકાવતા અકસ્માતમાં આરોપી સાથે રહેલ ૧૮ વર્ષિય ઉદેશ્વર યાદવનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું, જેથી ગુનો દાખલ કરાયો હતો.

# મુંદરામાં આધાર પુરાવા વગરનો ત્રણ લાખનો ભંગાર પકડાયો

મુંદરા - કચ્છઉદય : માંડવી - ગાંધીધામ હાઈવે રોડ પર સમાઘોઘા ગામના બસ સ્ટેશન પાસે એલસીબી વાહન ચેકીંગમાં હતી ત્યારે માંડવી તરફથી આવેલી ટ્રક નંબર જી.જે. ૧૧ વીવી ૮૮૫૮ ને અટકાવી તેમાં રહેલ ૧૨,૧૩૦ કિલો પ્લાસ્ટિકના ભંગાર કિંમત રૂા. ૩,૦૩,૨૫૦ બાબતે ચાલક જુનાગઢના જાવીદભાઈ જમાલભાઈ જુણેજા પાસે આધાર પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. જેથી શંકાસ્પદ મુદ્દામાલ તરીકે મુંદરા પોલીસને જાણ કરવામાં આવી હતી.



**અમદાવાદ-ગાંધીધામ-ઝારખંડમાં ચીટર ટોળકી સામે થઈ છે પોલીસ ફરીયાદો.!**


# કચ્છના કોલસાના વેપારી સાથે કરોડોના છેતરપીંડીકાંડમાં ઝારખંડ પોલીસ એક્શનમાં : નવા કડાકા-ભડાકા થશે..!

**ગુજરાતની કંપનીના સંચાલકો દ્વારા ધનબાદના વેપારી સાથે રૂ. ૫.૮૫ કરોડની છેતરપિંડી, જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ : આજ ટોળકી સામે ફાયરબ્રીક્સના વેપારીએ પણ આર્થીક છેતરપીંડીની ગોવિંદપુર પોલીસ મથકે નોધાવી છે અલગથી ફરીયાદ : અમદાવાદ-ગાધીધામ પોલીસમથકો પણ કરોડોની ૪૨૦ની ઠગાઈની ફરીયાદ થયેલી જ છે**

**ધનબાદના પોલીસ સ્ટેશનમાં સંજય કુમાર અગ્રવાલ, સચિન કુમાર અગ્રવાલ, સંદીપ કુમાર અગ્રવાલ, રાખી અગ્રવાલ, અમન કુમાર રાય અને ગણેશ યાદવ વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ નોધાયેલી ફરીયાદ બાદ કાર્યવાહીનો ધમધમાટ તેજ : ગાંધીધામમાંથી રાખી અગ્રવાલ નામની મહીલાને ઝારખંડ પ્રોલીસે અટકાયત કરી આદરી છાનબીન : કાયદેસરની પુછતાછ હાથ ધરાશે તો કઈક મોટા આર્થીક ભોપાળાઓ આ શખ્સોએ આચર્યાનો થશે પર્દાફાશ**

**ઝારખંડ પોલીસ જેની અટકાયત કરી ગયેલ છે તે રાખી અગ્રવાલ, કઈકને કરોડોના ચુના ચોપડી અને ગાંધીધામમાં કોને ત્યાં આશરો પામીને રહેતી હતી? આર્થીક ભોપાળાઓ આચરનારાને આશરો આપી ગુનાકામમાં મદદગારી કોણે કરી? કેમ આશરો આપનારાઓની સામે પણ ન થાય કાયદાકીય કાર્યવાહી?**

**ઠગટોળકીના મુખ્ય ચાર સુત્રધારો પૈકીના સંજય-સચિન પહેલેથી જ જેલના ગણી રહ્યા છે સળીયા, ફરાર નાસ્તી ફરતી રાખી અગ્રવાલ પણ હવે દબોચાઈ ગઈ છે, સંદીપ અગ્રવાલ હજુય છે આબાદ**



ગાંધીધામ : કચ્છમાં કોલસાના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિની સાથે કરોડોની છેતરપીંડી આચરનાર ભીલાઈ-ધનબાદની ગેગ હવે તબક્કાવાર સાણસામાં આવવા પામી રહી છે. આ કેસમાં તહોમતદાર પૈકીની જ એક એવી રાખી અગ્રવાલ નામની મહીલાને તાજેતરમાં જ ઝારખંડ પોલીસ કચ્છ-ગાંધીધામ આવી અને ઉઠાવી જઈ તેની ધોરણસરની અટકાયાત કરી અને આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનુ સામે આવવા પામી રહ્યુ છે ત્યારે પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, રાખી અગ્રવાલ, સંજય અગ્રવાલ, સચીન અગ્રવાલ,સંદીપ કુમાર અગ્રવાલની ટોળકી સામે ગાંધીધામ, અમદાવાદ, જારખંડ સહિતના પોલીસ મથકોમાં આ જ રીતે વેપારીઓની સાથે ડીલ કર્યા બાદ તેમની સાથે છેતરપીંડી એક યા બીજી રીતે કરી અને કરોડોની આર્થિક છેતરામણીઓ સુનિયોજીત રીતે રચી હોવાની પોલીસ ફરીયાદો નોધાયેલી છે. આ કેસના આરોપીઓમાથી ચાર મુખ્ય સુત્રધારો પૈકીના બે આરોપીઓ તો જેલવાસ ભોગવી રહ્યા છે, જયારે સંદીપ નામનો શખ્સ હજુય ફરાર ફરી રહ્યો છે અને નાસ્તી ફરતી તથા છુપાતી રહેતી રાખી અગ્રવાલની ગાંધીધામમાંથી અટકાયાતી કરી લેવામા આવી છે ત્યારે હવે આગામી સમયમાં તેની પુછતાછ થશે તો આખાય પ્રકરણમાં અનેકવિધ મોટા કડાકા ભડાકા થવાની સંભાવનાઓ સેવાઈ રહી છે.

આ બાબતે વિગતે વાત કરીએ તો ઝારખંડના ધનબાદમાં બેંકમોડ પોલીસ મથક હેઠળ કાર્યરત નારાયણી કોક પ્રા.લી. કંપનીના પ્રતિનિધિ અનુપ શર્મા સાથે ગુજરાત સ્થિત વિમલા ફ્યુલ્સ એન્ડ મેટલ્સ પ્રા. લિ. અને વિમલા મેટકોક લિ.ના સંચાલકોએ આયોજનબદ્ધ રીતે રૂ. ૫.૮૫ કરોડની વિશાળ રકમની છેતરપિંડી કરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો હતો.. આ મામલે ભોગ બનનાર વેપારીએ ધનબાદના બેંકમોડ પોલીસ સ્ટેશનમાં સંજય કુમાર અગ્રવાલ, સચિન કુમાર અગ્રવાલ, સંદીપ કુમાર અગ્રવાલ, રાખી અગ્રવાલ, અમન કુમાર રાય અને ગણેશ યાદવ વિરુદ્ધ ગંભીર કલમો સેક્સન ૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૩૬(૩)૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨), ૩(૫), ૧૧૧(૨/બી) હેઠળ લેખિત ફરિયાદ નોંધાવી હતી.ઘટનાની વિગતો મુજબ, ઓગસ્ટ ૨૦૨૪માં મુખ્ય આરોપી સંજય અગ્રવાલે પોતાની કંપનીનું ટર્નઓવર ૧,૦૦૦ કરોડથી વધુ હોવાનું જણાવી વેપારીને વિશ્વાસમાં લીધા હતા અને બિઝનેસના બહાને રૂ. ૫ થી ૬ કરોડની લોન માંગી હતી. આરોપીઓએ વિશ્વાસ કેળવવા માટે ગાંધીધામ અને ભચાઉ (કચ્છ, ગુજરાત) સ્થિત પોતાની ચાર મિલકતોના અસલ દસ્તાવેજો જામીન તરીકે આપ્યા હતા અને ખાતરી આપી હતી કે જો તેઓ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં નાણાં પરત નહીં કરે તો મિલકત ટ્રાન્સફર કરી આપશે. આ વાતો પર વિશ્વાસ મૂકીને અરજદારે બેંક મારફતે કુલ રૂ. ૫,૮૫,૦૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા અને જે-તે સમયે વિધિવત MOU પણ કરવામાં આવ્યો હતો. જોકે, સમય મર્યાદા પૂર્ણ થયા બાદ જ્યારે અરજદાર ઓગસ્ટ ૨૦૨૫માં ગુજરાત ખાતે આરોપીઓને મળવા ગયા, ત્યારે સત્ય બહાર આવ્યું હતું કે આરોપીઓએ જે મિલકતના દસ્તાવેજો જામીન તરીકે આપ્યા હતા તે પૈકીના દસ્તાવેજો અગાઉથી જ અન્યને વેચી દેવામાં આવ્યા હતા અને બાકીના દસ્તાવેજો પણ બનાવટી હતા. પૈસા પરત માંગતા આરોપીઓએ ઉદ્ધત વર્તન કરી નાણાં ચૂકવવાનો સાફ ઈનકાર કરી દીધો હતો અને પોતાની પોલીસ તથા ગુંડા તત્વો સાથે ઓળખાણ હોવાનું કહી અરજદારને જાનથી મારી નાખવાની ધમકી આપી હાંકી કાઢ્યા હતા. આ મામલે વેપારીએ ન્યાયની માંગ સાથે પોલીસ પાસે કડક કાર્યવાહી અને એફઆઈઆર દાખલ થવા પામી ચૂકી છે. આ તો થઈ એક કિસ્સાની વાત પરંતુ રાખી અગ્રવાલ, સંજય-સચિન તથા સંદીપની ટોળકીની સામે આ પ્રકારની છેતરપીંડીની અન્ય ફરીયાદ પણ નોધાવવા પામી ચુકી છે. અત્રે નોધનીય છે કે, કચ્છના ગાંધીધામ સહિતના વિસ્તારના કોલસાના ધંધાર્થીઓ માટે પણ આ ચીટર ટોળકી અને તેમણે આદરેલી છેતરપીંડીની પદ્ધતીઓ લાલબત્તીરૂપ કિસ્સો જ કહી શકાય તેમ છે. કારણ કે, ભિલાઈના ચિટ્ટર સંજય અગ્રવાલની ગાંધીધામના પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિ સાથે કોલસાના ધંધામાં ૮૯ કરોડની ગોબાચોરીની પણ રાવ અગાઉ સામે આવવા પામી ચુકી જ છે. ગાંધીધામના કિસ્સાની વાત કરીએ તો ગાંધીધામની કેનન ટ્રેડકોમ પ્રા.લી. કંપનીને આરોપી વિમલા રીસોર્સિસ એફ. ઝેડ. ઈ. શારજાહ યુએઈએ વિશ્વાસમાં લઈ અને ૫૯ કરોડનો ચૂનો ચોપડયો હતો આ બાબતે ગાંધીધામ બી ડીવીઝન મથકે ફરીયાદની તપાસ પૂર્ણ થઈ અને ચાર્જસીટ ૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮, ૫૪ બીએનએસની કલમો તળે પણ દાખલ કરી દેવામા આવી છે. ગુનેગાર શાતિર દિમાગવાળો છે તે તો તેમની સામે થયેલી આટઆટલી ફરીયાદોથી ખ્યાલ આવી જ શકે તેમ છે. આ કેસના આરોપી પૈકીના રાખી અગ્રવાલને નામદાર સુપ્રીમકોર્ટે સાડા સાત કરોડ જમા કરાવી અને આગોતરા જામીન તે વખતે મંજુર કરેલ હતા. જે બાદ નાસ્તા ફરતા આરોપી સંજય અગ્રવાલ તથા સચીન અગ્રવાલની ગાંધીધામ પોલીસ દ્વારા ૨૦મી સપ્ટે.૨૦૨૫ના રોજ ધરપકડ કરી અને ધોરસણરની કાર્યવાહી હાથ ધરી હતી. જે આરોપીઓની નિયમિત જામીન અરજી નામદાર હાઈકોર્ટ અમદાવાદ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. મૂળ ભિલાઈ છત્તીશગઢના અને ગાંધીધામ રહેતા ટ્રેડીંગ વ્યાપારી અને તેની કંપની તથા તેના ડાયરેક્ટરો સામે પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ સંકુલમાં આર્થિક ગોબાચારી આચરી હોવાની ફરીયાદ દાખલ થવા પામી છે. અહીના વેપારીઓની સાથે કરોડો રૂપીયાની ઠગાઈ અને છેતરીપીંડી આરોપીએ આચરી હોવાનો મોટો અંગુલીનિર્દેશ આ ફરીયાદમાં કરવામા આવ્યો છે. આ જ વેપારીની સામે ન માત્ર ગાંધીધામ બલ્કે અમદાવાદમાં પણ ક્રાઈમ બ્રાન્ચમાં આવી જ છેતરપીંડી અને ઠગાઈની અલાયદી ફરીયાદ પણ દાખલ થવા પામી હોવાનુ માલુમ પડયું છે. ગાંધીધામ સંકુલમાં વિદેશી કોલસાના વેપારીઓ મોટા પ્રમાણમાં ટ્રેડ કરી રહ્યા છે, પ્રમાણિકતાથી જેઓ કામ કરવા ઈચ્છે છે અથવા તો કરી રહ્યા છે તેમના માટે લાલબત્તીરૂપ આ કિસ્સો સામે આવવા પામી રહ્યો છે.

જાણકારોના મતે ગાંધીધામના પ્રતિષ્ઠી ઉદ્યોગપતિની કંપની સામે ચીટીંગ કરનાર સંજય અગ્રવાલ અને તેની કંપની દ્વારા અલગ અલગ વેપારીઓ સાથે વિવીધ રાજયોમાં આવી ચીટીંગ આદરવામા આવી છે અને એસબીઆઈ સહીતની બેંકોમાં સંજય અગ્રવાલનુ એનપીએ બોલતુ હોવાનુ પણ ચર્ચાય છે. પ્રથમ ડોમેસ્ટીક એટલે કે ભારતમાં અને ભારતમાં જ અલગ અલગ રાજયોમાં ગાંધીધામના ઉદ્યોગપતિની પેઢી સાથે આ સંજય અગ્રવાલે કોલનો ટ્રેડ કરી અને વિશ્વાસ મેળવ્યા બાદ વિદેશમાં મોટો કોલ મંગાવી અને એક સાથે ૮૯ કરોડ જેટલી માતબર રકમ ચાંઉ કરી ગયો હોવાનો આ કિસ્સો ગાંધીધામમાં કોલસાના ટ્રેડીંગ સાથે સંકળાયેલ આલમ માટે પણ લાલબત્તીરૂપ જ બની રહ્યો છે.

## અમદાવાદમાં પણ સંજય-રાખી-સચીન ટોળકી સામે છે પોલીસ ફરીયાદ

ગાંધીધામ : અમદાવાની ખાનગી કંપનીના મિતેશભાઈ દવેએ દાખલ કરાવેલી ફરીયાદમાં જણાવ્યા અનુસાર વિમલા ફયુલ એંન્ડ મેટલ કંપનીના ડાયરેકટર સંજય અગ્રવાલ, સચીન અગ્રવાલ, રાખી અગ્રવાલ, સંદીપ અગ્રવાલ, રાહુલ અગ્રવાલ, ગૌરવકમાર, સરફરાજ મલિક સહિત અન્ય એકની સામે આઈપીસી ૪૦૬,૧૧૪ તળે ગુનો દાખલ કરવામા આવ્યો છે. ફરીયાદમાં જણાવ્યા અનુસાર તેઓની કંપનીએ અલગ અલગ સમય પર એક કરોડથી વધુનો સમાન સંજયની કંપનીએ ખરીદ્યો હતો, જેનુ ચુકવણુ ૧ એપ્રીલ ૨૦૨૩ સુધી કરવાનુ થતુ હતુ. સંજયની કંપનીએ ફરીયાદીને જાણ કર્યા વિના અન્ય કોઈને વેચી નાખ્યો હતો. આરોપી ડાયરેકટરનો કેટલીય વાર સંપર્ક કરવા છતા તેણે ૩.૨૧ કરોડ રૂપીયા પરત ન આપ્યા, ન મેટકોક આપ્યો. જે બાદ ફરીયાદીએ સંજય અગ્રવાલ સહિત સાત સામે ચીટીંગની ફરીયાદ દાખલ કરાવી છે.

## ધનબાદના વેપારી સાથે ગુજરાતની કંપનીના સંચાલકો દ્વારા ૮૧ લાખની છેતરપિંડીઃ ગોવિંદપુર પોલીસમાં ફરિયાદ

ધનબાદઃ ઝારખંડના ધનબાદ જિલ્લામાં ગુજરાતની એક કંપનીના સંચાલકો દ્વારા ફાયર બ્રિક્સના વેપારી સાથે ૮૧.૨૨ લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ગોવિંદપુર પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગોવિંદપુર પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ભારતીય ન્યાય સંહિતા (BNS ૨૦૨૩) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપીઓએ છેતરપિંડીના ઈરાદે જાણીજોઈને નાણાં હડપ કરી લીધા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. હાલ પોલીસ આ ટોળકી વિરુદ્ધ આગળની તપાસ ચલાવી રહી છે.

## લખપત તાલુકાના સર્વાંગી વિકાસ માટે સહિયારા પ્રયાસો જરૂરી : પી.એમ. જાડેજા





**દયાપર, કોરા પાસે પુલનું કામ, બૈયાવા - પ્રાન્ધ્રો રોડનું અને મોટા પુલનું કામ, કનોજ પાસે મેજર (બ્રિજ)નું ખાતમુહૂર્ત થયું : મહાનુભાવો ઉપસ્થિત રહ્યા**



નખત્રાણા - કચ્છઉદય : પાકિસ્તાનને અડીને આવેલા સરહદી લખપત તાલુકામાં સર્વાંગી વિકાસનો સૂર્યોદય મધ્યાહને રહ્યો છે, તેમ જણાવતા અબડાસાના ધારાસભ્ય પી.એમ. જાડેજાએ દયાપર - શિવ મંદિર કોરા પાસે ૫૦ લાખના ખર્ચે થનાર પુલનું કામ તથા બૈયાવા - પાન્ધ્રો રોડનું રૂા. ૩૨૦ લાખના ખર્ચે નિર્માણ થનાર કામ ઉપરાંત લખપત - કોટેશ્વર રાજમાર્ગ કનોજ પાસે રૂા. ૧૪૦૭ લાખના ખર્ચે નિર્માણ થનાર મેજર બ્રિજના મોટા પુલનું કામની આધારશીલા મુકવાનું કાર્ય હતું. ઉપરાંત આજે લખપતના ગામડાઓમાં વિકાસનો પવન ફુંકાયો છે. ભૂકંપ બાદ સીમાવર્તી ગામડા ખાલી થતાં હતા, તેના પાછળ રસ્તા, બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય જેવી સમસ્યા હતી. આજે લખપતના ગામડાઓમાં માનવ વસ્તીથી પુનઃ ધબકયા છે. રાજ્ય - કેન્દ્ર સરકારે શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા, વીજળી સહિતની સુવિધાઓ માટે કરોડોની વિકાસલક્ષી ગ્રાન્ટો ફાળવી રહી છે. દરેક ગામડાઓના સર્વાંગી વિકાસ માટે સહિયારા પ્રયાસો જરૂરી છે તેમ જણાવી ધારાસભ્ય આગામી સમયમાં પ્રવાસન - ઔધોગિક સરહદી લખપત તાલુકો વિકાસ તરફ ડગ માંડશે. તાલુકા ભાજપના પ્રમુખ ગણપતભાઈ રાજગોરે કહ્યું કે, આપણા લોકપ્રિય ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ છેલ્લા ૬ વર્ષમાં લખપત તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત દોડતા રહ્યા છે. રાજ્ય - કેન્દ્ર સરકાર પાસે વિવિધ વિકાસકામોની માતબર ગ્રાન્ટો ફાળવીને તાલુકાને ટોપ પર પહોંચાડ્યો છે. વિકાસની ખુટતી કડીઓ પણ તાકીદે સંધાશે. આ પ્રસંગે કનોજ ગામે નારાયણસરોવર જાગીર અધ્યક્ષા સોનલ લાલજી મહારાજે આશિર્વચન આપ્યા હતા. જેતમલજી જાડેજા, નીતિનભાઈ પટેલ, જસુભા જાડેજા, રાજુભાઈ સરદાર, અશોકભાઈ સોલંકી, કુલદીપસિંહ ચાવડા, જયંતીભાઈ, પ્રફુલ્લભાઈ સોની, નિલેશ જોષી, હિતેશભાઈ ઠક્કર, દિનેશ રૂપાણી, ભચુભા સોઢા, જયંતી ભામી, જાડેજા મંગાજી, હસમુખભાઈ પટેલ, વિક્રમસિંહ સોઢા, જેવાજી મારાજ, સાતુભા જાડેજા, વિભાજી જાડેજા, દેવુભા જાડેજા, પ્રતાપસિંહ જાડેજા, સુરૂભા જાડેજા, લાલજીભા જાડેજા, લાલુભા જાડેજા, અજીતસિંહ સોઢા, ખાનજી જાડેજા, હાજી હમધાન, સાજના પડેયાર, રામજીભાઈ ગોરડિયા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન કુલદિપસિંહ ચાવડાએ અને આભારવિધિ નીતિનભાઈ પટેલે કરી હતી.


## પ્રાર્થનાસભા



વિધિની કરૂણતા... મધ્યાને સૂર્યાસ્ત થયો... આપની અણધારી વિદાયથી અમોને ખુબજ દુઃખ થયેલ છે. પ્રભુ આપની પવિત્ર અને દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે અને પરિવારને વજ્રઘાત સહન કરવાની માઁ ભગવતી આશાપુરા માતાજી શકિત આપે તેવી પ્રાર્થના....

**સ્વ. દિપેશ મીનાક્ષીબેન ભટ્ટ**
(ટ્રસ્ટી, શ્રી આશાપુરા નવરાત્રી મંડળ) ઉ.વ. ૪૧, સ્વ.તા. ૫/૩/૨૬, આદિપુર

**સદ્‌ગતની પ્રાર્થનાસભા**
તા. ૦૭-૦૩-૨૦૨૬, શનિવાર - સાંજે ૫:૩૦ થી ૬:૩૦
સ્થળ : શ્રી આશાપુરા મા મંદિર
રેલ્વે જનતા કોલોની, વોર્ડ ૨બી, આદિપુર

::: શોકમગ્ન :::
- પ્રમુખ-મોમાયાભા ગઢવી
- ઉપપ્રમુખ- યોગેશ ઠક્કર
- મહામંત્રી- પ્રફુલચંદ્ર સોની
- મંત્રી- તુલસી ગુપ્તા
- ખજાનચી- હરીશ જોશી
- ટ્રસ્ટી- ગુલાબ ખારવા, અશ્વિન નકુમ

શ્રી આશાપુરા નવરાત્રી મંડળ (૨બી પરિવાર)


## છેલ્લા પાનાનું ચાલુ..

### વિશ્વકપ ફાઈનલ

પર ભારતનો પક્ષ મજબૂત છે, જ્યારે ન્યૂઝીલેન્ડને અંડરડોગ માનવામાં આવી રહ્યું છે, જેના કારણે કિવિઝ ટીમ પર દાવ લગાવનારને ઊંચા વળતરની લાલચ આપવામાં આવી રહી છે. મેચના વિશ્લેષણ પર નજર કરીએ તો ભારતીય ટીમ તરફથી ઈશાન કિશન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ સૌથી વધુ રન બનાવશે તેવી ધારણા સાથે તેમના પર મોટો દાવ લાગી રહ્યો છે. બોલિંગ વિભાગમાં જસપ્રીત બુમરાહની ઘાતક યોર્કર અને વરુણ ચક્રવર્તીની સ્પિન જાળ આંતરરાષ્ટ્રીય બજારમાં સૌથી વધુ ડિમાન્ડમાં છે.

સામી પક્ષે ન્યૂઝીલેન્ડની ટીમમાં ફિન એલન જેવા આક્રમક બેટ્સમેન ભારત માટે પડકાર ઊભો કરી શકે છે. પિચ રિપોર્ટ મુજબ અમદાવાદની વિકેટ બેટિંગ માટે સાનુકૂળ જણાય છે, જેને જોતા પ્રથમ ઈનિંગ્સમાં ૧૮૦થી વધુનો સ્કોર થવાની પૂરી શક્યતા છે. ઘરઆંગણે રમી રહેલી ભારતીય ટીમને સ્ટેડિયમમાં હાજર રહેનારા એક લાખથી વધુ પ્રેક્ષકોનો જોરદાર સપોર્ટ મળશે, જે મેચના પરિણામમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

આ મહાકુંભની વિગતો મુજબ, સાંજે ૬:૩૦ કલાકે ટોસ ઉછાળવામાં આવશે અને રાત્રે ૭ વાગ્યે મેચનો પ્રારંભ થશે. એક તરફ સુરક્ષા એજન્સીઓ સટ્ટાખોરો પર નજર રાખી રહી છે, તો બીજી તરફ ક્રિકેટના ચાહકો ભારત ફરી એકવાર વિશ્વ વિજેતા બને તેવી પ્રાર્થના કરી રહ્યા છે. કચ્છના અંજાર, ગાંધીધામ અને ભુજ જેવા શહેરોમાં સટ્ટાબજારની ગતિવિધિઓ તેજ થતા પોલીસ તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે.

## ખડીર પંથકની કાયાપલટ
## ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ૧૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

**નર્મદાના નીર અને નવા માર્ગોથી વાગડ વિસ્તારમાં સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે : રાપર અને ભચાઉ પંથકના અનેક અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ**









ભચાઉ — કચ્છઉદય : રાપર વિધાનસભા મતવિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યોની શૃંખલામાં ખડીર પંથકને નવી સુવિધાઓની ભેટ મળી છે. રાપરના ધારાસભ્ય અને કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે અંદાજે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે અલગ-અલગ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ ભાવના વ્યક્ત કરી હતી કે નવા કામોથી ખડીરના વિકાસને મોટો વેગ મળી રહ્યો છે. ગણેશપરથી બાંભડકા સુધીના ૪ કિલોમીટરના માર્ગનું ૩ કરોડના ખર્ચે રી-સર્ફેસિંગ કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જ્યારે ખારોડા રોડનું ૧.૯૦ કરોડના ખર્ચે નવીનીકરણ પૂર્ણ થતાં બાંભડકા ગામ પાસે ગ્રામજનોની ઉપસ્થિતિમાં તેનું લોકાર્પણ કરાયું હતું. ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ આ તકે જણાવ્યું હતું કે આ માર્ગોના નિર્માણથી ખડીરના અમરાપર, રતનપર અને ગણેશપર ગામો હવે એકલ-બાંભડકા માર્ગ સાથે સીધા સંપર્કમાં આવશે. વિકાસના આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે રાપર અને ખડીર પંથકના જે કામો અધૂરા હતા તે હવે પૂર્ણતાના આરે છે અને નવા કાર્યો થકી આ મૂલક મહામૂલો બનવા જઈ રહ્યો છે. જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન રૂપેશભાઈ આહીરે ધારાસભ્યની સક્રિયતાને બિરદાવતા કહ્યું હતું કે ખડીરની હવે કાયાપલટ થઈ રહી છે. ભચાઉ એપીએમસીના ચેરમેન વાઘુભા જાડેજાએ પણ માર્ગો અને તળાવોના નિર્માણની સાથે નર્મદા યોજનાના આગમનને અતિ ઉપયોગી ગણાવ્યું હતું. જિલ્લા પંચાયત સભ્ય અને ખડીરના પૂર્વ સરપંચ નરેન્દ્રદાન ગઢવીએ માહિતી આપી હતી કે નર્મદા યોજના માટે ૪૫૧ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, જેનાથી ખેડૂતો બારેમાસ ખેતી કરી શકશે. જળસંચયના ક્ષેત્રે પણ મોટું કામ હાથ ધરાયું છે, જેમાં બાંભડકા, ગણેશપર, રતનપર, ગઢડા, ખારોડા, ધોળાવીરા, કલ્યાણપુર, જનાણ અને અમરપર સહિતના ગામો પાસે પાંચ કરોડના ખર્ચે નવા તળાવો બનશે અને તેને નર્મદાના પાણીથી ભરવામાં આવશે. જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન ગેલાભાઈ દાનાભાઈ ચાવડાએ પર્યટન ક્ષેત્રે આ માર્ગોની ઉપયોગીતા સમજાવી હતી, જ્યારે ભારૂડિયાના સરપંચ ઉપેન્દ્રસિંહ જાડેજાએ અમરાપરમાં નવું ફીડર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ધોળાવીરામાં કોલેજ મંજૂર થવા બદલ આનંદ વ્યક્ત કરી જૂના પારિવારિક સંબંધોની યાદ તાજી કરી હતી. આ ગરિમામય કાર્યક્રમમાં ભચાઉ તાલુકા પંચાયતના પ્રમુખ રાણુંભા જાડેજા, ઉપપ્રમુખ પરબતભાઈ ચાવડા, હમીરભાઈ આહીર, ભચાઉ તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ છાંગા અને પૂર્વ પ્રમુખ ભરતસિંહ જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રામદેવસિંહ જાડેજા, નારણભાઈ ઢીલા, કેડીસીસી બેંકના ડાયરેક્ટર ખેંગારભાઈ આહીર, ધોળાવીરા સરપંચ જીલુભા સોઢા, કલ્યાણપુર સરપંચ સામજીભાઈ એવારિયા અને જનાણના સરપંચ નવીનભાઈ દવે પણ સહભાગી થયા હતા. સમગ્ર આયોજનમાં બાંભડકાના સરપંચ મોમાયભાઈ મહારાજ, રતનપરના દશરથભાઈ આહીર, ગણેશપરના સરપંચ અરજણભાઈ આહીર, અમરાપરના મોહનભાઈ મણવર અને એપીએમસી ડાયરેક્ટર ગેમારસંગ સોઢાએ હાજરી આપી હતી. સાથે જ બહાદુરસિંહ સોઢા, બાંભડકાના પૂર્વ સરપંચ મનજીભાઈ મહારાજ, ભીમાભાઈ વરચંદ, કલ્યાણપરના પૂર્વ સરપંચ દયાળભાઈ કોલી અને એપીએમસી ડાયરેક્ટર વાલાભાઈ આહીર સહિત ખડીરના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ભીખાભાઈ મહારાજે કર્યું હતું અને મનુભાઈ મહારાજે આભાર વિધિ કરી હતી.



# પ્રોપેઈન ગેસની અછતથી મોરબીના સિરામીક ઉદ્યોગ પર સંકટના વાદળ, અસર કચ્છમાં

**યુદ્ધના કારણે ખાડી દેશોમાંથી આવતો ગેસ અને પેટ્રોલિયમનો સપ્લાય ખોરવાતા મુશ્કેલી સર્જાઈ : ગેસના સપ્લાયથી લઈ ચાઈનાકલે, વાઈટકલે પહોંચાડવા અને તૈયાર માલ નિકાસ કરવા માટે કચ્છના ટ્રાન્સપોર્ટ, ખનિજ અને બંદરોનો વ્યાપક ઉપયોગ : વૈકલ્પિક વ્યવસ્થા ન થાય તો અઠવાડિયામાં સિરામિક ઉદ્યોગ કોમામાં જવાની ભીતિએ કચ્છના રોકાણકારોમાં ચિંતા છવાઈ**

ભુજ - કચ્છઉદય : વિશ્વભરમાં પ્રખ્યાત મોરબીના સિરામિક ઉદ્યોગ પર ઈઝરાયેલ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કાળા વાદળો ઘેરાયા છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર ઈરાનના નિયંત્રણ અને જહાજો રોકવાના કારણે ખાડી દેશોમાંથી આવતો ગેસ અને પેટ્રોલિયમ સપ્લાય ખોરવાયો છે, જેના કારણે મોરબીમાં પ્રોપેન ગેસની ભારે અછત સર્જાઈ છે. જેના કારણે સિરામિક ઉદ્યોગ ૬થી ૮ દિવસમાં સંપૂર્ણ બંધ થવાની ભીતિ સેવાઈ રહી છે.મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયાએ વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, જીસીસી દેશોમાંથી આવતી ગેસ અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની સપ્લાય અત્યારે સ્થગિત થઈ ગઈ છે. ઈરાને હોર્મુઝ પોઈન્ટ પર જહાજો રોકી દીધા હોવાથી આ વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે. હાલમાં મોરબીમાં પ્રોપેન ગેસ સપ્લાય કરતી કંપનીઓ પાસે પણ ત્રણેક દિવસનો જ સ્ટોક બચ્યો હોવાનો અંદાજ છે અને તેઓ પણ વધુ સપ્લાય અંગે કોઈ ખાતરી આપી શકતા નથી. ગંભીર પરિસ્થિતિને લઈને સિરામિક એસોસિએશન દ્વારા ગુજરાત ગેસના અધિકારીઓ સાથે પણ મીટિંગ કરવામાં આવી હતી. જોકે, ગુજરાત ગેસ પાસે પણ હાલ કેટલો ગેસ ઉપલબ્ધ છે અને તેઓ કેટલા દિવસ સપ્લાય આપી શકશે તેનો કોઈ સ્પષ્ટ કે સંતોષકારક જવાબ ન હતો. જો આગામી દિવસોમાં યુદ્ધની સ્થિતિમાં સુધારો નહીં થાય અને ગેસનો સપ્લાય પૂર્વવત નહીં થાય, તો આવનારા ૮થી ૧૦ દિવસની અંદર મોરબીનો સમગ્ર સિરામિક ઉદ્યોગ સંપૂર્ણપણે બંધ કરવો પડે તેવી ગંભીર નોબત આવી શકે છે. ગેસની અછતની સાથે સાથે મોરબીના સિરામિક એક્સપોર્ટને પણ મોટો ફટકો પડ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ પ્રોપેન ગેસ ન મળવાના કારણે મોરબીમાં બે-પાંચ જેટલી સિરામિક ફેક્ટરીઓ બંધ (શટડાઉન) થઈ ગઈ હોવાના મેસેજ મળી રહ્યા છે. જો ગેસનો પ્રશ્ન જલ્દી હલ નહીં થાય તો શટડાઉન થતી ફેક્ટરીઓનો આંકડો ઝડપથી વધી શકે છે.

મહત્વનું છે કે, મોરબીનો સિરામીક ઉદ્યોગને કાચો માલ કચ્છ પુરૂ પાડે છે, કચ્છથી ચાઈનાકલે, વાઈટ કલે સહિતના ખનિજ મોરબીની ફેક્ટરીઓમાં જાય અને ટાઈલ્સ બને છે. અને બાદમાં કંડલા અને મુંદરા બંદરેથી તેની નિકાસ થાય છે. આમ મોરબીનો સિરામીક ઉદ્યોગની સીધી અને પરોક્ષ અસર કચ્છના ખનિજ વ્યવસાય, ટ્રાન્સપોર્ટ અને ઈમ્પોર્ટ, એક્ષપોર્ટ પર પડે તેવી શકયતાઓ છે. હાલમાં જે ગેસની અછત સર્જાઈ છે, તે પણ ગલ્ફ કંટ્રીમાંથી કંડલા બંદર પર આવે છે અને અહીંથી ટેન્કરો મોરબી તરફ રવાના થાય છે.

## યુદ્ધગ્રસ્ત આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને કારણે પ્લાયવુડના ભાવમાં ૧૦ ટકાનો વધારો

ગાંધીધામ - કચ્છઉદય : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે પેદા થયેલી વૈશ્વિક અનિશ્ચિતતાની સીધી અસર હવે સ્થાનિક ઉદ્યોગો પર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગો પ્રભાવિત થવાને કારણે ફ્રેટ મજૂરી, કાચો માલ અને જરૂરી રસાયણોના ખર્ચમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. પરિણામે કંડલા ટિમ્બર એસોસિએશન દ્વારા લેવાયેલા સર્વસંમતિના નિર્ણય મુજબ વલોરા પ્લાયવુડ પ્રાઈવેટ લિમિટેડ સહિતના તમામ ઉત્પાદકોએ પ્લાયવુડની કિંમતોમાં અંદાજે ૧૦ ટકા જેટલો ભાવ વધારો અમલી બનાવ્યો છે. વૈશ્વિક સપ્લાય ચેન અને લોજિસ્ટિક્સમાં પ્રવર્તી રહેલી અસ્થિરતાને જોતા આગામી સમયમાં પણ ભાવમાં હજુ વધુ વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. આથી ગ્રાહકોને દરેક નવા ઓર્ડર સમયે વર્તમાન બજાર ભાવની પુષ્ટિ કરીને જ આગળ વધવા કંપની દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે એવું હરેશભાઈ વીઘાણીની યાદીમાં જણાવ્યું છે.

## ૨૫ ટકા એક્સપોર્ટ સ્થગીત થયું

ભુજ - કચ્છઉદય : મનોજભાઈ એરવાડિયાના જણાવ્યા અનુસાર મોરબીમાંથી સિરામિક પ્રોડક્ટ્સનું ઘણું મોટું એક્સપોર્ટ જીસીસી કન્ટ્રીઝ અને ગલ્ફ દેશોમાં થાય છે. હાલ ગલ્ફની ખાડીમાં જહાજો રોકાઈ જવાના કારણે મોરબીનું ૨૦ થી ૨૫ ટકા જેટલું એક્સપોર્ટ સીધું જ સ્થગિત થઈ ગયું છે. મોરબીનું વાર્ષિક સિરામિક એક્સપોર્ટ અંદાજે ૧૬,૦૦૦થી ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનું છે, જેમાંથી હાલની પરિસ્થિતિને જોતા અંદાજે ૪૦૦થી ૫૦૦ કરોડ રૂપિયાના એક્સપોર્ટ પર સીધી અસર પડી છે અને તેને બ્રેક વાગી ગઈ છે.

## કચ્છના પેટાળમાં કુદરતી ગેસના ભંડાર, વપરાશ માટે સંશોધનને વેગ જરૂરી

ભુજ - કચ્છઉદય : કચ્છના પેટાળમાં ખનિજ ધરબાયેલું છે અને આ ખનિજની નીચે કુદરતી ગેસના ભંડાર હોવાનું સંશોધન દરમિયાન સામે આવી ચુકયું છે. લાંબા સમયથી સંશોધનો ચાલી રહ્યા છે. વૈજ્ઞાનિક સર્વેક્ષણો મુજબ કચ્છ બેસીનમાં ગેસના મોટા ભંડાર હોવાની શકયતા છે. અગાઉ ડ્રીલીગ દરમિયાન કુદરતી ગેસના જથ્થા પણ મળી આવ્યા છે. ઓએનજીસી દ્વારા દરિયા કાંઠાના વિસ્તારો એટલે કે, ઓફશોર અને જમીની વિભાગો એટલે કે, ઓનશોરમાં સર્વે કરાયો છે. ભંડાર હોવાનું સામે આવી ચુકયું છે. જો કે તેને વેપારી ધોરણે બહાર કાઢવા માટે હાલમાં પણ ટેકનિકલ કામગીરી અને ચકાસણી ચાલુ છે. ગેસનો જથ્થો કેટલો છે અને ફાયદો કઈ રીતે થશે તે દિશામાં અભ્યાસ થઈ રહ્યો છે. કચ્છના અમુક વિસ્તારોમાં શેલ ગેસ હોવાની પણ શકયતા છે. જે આવનારા સમયમાં ઉર્જાનો મોટો સ્ત્રોત બની શકે તેમ છે. દરમિયાન જાણકારોના કહેવા પ્રમાણે બન્ની વિસ્તારથી વાગડ ધોળાવીરા વિસ્તારમાં ભવિષ્યમાં સફળતા મળી શકે તેમ છે. જરૂરિયાતની પરાકાષ્ટા ઊભી થઈ છે. ત્યારે નિર્ણાયક પ્રયત્નો થાય તો ગેસ ઉત્પાદનમાં આપણે આત્મનિર્ભર બની શકીએ તેમ છે.

# ગળપાદર - મુંદરા માર્ગ ૬ માર્ગી બનવાથી કચ્છનો સર્વાંગી વિકાસને મળશે નવો વેગ

**ગાંધીધામ ચેમ્બરની અવિરત રજુઆતોને મળી ઐતિહાસિક સફળતા**

ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાતના આર્થિક ધબકાર સમાન કચ્છ જિલ્લામાં પરિવહન સુવિધાને વધુ વેગવંતી બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કંડલા અને મુંદ્રા બંદરને જોડતા વ્યૂહાત્મક રીતે અતિ મહત્વના ગણાતા નેશનલ હાઈવે-૪૧ ને હવે છ માર્ગીય બનાવવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આશરે ૭૧.૩૫ કિલોમીટર લાંબા આ હાઈવેના વિસ્તૃતિકરણ માટે ૧,૯૧૭.૨૮ કરોડ રૂપિયાના જંગી ખર્ચનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બંને બંદરો વચ્ચે થતી માલસામાનની હેરફેરને વધુ ઝડપી અને સુરક્ષિત બનાવવાનો છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રોજેક્ટ હાઈબ્રિડ એન્યુઈટી મોડ હેઠળ સાકાર કરવામાં આવશે, જેમાં ગાંધીધામ નજીકના ગળપાદરથી શરૂ કરીને મુંદ્રાના મોટી ખાખર સુધીના માર્ગનું નવીનીકરણ કરાશે. હાલમાં આ માર્ગ ચાર માર્ગીય છે, પરંતુ વધતા જતાં ભારે વાહનોના ટ્રાફિક અને લોજિસ્ટિક્સની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેને છ માર્ગીય કરવો અનિવાર્ય બન્યો હતો. આ સુધારાથી માત્ર વાહનવ્યવહારની ગતિ વધશે એટલું જ નહીં, પરંતુ ઈંધણ અને સમયની પણ મોટી બચત થશે.

માળખાગત સુવિધાઓની દ્રષ્ટિએ આ હાઈવે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. પ્રોજેક્ટ અંતર્ગત ટ્રાફિકના ભારણને હળવું કરવા માટે ૫ મોટા વ્હીકલ અંડરપાસ અને ૪ લાઈટ વ્હીકલ અંડરપાસનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, માર્ગ પર આવતા જૂના અને જર્જરિત પુલોનું સમારકામ કરવાની સાથે બે નવા મજબૂત પુલ બનાવવાનું પણ આયોજન છે. અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે હાઈવેની ડિઝાઈન સુરક્ષાના માપદંડોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે, જેનાથી સ્થાનિક મુસાફરો અને લાંબા અંતરના કન્ટેનર ચાલકોને મોટી રાહત મળશે.આ હાઈવે પ્રોજેક્ટ કચ્છના ઔદ્યોગિક હબ અને પોર્ટ આધારિત અર્થતંત્ર માટે ગેમ-ચેન્જર સાબિત થશે. મુંદ્રા અને કંડલા જેવા મોટા બંદરો પરથી દેશના અન્ય ભાગોમાં જતા કાર્ગોની અવરજવર સરળ બનતા લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો આવશે. સરકારના 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવાની દિશામાં આ એક મક્કમ ડગલું માનવામાં આવે છે. આગામી બે વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેનાથી સમગ્ર પશ્ચિમ ગુજરાતના વેપાર અને ઉદ્યોગ જગતમાં નવી ઊર્જાનો સંચાર થશે અને સ્થાનિક રોજગારીની તકોમાં પણ વધારો જોવા મળશે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | | 9 |
| 9 | | 2 | | 1 | | | | 5 |
| | | | 9 | | 7 | | 1 | |
| | 2 | | | 7 | 9 | 5 | | |
| | | 1 | | | | 2 | | |
| | | 4 | 2 | 6 | | | 9 | |
| | 4 | | 8 | | 3 | | | |
| 2 | | | | 4 | | 1 | | 7 |
| 5 | | | | | 1 | 8 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 | 6 |
| 4 | 6 | 5 | 1 | 9 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 6 | 8 | 5 | 4 | 1 | 9 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 5 | 2 | 8 |
| 8 | 1 | 6 | 7 | 5 | 2 | 9 | 4 | 3 |
| 2 | 5 | 9 | 8 | 4 | 3 | 1 | 6 | 7 |
| 5 | 4 | 7 | 3 | 2 | 8 | 6 | 9 | 1 |
| 6 | 2 | 1 | 4 | 7 | 9 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 1 | 6 | 2 | 7 | 4 |

# અવસાન નોંધ



**ઝરપરા (તા. મુંદરા)** : હાલે મંગરા સેડા દેવણાધભાઈ જખુભાઈ ગઢવી (ઉ.વ. ૬૪) (પ્રમુખ મંગરા ચારણ સમાજ) તે ભાણબાઈના પતિ, શામરાભાઈ, વિશ્રામભાઈ, દેવશ્રીબેન આસપનભાઈ ગાગિયા, માકબાઈ ડોસાભાઈ ટાપરિયાના ભાઈ, આશારિયાભાઈ, રતનભાઈ (પ્રમુખ ગૌરક્ષા સેવા ટ્રસ્ટ મુંદરા), થારૂભાઈ (ઉપસરપંચ મંગરા ગ્રામ પંચાયત) પત્રામલભાઈ, દેશાબેન વાછિયાભાઈ ગિલવાના પિતા, આશપનભાઈ નાગશીભાઈ ગાગિયા, ડોસાભાઈ સુમાર ટાપરિયાના સાળા, વાંછીયાભાઈ મૂરજીભાઈ ગિલવાના સસરા, સવરાજભાઈ વિશ્રામભાઈ સેડા, કરસનભાઈ સામરાભાઈ સેડા, કાનીયાભાઈ સામરાભાઈ સેડા (એડવોકેટ-મુંદરા), પાલુભાઈ વિશ્રમભાઈ સેડા (ગુજરાત પોલીસ), ભારમલભાઈ સામરાભાઈ સેડા (ગુજરાત પોલીસ)ના કાકા તા. ૫-૩ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન નથુવાણ વાડી, ઝરપરા ખાતે.

**આદિપુર** : મૂળ મોટી સિંધોડીના ગઢવી માંગલબેન બુધ્ધુભાઈ (મંધરિયા) (ઉ.વ. ૭૨) તે લતાબેનના માતા, સ્વ. જાદવભાઈ (બિટ્ટા)ના ભોજાઈ, મેઘરાજ, લક્ષ્મણ, લાછબાઈ, મુરીબેનના મોટી મા, સ્વ. લધાભાઈ, સ્વ. કરસનભાઈ, માલબાઈ વાલજી નાથાણી (મોટા કરોડિયા), સ્વ. ગંગાબેન ખેરાજા જામ, નાથાભાઈ, સ્વ. આત્મારામ, લખમણ, સ્વ. ધનરાજ માછાણી (મોટી સિંધોડી)ના બહેન, સ્વ. મૂરજી, સ્વ. ખેતશી, હરિ, હરધોર, હંસરાજ, સ્વ. દેવરાજ, શિવરાજ, દેવાંધ, નારાણ, રામ, સ્વ. જેઠા, આશારિયા, સ્વ. રાજીયા, ઈશ્વર, જીતુ, શિવરાજ, નરેન્દ્ર, દેવરાજના ફઈ, ડાહ્યાભાઈ, સોનબાઈ રતન બારોટ (ભુજ), દેવલબેન હરધોર સેડા, સ્વ. નાગશ્રી હરધોર ડાંઠા, વીરબાઈ વિરમ વારિયાના માસી તા. ૫-૩ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૬ અને ૭-૩ના, ઉત્તરક્રિયા (પાણી) તા. ૧૬-૩ના સોમવારે સવારે ૧૧ વાગ્યે નિવાસસ્થાન ઘર નં. ૫૦, સીડીએક્સ/બી, પાંચવાળી, વોર્ડ ૧/એ, આદિપુર ખાતે.

**મોટી નાગલપર (તા. અંજાર)** : મિસ્ત્રી (ક.ગુ.ક્ષ.) નાનાલાલ અમરશીભાઈ રાઠોડ (ઉ.વ. ૬૭) તે સ્વ. કાંતાબેન અમરશી મનજીના પુત્ર, હંસાબેનના પતિ, જુહિતા, નીરજ, વિજયના પિતા, માધવીબેન અને ભક્તિબેન, જિજ્ઞેશકુમાર બલરામભાઈ રાઠોડ (મોમાઈ મારબલ)ના સસરા, સ્વ. કિશોરભાઈના ભાઈ, ગં.સ્વ. ક્રિષ્નાબેનના દિયર, સુમિતભાઈ, વિરેનના કાકા, જિયા, રીવા, ક્રિવના દાદા, ભાગ્ય, ધ્યાનીના નાના, સ્વ. મનોરમા પ્રાગજીભાઈ પરસોત્તમભાઈ ચૌહાણ (કુકમા)ના જમાઈ તા. ૫-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૩ના શનિવારે સાંજે ૫થી ૬ હાટકેશ્વર મંદિર, મેઈન બજાર, મોટી નાગલપર (અંજાર) ખાતે. લૌકિક વ્યવહાર નિવાસસ્થાન મિથિલાનગરી ખાતે.

**ભુજ** : ચાવડા વલીમામદ (ઉ.વ. ૪૯) તે આમદના પુત્ર, મમણ સલીમ સાલેમામદના સાળા તા. ૫-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૭-૩ના શનિવારે અસર નમાજ બાદ સાંજે ૬ વાગ્યે ચાકીવાળી મસ્જિદ, ભીડ નાકા બહાર, ભુજ ખાતે.

**ભુજ** : જોગી જીવા કરશન (ઉ.વ. ૭૫) તે લક્ષ્મીબેનના પતિ, પારૂબેન, ભરતભાઈ, દીપકભાઈ, પ્રભાબેનના પિતા, કલ્પેશ, મીત, અનિલના દાદા, વાલજીભાઈ, દામજીભાઈ, વિનોદભાઈના કાકા તા. ૨૫-૨ના અવસાન પામ્યા છે. તા. ૮-૩ના સવારે બારસ અને રાત્રે સંતવાણી.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ઘડુલી (તા. લખપત)ના શ્રીમળી બ્રાહ્મણ રૂદ્ર ઓઝા (ઉ.વ. ૧૪) તે કલ્પના ચેતન અભેવનના પુત્ર, વિક્રમભાઈ, સવાઈભાઈ, મધુબેન, ચેતનાબેન, પ્રેમિલાબેનના ભત્રીજા, હિતેષ, હેત, નીતા, રેખા, બિનલ, ભાવિકા, શુભમના નાના ભાઈ, શિવમ, શિયાના કાકા તા. ૪-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૩ના સાંજે ૫થી ૬ સોરઠિયા સમાજવાડી, ગાયત્રી મંદિરની બાજુમાં, માધાપર ખાતે.

**મદનપુરા (તા. માંડવી)** : જવેરબેન મોહનલાલ રામજિયાણી (ઉ.વ. ૬૮) તે મોહનલાલ રતનશી રામજિયાણીના પત્ની, ગં.સ્વ. મુળબાઈ રતનશી રામજિયાણીના પુત્રવધૂ, સ્વ. લક્ષ્મીબેન કચરા રામાણી (બિદડા)ના પુત્રી, ઉષા ગોરાણી, પ્રિયા છાભૈયા, અરુણભાઈ, અલ્પા પોકાર, હરેશભાઈના માતા, તેજલબેન, રિંકલબેન, વિનોદભાઈ, દીપકભાઈ, તેજસભાઈના સાસુ, હિત, પરમ, જયમ, પરસીના દાદી, દિશા, રાજ, ધૈર્ય, જેનીલ, પંથી, તીર્થના નાની, મગનભાઈ, નવીનભાઈ, વેલુબેન અમૃતલાલ વેલાણીના ભાભી, મણિબેન, રસીલાબેનના જેઠાણી, વિજયભાઈ, જિતેન્દ્રભાઈ, અમુલભાઈ, વિપુલભાઈ, વિઠ્ઠલભાઈ, પ્રિયાબેન, દક્ષાબેનના મોટામા, પ્રેમિલાબેન, મનીષાબેન, અસ્મિતાબેન, અંજનાબેન, મિત્તલબેન, નીતિનભાઈ, જિજ્ઞેશભાઈના મોટા સાસુ તા. ૩-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૩ના રવિવારે સવારે ૯થી ૧૧ અને બપોરે ૩થી ૫ મદનપુરા (માંડવી) ખાતે.

**માંડવી** : મૂળ ભુવડ (તા. અંજાર)ના અ.સૌ. ભારતબા (ઉ.વ. ૬૨) તે રાઠોડ મનુભા રતનજીના પત્ની, બાલુભા, ભારતબા નાનુભા જાડેજા, પામબા મુરૂભા સોઢાના ભાભી, રંજનબાના જેઠાણી, નવલસંગ હમીરજી જાડેજા ઈશ્વરીયાના પુત્રી, ગુમાનસિંહ, જુવાનસિંહ, છોટુભા, બાપલબા હેમુભા ગોહિલ (ચંદિયા)ના બહેન, રણજિતસિંહ (હોમગાર્ડ સભ્ય), સુરેન્દ્રસિંહ, કૈલાશબા અરવિંદસિંહ જાડેજા, જયશ્રીબા પંકજસિંહ જાડેજાના માતા, દિવ્યરાજસિંહ, જીતરાજસિંહ, શિવપાલસિંહ, અનીશીબાના દાદી, જિજ્ઞાબા, પૂજાબા, ક્રિષ્નાબા, જ્યોતિબા, નંદિનીબા, રિધ્ધીબાના મોટાબા, રૂચિતાબા, પ્રિશાબા, દિત્યાબા, શૌર્યરાજસિંહ, દક્ષરાજસિંહ, દેવમરાજસિંહ, નિર્ભયસિંહ, ભાગ્યરાજસિંહના નાની તા. ૫-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૩ના સાંજે ૪થી ૫ સત્સંગ આશ્રમ, નાના તળાવ પાસે, માંડવી ખાતે.

**પુનડી (તા. માંડવી)** : મૂળ રામપર વેકરાના ખલીફા રૂબીના આમદ (ઉ.વ. ૩૫) તે ખલીફા આમદ આધમ (હબાય)ના પત્ની, ઉમર મામદના પુત્રી, ઈમરાન ઉમરના બહેન, ડાડા બાપા (થરાવડા હાલે (ભુજ)ના દોહિત્રી, દાઉદ, મ. આમદ, જાકુબ, લતીફ, રહેમતુલ્લાહ, હનીફભાઈના ભાણેજી, મ. અલીમામદ, મ. ઈભલા, મ. હારૂન, મ. રમજુના ભત્રીજી, મ. કાસમ અબ્દુલા (ભુવડ હાલે ભુજ), સલીમ રમજાન (કુંદરોડી), ઈમરાન સુલેમાન (જામનગર હાલે માંડવી સલાયા)ના સાળી તા. ૪-૩ના અવસાન પામ્યા છે. વાયઝ - જિયારત તા. ૭-૩ના શનિવારે અસર નમાજ બાદ મુસ્લિમ જમાતખાના, પુનડી ખાતે.

**પત્રી (તા. મુંદરા)** : હાલે મુલુંડ (મુંબઈ) ગાંગજી લક્ષ્મીદાસ વીંછી (ઉ.વ. ૭૩) તે જયવંતીબેનના પતિ, સ્વ. ભાનુમતીબેન લક્ષ્મીદાસ વીંછીના પુત્ર, તારાવંતી તુલસીદાસ લિયાના જમાઈ, કરણના પિતા, પૂજાના સસરા, સ્વ. વૃજલાલ, સુંદરજી, સ્વ. હરિલાલ, મોહનલાલ, સ્વ. હંસરાજ, જ્યોતિ જમનાદાસ છાટબારના ભાઈ, સ્વ. વેલુબેન, સ્વ. નર્મદાબેનના દિયર, રંજનબેનના જેઠ, પરેશ, ભાવેશ, લતાના બનેવી તા. ૫-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૩ના શનિવારે સાંજે ૪થી ૫ પત્રી સમાજવાડી, વથાણ ચોક ખાતે. (લૌકિક વ્યવહાર તથા દશાવ પ્રથા બંધ છે).

**ગોધિયાર મોટી (તા. નખત્રાણા)** : સોદરાબેન પ્રેમજી સુથાર હિરાણી (ઉ.વ. ૯૦) તે પૂનમચંદજી, પ્રવીણજી, કુપજી, પ્રભુલાલજી, રમેશજીના માતા, સ્વ. હરચંદજી, સ્વ. ભુરજી, પ્રવીણજી, નવીનજી, અજિતજી, મહિપતજી, જીવરાજજી, મહેશજી, લક્ષ્મણજીના કાકી, ગિરીશ, મયૂર, વિપુલ, દીપક, નીલેશ કાંતિલાલ, શૈલેષ, મુકેશ, જગદીશ, જીતુ, આદિત્ય, રાજુ, કુલદીપ, હરીશ, હિંમત, લીલેશ, મેહુલ, દોલત, દીપક, મહાવીર, અંકિત, સાગર, નીતિન, રાણાજી, કમલેશ, છગન, જીતુના દાદી તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. સાદડી તથા ધાર્મિકક્રિયા તા. ૭-૩ના શનિવારે સાંજે આગરી અને તા. ૮-૩ના રવિવારે સવારે પાણીઢોળ નિવાસસ્થાન ગોંધીયાર મોટી ખાતે.

**વિરાણી મોટી (તા. નખત્રાણા)** : જોગી મંગલ નારણ (ઉ.વ. ૪૫) તે સ્વ. નારણ વાલજી તથા સ્વ. ડાઈબાઈના પુત્ર, સ્વ. વાલજી ભીમજી તથા સ્વ. સોનબાઈના પુત્ર, સ્વ. લક્ષ્મીબેનના પતિ, ઈશ્વરના પિતા, ચંદુલાલ, રવજી, કિશોરના ભાઈ, દેવજી, વેલજી, હરિલાલ, બુધુલાલ, સ્વ. રતનબેન વેલજી, વાલબેન મૂળજી સોઢા (ટોડિયા), ભાગુબેન જેન્તીલાલ (નખત્રાણા)ના ભત્રીજા, ધનજી, સ્વ. ભરત, રમેશ, ગોવિંદ, નાનબાઈ પરસોત્તમ (સિયોત), વિમળાબેન રાણા (સુખપર રોહા), લક્ષ્મીબેન કરમશી (જડોદર)ના કાકાઈ ભાઈ, આશારિયા જેઠા (હાલાપર)ના જમાઈ તા. ૨૫-૨ના અવસાન પામ્યા છે. આગરી તા. ૭-૩ના અને ઘડાઢોળ (પાણી) તા. ૮-૩ના નિવાસસ્થાને જાગરિયાવાસ, જી.એમ.ડી.સી. હાઈસ્કૂલની બાજુમાં.

**આશાપર (તા. લખપત)** : પદુબા અજુભા સોઢા (ઉ.વ. ૩૭) તે અજુભા શંભુસિંહના પત્ની, સ્વ. શંભુસિંહ નાથુસિંહના પુત્રવધૂ, સુરતાજી, ભીખાજી, જશુભા, મંગલસિંહના નાના ભાઈના પત્ની, ભૂપતસિંહ, રાજેન્દ્રસિંહ, મિથુનસિંહ, રવિરાજસિંહ, વિપુલસિંહ, નરપતસિંહ, ભગીરથસિંહ, કનકસિંહના કાકી, જાડેજા ગજુભા દુજાજીના પુત્રી, ખુમાનસિંહ, શંકરસિંહ, અરવિંદસિંહ (ગુનેરી)ના બહેન તા. ૨-૩ના અવસાન પામ્યા છે. દશાવો તા. ૮-૩ના તથા ઉત્તરક્રિયા (બારસ વિધિ) તા. ૯-૩ના નિવાસસ્થાન આશાપર ખાતે.

**પાનધ્રો (તા. લખપત)** : નોડે અમ્માબાઈ (ઉ.વ. ૬૫) તે હાજીહસન મુસાના પત્ની, અદ્રેમાનના માતા, રમજાન ઓસમાણ, મ. આદમ (નખત્રાણા)ના બહેન, આરબ મુસા, અલીમામદ, સુલેમાનના ભાભી, ઓસમાણ મુબારક, જુમ્મા ફકીરમામદ (પાનેલી)ના સાસુ, આરીફ, આસીફના દાદી, મુસ્તાક કરીમ, સાજીદ, ફિરોજ, રિયાઝનાં નાની તા. ૬-૩ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૮-૩ના રવિવારે અસર નમાજ બાદ સાંજે ૬ વાગ્યે જામા મસ્જિદ, પાનધ્રો ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન મોટા લાયજાના માણેકલાલ આણંદજી ગાલા (ઉં. વ. ૮૧) તા. ૫-૩ના અરિહંતશરણ પામ્યા છે. દેવકુંવરબેન આણંદજીના પુત્ર. કાંતાબેનના પતિ. નિખીલ, તૃપ્તી, મીતાના પિતા. ઈન્દ્રજીત, વિનોદ, હર્ષદ, બિદડાના પ્રતિભા કાંતિલાલ, નવીનારના કલ્પના મુલચંદ, મોખાના વાસંતી વસંત, કાંડાગરાના પ્રવિણા નિતીનના મોટા ભાઈ. તુંબડીના મણીબેન રવજી લધાભાઈ સાવલાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૪ થી ૫:૩૦.

ડુમરાના તારાબેન રમેશચંદ્ર કારાણી (ઉં. વ. ૭૫) વડોદરા મુકામે તા. ૧-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. રમેશચંદ્રના પત્ની. સ્વ. લક્ષ્મીબેન દામજી મુરજી કારાણીના પુત્રવધૂ. ડુમરાના રતનબેન ગોવિંદજી ચાંપશી ગડાના પુત્રી. પ્રીતી, વૈશાલીના માતા. નરેડી પદમણી પ્રેમચંદ ગાલા, ખુશાલ, મોહન, અમૃતના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ તારા રમેશ કારાણી, ૩૦૩, અંબિકા એપાર્ટમેન્ટ, શંકર ટેકરી, ડાંડીયા બજાર, વડોદરા - ૩૯૦૦૦૧.

મોથારાના રમેશ દામજી સાવલા (ઉં. વ. ૭૨) તા. ૪-૩ના અવસાન પામેલ છે. દેવકાંબેન દામજીના પુત્ર. ભારતીબેનના પતિ. દીપક, રાજુલના પિતા. રમણીક, ચંદ્રકાંત, જયંતી, નરેન્દ્રના ભાઈ. પદ્માબેન માલશી ગડાના જમાઈ. પ્રાર્થના શ્રી વર્ધ. સ્થા. જૈ.શ્રા. સં.સં. કરશન લઘુ નિશર હોલ, દાદર (વે). ૨થી ૩:૩૦.

# કચ્છ કચ્છનોંધ

**કલાવૃંદ કલબ**

● કલાવૃંદ કલબ તથા કરાઓકે ધી મ્યુઝિકલ જર્નીના ઉપક્રમે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે તા. ૮-૩ના સંગીતનો કાર્યક્રમ ૫.૩૦ થી ૭.૩૦ સુધી પ્રમુખ અશોકભાઈ માંડલિયાના નિવાસસ્થાને ૧૦૧, એ, સંતોષ ટાવર હોસ્પિટલ રોડ, ભુજ ઈંગ્લિશ સ્કુલ પાસે, તન્ના લેબોરેટરીની ઉપર, ભુજ ખાતે.

# ગાંધીધામમાં જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન દ્વારા શપથવિધિ સમારોહ યોજાયો




ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના ટાગોર રોડ પર આવેલી હોટલ મધુબન ખાતે જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩-બી, યુનિટ-૧૦ દ્વારા વર્ષ ૨૦૨૬ના હોદ્દેદારો માટે ભવ્ય શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિટ ડાયરેક્ટર અને ઈન્સ્ટોલેશન ઓફિસર ઈશાની પી. ગોસ્વામી દ્વારા નવનિયુક્ત હોદ્દેદારોને શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ સપ્ત ગ્રહણ સમારોહમાં ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડ, ત્રણ બી ફેડરેશન પ્રમુખ ડો. મધુકાંત આચાર્ય, યોગેશ ત્રિવેદી, મીનાબેન વાઘમશી, શોભના વ્યાસ સહિતના મહાનુભવો મંચસ્થ રહ્યા હતા. ફેડરેશનના પ્રમુખ તરીકે સુનિલભાઈ બજાજ, મંત્રી ઓમપ્રકાશ સરીયાલા, ઉપપ્રમુખ દીપક બજાજ અને પવન જૈન, ખજાનચી રાકેશ ઠાકુર, એસ એમ ઓ કેવડારામ પટેલ ,સભ્યો અને ડાયરેકટરો અને સભ્યો શપથ લેવડાવવામાં આવી હતી. ફેડરેશનના ઉપસ્થિત પ્રમુખને તલવાર અને અન્ય સભ્યોને પ્રસંગોચિત ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ફેડરેશનના મંત્રી પ્રદીપ જોશી અધ્યક્ષ હેમંત ઠક્કર ઉપરાંત કાર્યક્રમમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીધામ,અને સોશ્યલ મિડીયાના યોગેશ મહેતા, સખી અને સહેલીના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ગરિમાપૂર્ણ સમારોહમાં સંસ્થાના સેવાકીય લક્ષ્યોને વેગ આપવા અને નવા વર્ષના સંકલ્પો સાથે સામાજિક ઉત્થાનની કામગીરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ મંત્રી ઓમપ્રકાશ સરીયાલાએ કરી હતી.તેવુ જાયન્ટસના મિડીયા ઇન્ચાર્જ અશોક મિતલની યાદીમાં જણાવાયું છે.




ગાંધીધામ મહાનગરપાલિકા અને પ્રેરણા ફાઉન્ડેશન ના સહકારથી આદિપુર ઝંડા ચોક ખાતે સંસ્કૃતિ કાર્યક્રમ, સ્વચ્છતા રેલી નું આયોજન કરેલ







અંજાર શહેર અને તાલુકાની પ્રથમ અને જિલ્લાની બીજા નંબરની ઐતિહાસિક ધરોહર સમાન શેઠ ધર્મસિંહ વલ્લભદાસ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા અંજારના ૯૦ માં વર્ષમાં પ્રવેશ કરતા તેની ઉજવણીના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ વાલીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ શ્રેષ્ઠિઓ શ્રેષ્ઠ અને વિશાળ શાળાના પ્રાંગણમાં હારમોની સંસ્થા અંજારના શ્રેષ્ઠિઓના વરદ હસ્તે મા સરસ્વતીની મૂર્તિની સ્થાપના કર્યા બાદ અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ગૌરવભેર ઉજવાયો.

## રત્નકણિકા

**જીવનનું સાચું સુખ બીજાને સુખી કરવામાં છે, બીજાને લુંટવામાં નહીં.- સુભાષિત**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૭, પા. મહેર-૧૩૯૫, મુ. રમજાન-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ફાગણ વદ-૪, તા.૭ માર્ચ ૨૦૨૬, શનિવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૧૭, ચિત્રા નક્ષત્ર, ધ્રુવ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૧૦, સૂ.અ.૬:૫૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.

**વૃષભ** : પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.

**મિથુન** : તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.

**કર્ક** : આવેલ તકનો સદ્ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.

**સિંહ** : આર્થિક પ્રશ્નોનો ઉકેલ આણી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.

**કન્યા** : મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય.

**તુલા** : ધીરજ રાખવી હિતાવહ. સંતાનવર્ગથી લાભ થાય.

**વૃશ્ચિક** : નવું નાણાંકીય રોકાણ ન કરવું. જીવનસાથીથી લાભ રહે.

**ધન** : કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

**મકર** : તમારા પ્રયત્નો દિપી ઉઠે, સામાજિક કાર્યમાં સફળતા મળે.

**કુંભ** : પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.

**મીન** : મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. મનની મૂંઝવણ દૂર થાય.

# મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિને પગલે શીપીંગ ચાર્જમાં વધારો: ગાંધીધામ ચેમ્બર દ્વારા કાનૂની લડતની તૈયારી



ગાંધીધામ - કચ્છઉદય : મિડલ ઈસ્ટમાં ઉભી થયેલી યુદ્ધ સમાન પરિસ્થિતિના કારણે વૈશ્વિક સમુદ્રી વેપારમાં ગંભીર અસ્થિરતા સર્જાઈ છે, જેની સીધી અસર કચ્છના કંડલા અને મુન્દ્રા પોર્ટના વેપાર પર પડી રહી છે. શીપીંગ લાઈન્સ દ્વારા ફ્રેઈટ અને અન્ય ચાર્જિસમાં અચાનક દસ ગણો વધારો કરવામાં આવતા આયાત-નિકાસકારોમાં ભારે ચિંતા વ્યાપી છે. આ ગંભીર મુદ્દે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું કે અચાનક વધારાયેલા અસહ્ય ચાર્જિસમાં શીપીંગ લાઈન્સે તાત્કાલિક રાહત આપવી જોઈએ. ચેમ્બરના ઉપપ્રમુખ દીપક પારેખે સ્વાગત સંબોધનમાં ઉમેર્યું કે વર્તમાન અનિશ્ચિતતામાં ટ્રેડના તમામ હિતધારકો વચ્ચે સંકલન અને સંવાદ જરૂરી છે.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ નિવેદન આપ્યું કે વધારાના વોર રિસ્ક પ્રીમિયમ અને ડિટેન્શન ચાર્જને કારણે ટ્રેડ માટે ગંભીર આર્થિક સંકટ ઊભું થયું છે. આંતરરાષ્ટ્રીય મેરિન કાયદાના નિષ્ણાત એડવોકેટ સુકુમાર મહેશ તીર્થાણીએ માર્ગદર્શન આપ્યું કે જે કન્સાઈનમેન્ટ અગાઉથી બુક થયેલા છે તેના પર પાછલા દિવસથી વધારાના સરચાર્જ વસૂલવા તે ન્યાયસંગત નથી. ઓલ ઈન્ડીયા રાઈસ એસોસીએશનના ઉપપ્રમુખ વિક્રાંત અગ્રવાલ અને કારોબારી સભ્ય નરેન્દ્ર રામાણીએ ભાર પૂર્વક માંગ કરી કે યુદ્ધજન્ય પરિસ્થિતિમાં કન્ટેનર સમયસર રિટર્ન ન થઈ શકે તો ડિટેન્શન વસૂલવું યોગ્ય નથી.

આ બેઠકમાં ખજાનચી કૈલેશ ગોર, માનદ સંયુક્ત મંત્રી જતિન અગ્રવાલ, શીપીંગ અગ્રણી મનોજ મનસુખાણી, શરદ શેટ્ટી, જીતુ ભાવનાની, સંજય નાથાણી, ઋષિરાજસિંહ ચુડાસમા, પંકજ ટીકિયાની, દામા વિજય, મયુર જેઠવાની, હાર્દિક ઠક્કર, પરેશ પ્રજાપતિ, પરવેઝ, દાદ ગુપ્તા, ભરત મોટવાણી, હિતેશ તાહિલિયાની, મનોજ લખવાની, રામ ઠક્કર, પ્રકાશ મોતિયાની, પી. વેણુગોપાલ, વિશાલ ઠક્કર, સાહિલ તાહિલિયાની, મિત્તલ બુચ અને આશિષ લાલકા સહિતના અગ્રણીઓએ પણ વેપાર બચાવવાના અભિયાનને સમર્થન જાહેર કર્યું હતું.

# અખાતી દેશોના મહાયુદ્ધની આડઅસર : કચ્છના પર્યાવરણ અને દરિયાઈ જીવસૃષ્ટિ પર તોળાતું સંકટ

ભુજ - કચ્છઉદય : વર્તમાન સમયમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વણસેલી યુદ્ધની સ્થિતિ તેમજ પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે પ્રવર્તતા તણાવની સીધી અસર હવે ભૌગોલિક રીતે નજીક ગણાતા કચ્છ અને ગુજરાતના સરહદી વિસ્તારો પર વર્તાવાની ભીતિ સેવાઈ રહી છે. અખાતી દેશોમાં થઈ રહેલા સતત મિસાઈલ હુમલા અને વિસ્ફોટોને કારણે વાતાવરણમાં ભળતા ઝેરી વાયુઓ પશ્ચિમી પવનોના પ્રવાહ સાથે કચ્છના આકાશ સુધી પહોંચી રહ્યા છે, જે ભવિષ્યમાં પર્યાવરણીય હોનારત નોતરી શકે છે. નિષ્ણાતોના મતે યુદ્ધના મેદાનમાં વપરાતા વિસ્ફોટકો અને તેલના કુવાઓમાં લાગતી ભીષણ આગને કારણે પ્રચંડ માત્રામાં 'બ્લેક કાર્બન' અને ગ્રીનહાઉસ વાયુઓ મુક્ત થાય છે. આ પ્રદૂષિત કણો સૂર્યની ગરમીને શોષવાની ક્ષમતા ધરાવતા હોવાથી કચ્છના સરેરાશ તાપમાનમાં અસામાન્ય વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે. પવનોની દિશા જો પશ્ચિમ તરફની રહે તો આ ઝેરી રજકણો સ્થાનિક આબોહવાને ગંભીર રીતે પ્રદૂષિત કરી શકે છે. માત્ર વાયુમંડળ જ નહીં, પરંતુ કચ્છનો સંવેદનશીલ અખાત અને દરિયાઈ પટ્ટો પણ આ યુદ્ધની અસરોથી બાકાત નથી.

સમુદ્રમાં થતા વિસ્ફોટો અને નૌકાદળની વધતી સક્રિયતાને કારણે સર્જાતો પ્રચંડ ઘોંઘાટ વ્હેલ અને ડોલ્ફિન જેવા દરિયાઈ સસ્તન જીવોની કુદરતી 'સોનાર સિસ્ટમ'ને નુકસાન પહોંચાડી રહ્યો છે. આ ઉપરાંત, દારૂગોળામાં વપરાતા સીસા અને પારો જેવી ભારે ધાતુઓ સમુદ્રના પાણીમાં ભળવાથી માછલીઓના સંવર્ધન કેન્દ્રો પર વિપરીત અસર પડી રહી છે, જેની સીધી આર્થિક ફટકો સ્થાનિક મત્સ્ય ઉદ્યોગને પડી શકે છે. કચ્છ જે વિદેશી પક્ષીઓ માટે શિયાળુ આશ્રયસ્થાન ગણાય છે, ત્યાં પણ હવે પક્ષીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મધ્ય એશિયાથી આવતા યાયાવર પક્ષીઓનો પરંપરાગત માર્ગ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાંથી પસાર થતો હોવાથી તેમના સ્થળાંતરમાં અવરોધો ઊભા થયા છે. તે સાથે જ, વાતાવરણમાં વધતી એસિડિક માત્રા અને ખારાશને લીધે દરિયાકાંઠાના રક્ષક ગણાતા ચેરના જંગલોનો વિકાસ રૂંધાઈ રહ્યો હોવાનું અનુમાન છે. પર્યાવરણને કોઈ સીમાઓ નડતી નથી, ત્યારે પશ્ચિમ એશિયામાં થતા આ રાસાયણિક અને ભૌતિક ફેરફારો લાંબા ગાળે કચ્છના રણ અને દરિયાકાંઠાની જીવસૃષ્ટિને કાયમી નુકસાન પહોંચાડે તે પૂર્વે વહીવટી સ્તરે સજ્જ થઈ 'ડેમેજ કંટ્રોલ'ની કામગીરી શરૂ કરવી અનિવાર્ય બની છે.

# ઉનાળામાં પાણીજન્ય રોગચાળો અટકાવવા અબડાસા આરોગ્ય તંત્ર એક્શન મોડમાં : બરફના કારખાનાઓનું સઘન ચેકિંગ

**જખૌ અને લાલા ગામના બરફના પ્લાન્ટ્સની તપાસ : પીવાના પાણીના ૧૦ સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા**



નલિયા : ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થતાં જ બજારમાં બરફનો વપરાશ નોંધપાત્ર રીતે વધી જાય છે. ઘણીવાર દૂષિત પાણીમાંથી બનેલા બરફના કારણે પાણીજન્ય રોગચાળો ફેલાવાની ભીતિ રહેતી હોય છે. આ સ્થિતિને પહોંચી વળવા અને જનઆરોગ્યની જાળવણી માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેશ ભંડેરી તથા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. મિથિલેશ સિંહાની સૂચના અનુસાર આરોગ્ય તંત્ર દ્વારા સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જખૌ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા જખો અને લાલા ગામે કાર્યરત બરફના કારખાનાઓમાં મેડિકલ ઓફિસર ડૉ. દિનેશ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ તપાસ કરવામાં આવી હતી. હેલ્થ સુપરવાઈઝર પિયુષભાઈ અમીન અને આરોગ્ય કાર્યકર જયદીપ ઠાકોર દ્વારા પ્લાન્ટમાં વપરાતા પાણીની શુદ્ધતા અને સ્વચ્છતાના ધોરણોની ચકાસણી કરવામાં આવી હતી જેથી અશુદ્ધ બરફને કારણે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય. રોગચાળાને પૂર્વનિર્ધારિત રીતે રોકવા માટે જખૌ સહિત આસપાસના અલગ-અલગ ૧૦ સ્થળોએથી પીવાના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલ્સને ભુજની અદાણી મેડિકલ કોલેજ ખાતે લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા છે જેના રિપોર્ટ બાદ પાણીની ગુણવત્તા સ્પષ્ટ થશે. આ ઉપરાંત આરોગ્ય કાર્યકરો દ્વારા 'ટેકો' એપ્લિકેશન મારફતે ઓનલાઈન વસ્તીનું સર્વેલન્સ પણ તેજ કરવામાં આવ્યું છે જેનું પણ સુપરવિઝન કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો છે કે ઉનાળા દરમિયાન પીવાના પાણીની શુદ્ધતા બાબતે વિશેષ કાળજી રાખવી અને આરોગ્યની તપાસ કે સર્વેલન્સ માટે આવતા કર્મચારીઓને પૂરો સહકાર આપવો. કોઈપણ શંકાસ્પદ પાણીજન્ય લક્ષણો જણાય તો તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સાંસદે માનસિક દિવ્યાંગો વચ્ચે જઇ પોતાના જન્મદિવસની કરી અનોખી ઉજવણી






ભુજ - કચ્છઉદય : કચ્છ-મોરબીનાં સાંસદ વિનોદભાઇ ચાવડાએ માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારા મધ્યે પહોંચી જઇ માનસિક દિવ્યાંગો વચ્ચે પોતાનાં જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી. સમગ્ર આયોજન જીલ્લા અનુસુચિત જાતિ મોરચા દ્વારા કરવામાં આવ્યું હતું. પોતાનાં હસ્તે બર્થ ડે કેક કટીંગ કરી સૌ પ્રથમ કેક માનસિક દિવ્યાંગોને ખવડાવી જન્મદિવસ ઉજવ્યો હતો.

માનવજ્યોત સંસ્થા દ્વારા પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોનીએ તેઓનું સન્માન કરી જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી. સેવાશ્રમના માનસિક દિવ્યાંગે દેશ ભક્તિનું ગીત રજુ કર્યું હતું. પ્રમુખ રવિભાઇ ગરવા, મહામંત્રી શામજીભાઇ વાણિયા, ઉપપ્રમુખ અશોકભાઇ હાથી, પચાણભાઇ સંજોટ, પ્રકાશ મહેશ્ર્વરી, નરેશ મહેશ્ર્વરી, મોહન ચાવડા, મીત ઠક્કર, વિરમ આહિર, હિતેશ ગોસ્વામી, કિશોર મહેશ્વરી, દીપક સીજુ, હિતેશ ખંડોલ, દિનેશ ઠક્કર, શ્રાવણસિંહ વાઘેલા, રવિભાઇ ત્રવાડી, જયંત ઠક્કર તથા જીલ્લા ભાજપનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે માનસિક દિવ્યાંગોને આખા દિવસનું મિષ્ટાન, ફરસાણ સાથેનું ભોજન જીલ્લા અનુસુચિત જાતિ મોરચા દ્વારા કરાવામાં આવેલ. સાંસદે સ્વહસ્તે માનસિક દિવ્યાંગોને ભોજન જમાડી પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો.

## ધુણેશ્વર મહાદેવનો પાટોત્સવ ઉજવાશે

નખત્રાણા : ખોડીયાર ટેકરી ધુણેશ્વર મહાદેવ આશ્રમ ખાતે તા. ૧૦-૩ના મંગળવારે ધુણેશ્વર મહાદેવનો પાટોત્સવ મહંત આઈશ્રી કમશ્રી માતાજીના સાનિધ્યમાં યોજાશે. ધ્વજારોહણ, બટુક ભોજન, આરતી, મહાપ્રસાદ બાદ રાત્રે શ્યામ ગઢવી, નાગશી ગઢવી, દેવરાજ ગઢવી - ભાડાની સંતવાણી યોજાશે, જેમાં ધર્મપ્રેમીઓને લાભ લેવા વાયક આપવામાં આવ્યું છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ટેન્ડર જાહેરાત**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | ટેન્ડર નં. | સામગ્રીઓનું ટૂંકુ વર્ણન | નંગ | ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય | ઈએમડી રકમ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૭૧૨૬૫૦૭૫ | પંપ (પાર્ટ નં. HY704X180L/EP4/A380BAR SUBSTITUTE HY704X180L/EL/A380 BAR) બનાવટ : PLASSER, REXOTH. | ૧૪ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૩,૩૪,૫૧૦/- |
| ૦૨ | ૭૧૨૬૫૨૨૦ | સંપૂર્ણ લિફ્ટીંગ યુનિટ + લિફ્ટીંગ ક્લેમ્પ્સ (પાર્ટ નં. EB64.14.1000.72 SUB RE150.00.001) બનાવટ : Plasser | ૦૧ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૪,૫૪,૪૪૦/- |
| ૦૩ | ૭૧૨૫૬૬૭૨ | હાઈડ્રોલીક મોટર (PLASSER પાર્ટ નં. 62.05.2000.123) બનાવટ : Plasser, Rexroth. | ૧૪ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૪,૪૬,૯૮૦/- |
| ૦૪ | ૭૧૨૫૬૬૪૩ | કટર ચેન ડ્રાઈવ પંપ (પાર્ટ નં. 62.05.2000.111) બનાવટ: PLASSER, REXROTH. | ૧૦ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૨,૫૮,૭૦૦/- |
| ૦૫ | ૭૧૨૫૬૩૧૩ | પંપ (પાર્ટ નં. 62-05-1000-483, પેટા પાર્ટ નં. A4VG250EP4D1/32LNF02F001) બનાવટ : PLASSER, REXROTH. | ૧૯ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૯,૪૧,૬૪૦/- |

ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સહિતની વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

ADI-300

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



(A Government of Gujarat Undertaking)

**Gujarat Energy Transmission Corporation Limited**

GETCO

TRANSMISSION DIVISION OFFICE - SAMKHIYALI

132KV Substation Compound, Near Toll Gate, Samkhiyali (Kachchh) 370 150

E-mail: eetrsamkhiali.getco@gebmail.com

Azadi ka Amrit Mahotsav

**વીજ પુરવઠો બંધ રહેવા બાબતની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જાણ કરવાની કે નીચે દર્શાવેલ સમય અને તારીખે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં અગત્યનું જાણવણી કાર્ય હોવાથી તમામ વિસ્તારોને વીજપુરવઠો મળી શકશે નહિ.

| અનુ.નં. | તારીખ/વાર | સમય | સબ-સ્ટેશન /લાઈન | વિસ્તાર |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૮-૦૩-૨૦૨૬ (રવિવાર) | ૦૭:૩૦ થી ૧૯:૩૦ કલાક | ૬૬ કેવી શિકરા સબસ્ટેશન | ૬૬ કે.વી શિકરા સબસ્ટેશન માંથી નિકળતા તમામ ૧૧કે.વી ફીડર બંધ રહેશે. |

નિર્ધારીત ઉપરોક્ત કામ વહેલું પુરું થતા બીજી કોઈપણ જાતની જાહેરાત આપ્યા સિવાય પુનઃવીજ પુરવઠો સ્થાપિત કરવામાં આવશે.

"જ્યાં સાવધાની ત્યાં સલામતિ"

કાર્યપાલક ઈજનેર (પ્રવહન)
પ્રવહન વિભાગીય કચેરી, સામખીયાળી-કચ્છ.



**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/47(25-26) તારીખઃ 03.03.2026

**એર-કન્ડિશનીંગ સિસ્ટમના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ**

ટેન્ડર નં. EL-50-1-ADI-T-57-2025-26

**કામનું નામઃ** ૦૩ વર્ષોના સમયગાળા માટે DRM ઓફિસ અસારવા ખાતે એર-કન્ડિશનીંગ સિસ્ટમના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટની જોગવાઈ અને અમદાવાદ ડિવિઝન ઉપર રનીંગ રૂમ્સના વિવિધ બનાવટ અને ક્ષમતાના ૩૩૪ નંગ AC યુનિટ્સના CAMC ના સંબંધમાં વીજળી કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૧,૧૯,૧૪,૦૩૯.૮૨ **અર્નેસ્ટ મનીઃ** ₹ ૨,૦૯,૬૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૩૦-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૩૦-૦૩-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in

ADI-299

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

ટેન્ડર નોટીસ નં. DRM/COMML/05/25-26

**સ્ટેશન ટિકીટ બુકિંગ એજન્ટ (STBA) તરીકે નિમણૂંક માટે ટેન્ડર**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) પશ્ચિમ રેલવે, અમદાવાદ કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકીટીંગ સિસ્ટમ (UTS) મારફતે અનારક્ષિત ટિકિટો આપવા માટે અમદાવાદ ડિવિઝનના કુલ ૧૦ NSG ૬ કેટેગરી સ્ટેશનો પર "સ્ટેશન ટિકીટ બુકિંગ એજન્ટ (STBA)" તરીકે નિમણૂંક માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરે છે.

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૧ | આડેસર | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૧૨૯૬૫ (આગમન ૦૧:૫૨) (પ્રસ્થાન ૦૧:૫૪) - સાપ્તાહિક |
| ૧૨૯૫૯ (આગમન ૦૫:૫૨) (પ્રસ્થાન ૦૫:૫૪) - સાપ્તાહિક |
| ૧૯૪૦૬ (આગમન ૦૭:૪૬) (પ્રસ્થાન ૦૭:૪૮) - દૈનિક |
| ૨૦૯૨૮ (આગમન ૧૪:૧૦) (પ્રસ્થાન ૧૪:૧૨) - દૈનિક |
| ૨૦૯૨૭ (આગમન ૧૬:૧૦) (પ્રસ્થાન ૧૬:૧૨) - દૈનિક |
| ૧૯૪૦૫ (આગમન ૧૬:૫૦) (પ્રસ્થાન ૧૬:૫૨) - દૈનિક |
| ૧૨૯૬૦ (આગમન ૨૦:૫૫) (પ્રસ્થાન ૨૦:૫૭) - સાપ્તાહિક |
| ૧૨૯૬૬ (આગમન ૨૦:૫૫) (પ્રસ્થાન ૨૦:૫૭) - સાપ્તાહિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૨ | ભાભર | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૨૨૪૮૪ (આગમન ૦૦:૧૮) (પ્રસ્થાન ૦૦:૨૦) - દૈનિક |
| ૧૨૯૬૫ (આગમન ૦૦:૩૩) (પ્રસ્થાન ૦૦:૩૫) - સાપ્તાહિક |
| ૧૪૩૨૧ (આગમન ૦૩:૨૩) (પ્રસ્થાન ૦૩:૨૫) - ૪ દિવસ |
| ૧૨૯૫૯ (આગમન ૦૪:૪૮) (પ્રસ્થાન ૪:૫૦) - સાપ્તાહિક |
| ૨૨૪૮૩ (આગમન ૦૪:૫૬) (પ્રસ્થાન ૦૪:૫૮) - દૈનિક |
| ૨૦૯૮૪ (આગમન ૦૫:૦૮) (પ્રસ્થાન ૦૫:૧૦) - ૨ દિવસ |
| ૧૯૪૦૬ (આગમન ૦૯:૪૮) (પ્રસ્થાન ૦૯:૫૦) - દૈનિક |
| ૧૯૪૦૫ (આગમન ૧૪:૫૦) (પ્રસ્થાન ૧૪:૫૨) - દૈનિક |
| ૨૦૯૮૩ (આગમન ૨૧:૧૨) (પ્રસ્થાન ૨૧:૧૪) - ૨ દિવસ |
| ૧૨૯૬૦ (આગમન ૨૨ :૧૨) (પ્રસ્થાન ૨૨:૧૪) - સાપ્તાહિક |
| ૧૨૯૬૬ (આગમન ૨૨:૧૨) (પ્રસ્થાન ૨૨:૧૪) - સાપ્તાહિક |
| ૧૪૩૨૨ (આગમન ૨૨:૪૫) (પ્રસ્થાન ૨૨:૪૭) - ૪ દિવસ |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૩ | ભંકોડા | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૫૯૫૧૦ (આગમન ૦૭:૧૫) (પ્રસ્થાન ૦૭:૧૬) - દૈનિક |
| ૫૯૫૦૯ (આગમન ૦૯:૧૮) (પ્રસ્થાન ૦૯:૧૯) - દૈનિક |
| ૫૯૫૧૨ (આગમન ૧૮:૪૫) (પ્રસ્થાન ૧૮:૪૬) - દૈનિક |
| ૫૯૫૧૧ (આગમન ૨૧:૦૬) (પ્રસ્થાન ૨૧:૦૭) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૪ | ડાંગરવા | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૭૯૪૩૪ (આગમન ૭:૨૮) (પ્રસ્થાન ૭:૨૯) - દૈનિક |
| ૧૪૮૨૨ (આગમન ૭:૫૩) (પ્રસ્થાન ૭:૫૪) - દૈનિક |
| ૬૯૨૦૮ (આગમન ૦૮: ૦૭) (પ્રસ્થાન ૦૮:૦૮) - ૬ દિવસ |
| ૭૯૪૩૨ (આગમન ૦૮:૩૦) (પ્રસ્થાન ૦૮:૩૧) - દૈનિક |
| ૭૯૪૩૫ (આગમન ૦૯:૪૪) (પ્રસ્થાન ૦૯:૪૫) - ૬ દિવસ |
| ૭૯૪૩૬ (આગમન ૧૩:૪૦) (પ્રસ્થાન ૧૩:૪૧) - ૬ દિવસ |
| ૭૯૪૩૧ (આગમન ૧૭:૫૦) (પ્રસ્થાન ૧૭:૫૧) - દૈનિક |
| ૬૯૨૦૭ (આગમન ૧૮:૨૪) (પ્રસ્થાન ૧૮:૨૫) - ૬ દિવસ |
| ૭૯૪૩૩ (આગમન ૧૮:૪૪) (પ્રસ્થાન ૧૮:૪૫) - દૈનિક |
| ૧૪૮૨૧ (આગમન ૧૯:૩૦) (પ્રસ્થાન ૧૯:૩૧) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૫ | દેત્રોજ | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૫૯૫૧૦ (આગમન ૦૭:૨૪) (પ્રસ્થાન ૦૭:૨૫) - દૈનિક |
| ૫૯૫૦૯ (આગમન ૦૯:૦૮) (પ્રસ્થાન ૦૯:૦૯) - દૈનિક |
| ૫૯૫૧૨ (આગમન ૧૮:૫૪) (પ્રસ્થાન ૧૮:૫૫) - દૈનિક |
| ૫૯૫૧૧ (આગમન ૨૧:૦૦) (પ્રસ્થાન ૨૧:૦૧) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૬ | જોટાણા | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૫૯૫૧૦ (આગમન ૦૭:૪૩) (પ્રસ્થાન ૦૭:૪૫) - દૈનિક |
| ૫૯૫૦૯ (આગમન ૦૮:૪૯) (પ્રસ્થાન ૦૮:૫૦) - દૈનિક |
| ૫૯૫૧૨ (આગમન ૧૯:૧૫) (પ્રસ્થાન ૧૯:૧૭) - દૈનિક |
| ૫૯૫૧૧ (આગમન ૨૦:૩૯) (પ્રસ્થાન ૨૦:૪૦) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૭ | કટોસણ રોડ | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૫૯૫૧૦ (આગમન ૦૭:૩૩) (પ્રસ્થાન ૦૭:૩૫) - દૈનિક |
| ૬૯૨૪૯ (આગમન ૦૭:૪૫) (પ્રસ્થાન - Dest) - ૬ દિવસ |
| ૫૯૫૦૯ (આગમન ૮:૫૮) (પ્રસ્થાન ૦૯:૦૦) - દૈનિક |
| ૫૯૫૧૨ (આગમન ૧૯:૦૩) (પ્રસ્થાન ૧૯:૦૫) - દૈનિક |
| ૬૯૨૫૦ (આગમન - orig) (પ્રસ્થાન ૧૯:૦૫) - ૬ દિવસ |
| ૫૯૫૧૧ (અર્િ-૨૦:૫૦) (પ્રસ્થાન ૨૦:૫૨) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૮ | ખોડિયાર | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૧૪૮૨૨ (આગમન ૦૭:૨૨) (પ્રસ્થાન ૦૭:૨૩) - દૈનિક |
| ૭૯૪૩૪ (આગમન ૦૮:૦૦) (પ્રસ્થાન ૮:૦૧) - દૈનિક |
| ૭૯૪૩૨ (આગમન ૦૮:૫૮) (પ્રસ્થાન ૦૮:૫૯) - દૈનિક |
| ૭૯૪૩૫ (આગમન ૦૯:૧૦) (પ્રસ્થાન ૦૯:૧૨) - ૬ દિવસ |
| ૭૯૪૩૬ (આગમન ૧૪:૧૦) (પ્રસ્થાન ૧૪:૧૧) - ૬ દિવસ |
| ૭૯૪૩૧ (આગમન ૧૭:૨૨) (પ્રસ્થાન ૧૭:૨૩) - દૈનિક |
| ૭૯૪૩૩ (આગમન ૧૮:૧૬) (પ્રસ્થાન ૧૮:૧૭) - દૈનિક |
| ૧૪૮૨૧ (આગમન ૨૦:૦૮) (પ્રસ્થાન ૨૦:૧૦) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૯ | નરોડા | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૨૦૯૮૮ (આગમન ૦૬:૫૯) (પ્રસ્થાન ૦૭:૦૦) - દૈનિક |
| ૬૯૨૪૬ (આગમન ૭:૩૫) (પ્રસ્થાન ૭:૩૬) - ૬ દિવસ |
| ૧૯૩૧૫ (આગમન ૦૯:૩૮) (પ્રસ્થાન ૦૯:૪૦) - દૈનિક |
| ૬૯૨૪૩ (આગમન ૦૯:૫૯) (પ્રસ્થાન ૧૦:૦૧) - દૈનિક |
| ૧૯૩૧૬ (આગમન ૧૪:૨૦) (પ્રસ્થાન ૧૪:૨૧) - દૈનિક |
| ૬૯૨૪૪ (આગમન ૧૮:૧૧) (પ્રસ્થાન ૧૮:૧૨) - દૈનિક |
| ૬૯૨૪૫ (આગમન ૧૯:૨૮) (પ્રસ્થાન ૧૯:૨૯) - ૬ દિવસ |
| ૨૦૯૮૭ (આગમન ૨૦:૫૯) (પ્રસ્થાન ૨૧:૦૧) - દૈનિક |

| અનું. નં. | સ્ટેશનનું નામ | કાઉન્ટરર્સ ની સંખ્યા | શિફ્ટ સમય |
|---|---|---|---|
| ૧૦ | વારાહી | ૧ | ટ્રેનના સમય મુજબ |

| ટ્રેનો ના સમય |
|---|
| ૧૯૪૦૬ (આગમન ૦૮:૫૭) (પ્રસ્થાન ૦૮:૫૯)- દૈનિક |
| ૧૯૪૦૫ (આગમન ૧૫:૩૭) (પ્રસ્થાન ૧૫:૩૯)- દૈનિક |

**નોંધ :** ઉપરોક્ત દર્શાવેલી ટ્રેનો સિવાય, STBA શિફ્ટ ટાઈમીંગ્સ નવી પ્રસ્તુત થનારી ટ્રેનો અને વર્તનમાનની ટ્રેનોના સમયમાં થનારા કોઈપણ ફેરફાર માટે પણ લાગુ રહેશે. ● એક અરજદારની **માત્ર એક સ્ટેશન** પર STBA તરીકે નિમણુંક કરવામાં આવશે. ● STBA ની નિમણુંક પામેલ વ્યક્તિને રેલવે પર રોજગારી માટેનો કોઈ હક મળશે નહિં. ● નિમણુંક **સંપૂર્ણ પણે કરાર** આધારિત છે. STBA ને રેલવે સેવામાં સમાવેશ, સેવાની નિયમિતતા, બોનસ, રેલવે પાસ વગેરે જેવી સુવિધાઓ મળી શકશે નહીં.

**યોગ્યતા માપદંડ :**

(૧) અરજદાર જ્યાં STBA ની નિમણુંક કરવાનું પ્રસ્તાવિત હોય જેમાં સ્ટેશન આપેલું હોય તે સ્થાનિક બ્લોક/ તાલુકો/મંડળનો નિવાસી હોવો જોઈએ. જો કે સ્થાનિક જિલ્લામાંથી કોઈ યોગ્ય અરજદાર STBA તરીકે નિમણુંક થવાને પાત્ર ન હોય તો આ શરતમાં સક્ષમ અધિકારી દ્વારા છૂટછાટ આપી શકાશે. (૨) અરજદાર ૧૮ વર્ષથી ઓછી વયના હોવા જોઈએ નહિં. ઓછા માં ઓછું ધોરણ-X (૧૦મું)ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. (૩) પસંદ કરેલ અરજદારે તેના/તેણીના વિસ્તારમાં સેવા આપતા પોલીસ સ્ટેશનમાંથી એક પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે કે તે/તેણીનો કોઈ ગુનાહિત રેકોર્ડ નથી અને તેમની સામે કોઈ ફોજદારી કેસ પેન્ડિંગ નથી. (૪) STBA અને તેમના/તેણીના નામાંકિત એજન્ટ ભૂતપૂર્વ રેલવે સ્ટાફ ન હોવા જોઈએ જેમને શંકાસ્પદ પ્રામાણિકતાના આધારે રેલવે સેવામાંથી દૂર કરવામાં આવ્યા હોય અથવા બરતરફ કરવામાં આવ્યા હોય.

**ટેન્ડરોની અન્ય વિગતો:**

**કોન્ટ્રાક્ટનો સમયગાળો (સંપૂર્ણ કોન્ટ્રાક્ટ ધોરણે) :** ૦૩ (ત્રણ) વર્ષ, **અર્નેસ્ટ મનીઃ** NSG-6 સ્ટેશન માટે (₹ ૨,૦૦૦/-) **ટેન્ડર દસ્તાવેજ ફીઃ** ₹ ૧,૦૦૦/- (પરત ન મળવાપાત્ર) **ટેન્ડર બોક્ષ બંધ થવાની તારીખ અને સમયઃ** ૦૮-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ટેન્ડર બોક્ષ ખુલવાની તારીખ અને સમયઃ** ૦૮-૦૪-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે.

જરૂરી માહિતી, ટેન્ડર શરતો અને નિયમો સિની. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફીસ, ચામુંડા માતા મંદિર પાસે, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫ ખાતે ઉપર જણાવેલ ટેન્ડર દસ્તાવેજ કિંમત રૂબરૂમાં જમા કરાવવાથી મેળવી શકાશે. વિગતવાર નિયમો અને શરતો સાથેના ટેન્ડર દસ્તાવેજ વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર પણ ઉપલબ્ધ છે અને તેને ડાઉનલોડ કરી શકાશે અને ટેન્ડર જમા કરવા માટે ટેન્ડર દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી શકાશે. જો કે, ઉપર જણાવેલ મુજબ ટેન્ડર દસ્તાવેજ ફી રાષ્ટ્રીયકૃત/શિડ્યૂલ્ડ બેંકના સિની. ડિવિઝનલ ફાયનાન્સ મેનેજર, પશ્ચિમ રેલવે, અમદાવાદની તરફેણમાં કઢાવેલ ડિમાન્ડ ડ્રાફ્ટના રૂપમાં અથવા રોકડમાં ચૂકવવાની રહેશે. મૂળ પૈસાની પહોંચ/DD ટેન્ડર ફોર્મની સાથે સંલગ્ન કરવાના રહેશે.

અરજી **ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), ચામુંડા માતા મંદિર પાસે, ગુજરાત કેન્સર હોસ્પિટલ સોસાયટી સામે, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫ ખાતે તા.૦૮-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી** પહોંચી જવી જોઈએ. ઉપરોક્ત દર્શાવેલ તારીખ અને સમય પછી મળેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિં. કોઈપણ ટપાલ વિલંબ ને ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

ADI-298

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**જાહેર નિવિદા**

**ગુજરાત સરકાર**
**વન વિભાગ**

નાયબ વન સંરક્ષકની કચેરી, કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ-કચ્છ.
ફોન નં. ૦૨૮૩૨-૨૫૦૨૨૭ Email: defkuchchheast@gmail.com

**ટેન્ડર નોટીસ નં.34/૨૦૨૫-૨૬**

કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ હેઠળની રાપર (દક્ષિણ) રેન્જ કચેરીના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કરવાની થતી નીચેની વિગતેની વોચટાવર અંગેની કામગીરી માટે રસ ધરાવતી એજન્સીઓ/ઈજારદારો પાસેથી નીચે મુજબ ટેન્ડર આઈ.ડી.નંબરથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મ (નોન-ટ્રાન્સફરેબલ) તેમજ ટેન્ડરનું વિગતવાર વર્ણન વેબસાઈટ https://tender.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. જેનો અભ્યાસ કરી ટેન્ડરમાં જણાવેલ સુચના મુજબની કાર્યવાહી કરી શકો છો. તેમજ હવે પછી આ ટેન્ડર અંગે કોઈ સુધારા-વધારા કે સૂચનાઓ હશે તો તે ઓનલાઇન વેબસાઇટ પર કોરિજેન્ડમ પ્રસિદ્ધ કરી જણાવવામાં આવશે. જે ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

| | |
|---|---|
| કામનું નામ | Construction of watch tower At Lakdavandh Ta. rapar, Dist. Kachchh |
| ટેન્ડર નંબર | 34/2025-26 |
| ટેન્ડર આઈ.ડી. | ૨૮૦૭૮૧ |
| ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડીંગ તથા સબમિશનની છેલ્લી તારીખ અને સમય | તા.૧૧/૦૩/૨૦૨૬, સમય - ૧૮:૦૦ કલાક |
| ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૮/૦૩/૨૦૨૬, સમય - ૧૬:૦૦ કલાક |
| *ટેકનીકલ તથા ફાઈનાન્સિયલ ટેન્ડર બીડ ખોલવાની તારીખ અને સમય (*અથવા અનુકુળતા મુજબ) | તા.૨૦/૦૩/૨૦૨૬, સમય - ૧૭:૦૦ કલાક |

વધુ વિગતો ઉક્ત વેબસાઈટ ઉપર જોવા મળશે.

(નામાનિ/કચ્છ/૧૫૨૪/૨૦૨૫-૨૬)

**નાયબ વન સંરક્ષક**
**કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ.**



**માંડવી નગરપાલિકા**
માંડવી કચ્છ

**ઓફલાઈન ટેન્ડર નોટિસ**

આથી રસ ધરાવતી એજન્સી/કોન્ટ્રાકટર પાસેથી નીચે મુજબની વિગતે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે

| કામનું નામ | અંદાજીત રકમ | બાનાની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ગણેશનગર સાર્વજનિક ચોકમાં મહેશ્વરી સમાજ વિસ્તારમાં કોન્યુનિટિ હોલ (પ્રથમ પ્રયત્ન) | ૪,૧૮,૬૭૨.૩૦ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| માંડવી શહેર મધ્યે કોલી સમાજના સ્મશાનભૂમિની બાજુમાં વિજ્ઞાન કોલેજની પાછળ મસ્કા માંડવી રોડ મધ્યે ઓપન શેડનું કામ (પ્રથમ પ્રયત્ન) | ૪,૦૯,૧૧૫.૦૦ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| માંડવી શહેર વોર્ડ નં.૪ આશીર્વાદનગર મધ્યે કોમ્યુનિટિ હોલનું કામ (પથમ પ્રયત્ન) | ૪,૧૮,૬૭૨.૩૦ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| મોટા સલાયા વિસ્તારમાં આવેલ હઝરત પીર નેઅમતુલ્લાહશા તથા ફૈઝમહમદશા ઉર્ફે અછાપીરની દરગાહ પાસે વાઘેર ચોક સાર્વજનિક ચોકમાં રેનબસેરા શેડ બનાવવાનું કામ | ૨,૨૪,૯૬૪.૫૨ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |

શરતોઃ-
૧. અત્રે ની કચેરી ના બાંધકામ વિભાગથી કોરા ટેન્ડર જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૭ (રજા ના દિવસો સિવાય) સુધી સાંજે ૬ઃ૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે.
૨.ડોક્યુમેન્ટ સબમીશન ફક્ત આર.પી.એડી/સ્પીડ પોસ્ટથી ચીફ ઓફિસર માંડવી નગરપાલિકા માંડવી-કચ્છ.પીન-૩૭૦૪૬૫ ને જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ ૧૦ સુધી (રજાના દિવસો સિવાય) સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
૩. ટેન્ડર સ્વીકાર/અસ્વીકાર કરવાની આખરી સત્તા નગરપાલિકા, ચીફ ઓફિસરની રહેશે.
જા.નં.૨૭૭૫/૨૦૨૫-૨૬
તા. ૦૫/૩/૨૦૨૬

(નામાનિ/કચ્છ/૧૫૨૧/૨૦૨૫-૨૬)

**ચીફ ઓફીસર**
**માંડવી નગરપાલિકા**

# ભારતીય જનતા પાર્ટીએ એક નિષ્ઠાવાન આગેવાન ગુમાવ્યા : જગદીશ વિશ્વકર્મા





ઉમરેઠ : ઉમરેઠના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમારના નિધનથી ભારતીય જનતા પાર્ટીએ એક નિષ્ઠાવાન આગેવાન ગુમાવ્યા છે. આજે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સ્વ.ગોવિંદભાઈના પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# "ટીબી મુક્ત કચ્છ અભિયાન" હેઠળ પોષણ કીટનું કરાયું વિતરણ





ભુજ - કચ્છઉદય : ભુજ સ્થિત ટીબી હોસ્પિટલ ખાતે કચ્છ-મોરબી લોકસભા ક્ષેત્રના સાંસદ વિનોદ એલ. ચાવડા દ્વારા તેમના જન્મદિવસ નિમિત્તે ટીબી દર્દીઓની સેવા અને સહાયતા કરવાનો સંકલ્પ લઈ "ટીબી મુક્ત કચ્છ અભિયાન" અંતર્ગત પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ હેઠળ કચ્છ લોકસભા વિસ્તારના ટીબીના દર્દીઓ અંદાજે ૧૧૦૦ જેટલી પોષણ કીટનું વિતરણ કરવામાં આવશે, જેમાં ભુજ તાલુકાના ૫૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ગાંધીધામ ખાતે ૩૦૦ કીટનું વિતરણ કરવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો, પદાધિકારીઓ અને અધિકારીઓના હસ્તે પણ દર્દીઓને પોષણ કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં પ્રોટીનયુક્ત અને પોષણયુક્ત આહાર સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ વધે અને સારવારમાં સહાય મળે તે હેતું રાખવામાં આવ્યો છે. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા ક્ષય અધિકારી ડો. મનોજ દવે દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત તેમજ શોલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. કચ્છ જિલ્લામાં ટીબીની સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપી અને કચ્છ જિલ્લાને ટીબી મુક્ત બનાવવા માટે સૌના સહયોગ પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે સાંસદે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ચાર વર્ષથી આ કાર્ય સાથે જોડાયેલા છે અને હજારો ટીબી દર્દીઓને સહાય પૂરી પાડવામાં આવી છે. ઉપરાંત ટીબી દર્દીઓના એક્સ-રે માટે બે વાહનો તથા બે એક્સ-રે ટેક્નિશિયનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "ટીબી મુક્ત ભારત"ના સપનાને સાકાર કરવા માટે કચ્છ જિલ્લાને ટીબી મુક્ત બનાવવા સંપૂર્ણ સહયોગ આપશે. સાંસદે કચ્છ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી અને આગળ પણ આ અભિયાનને વધુ મજબૂત બનાવવા સૌને અપીલ કરી હતી.

કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ રશ્મીબેન સોલંકી, આગેવાન અશોકભાઈ હાથી, પદાધિકારીઓ, અધિકારીઓ, જિલ્લા ક્ષય કેન્દ્રનો સ્ટાફ,ડીપીસી નૈનેશ પટેલ દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી હતી. ઉપરાંત તાલુકા આરોગ્ય અધિકારી, આરોગ્ય કચેરી ભુજનો સ્ટાફ તથા ટીબી દર્દીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડીપીપીએમસી ઈસ્માઈલ સમા દ્વારા કરવામાં આવ્યું હતું.

# હોળી-ધુળેટીનો તહેવાર એસટીને ફળ્યો : ૧૧ લાખથી વધુની આવક

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા હોળી-ધુળેટી પર્વ નિમિતે મુસાફરોને વતન આવવા-જવા માટે મુસાફરોના પ્રમાણને ધ્યાને લઈ તા. ૨૫-૨ થી તા.૭-૩ સુધી નિયમીત તેમજ જરૂરીઆત મુજબનું એક્સ્ટ્રા સંચાલન હાથ ધરી રૂા. ૧૧ લાખ કરતા વધુ આવક મેળવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ કચ્છ જિલ્લાના નાગરિકોને હોળી-ધુળેટીના તહેવારોની ઉજવણી પોતાના વતનમાં વધુ સારી રીતે કરી શકે તેમજ પ્રવાસ દરમિયાન કોઈ મુશ્કેલી ના પડે તે અર્થે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુજ વિભાગ દ્વારા પોતાના તાબા હેઠળના ડેપોથી પંચમહાલ - દાહોદ જિલ્લાના જુદા જુદા શહેરો જેવા કે દાહોદ, લુણાવાડા, પિટોલને જોડતી એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવેલ હતું, જે અંતર્ગત મુસાફરોના ધસારાને ધ્યાને લઈ નિયમીત સંચાલન ઉપરાંત કુલ ૭૨ જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરી કુલ રૂા.૧૧,૪૫,૯૬૨ની આવક સાથે રૂા. ૨૮.૭૪ પ્રતિ કિમી દિઠ આવક મેળવેલી છે. આમ સમગ્ર સંચાલન દરમિયાન વધારાના સંચાલનથી ૩૩૦૧ જેટલા નિયત ઉપરાંત વધારાના પ્રવાસીઓએ સદર એક્સ્ટ્રા સંચાલનનો લાભ મેળવેલો છે તેવું વિભાગીય નિયામક એસટી ભુજની યાદીમાં જણાવાયું છે.

# મોટી ખાખરના ખેડૂતપુત્ર દિવ્યરાજસિંહ જાડેજાની પીએસઆઈ તરીકે પસંદગી

## મુંદરા કોર્ટમાં હાઈકોર્ટ જજ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા યુવાને ૭૯મી રેન્ક મેળવી સફળતા મેળવી

ગાંધીધામ - કચ્છઉદય : મુંદરા તાલુકાના મોટી ખાખર ગામના ક્ષત્રિય રાજપૂત સમાજના યુવાન દિવ્યરાજસિંહ વનરાજસિંહ જાડેજા પીએસઆઈ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) તરીકે પસંદગી પામતા તેમના પરિવાર, ગામ અને સમાજમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે. ખેડૂત પરિવારના આ યુવાને પીએસઆઈ ભરતી પરીક્ષામાં ૭૯મી રેંક મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે.દિવ્યરાજસિંહ હાલમાં મુંદરા કોર્ટમાં હાઈકોર્ટ જજ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવી રહ્યા છે. નોકરી સાથે સતત અભ્યાસ અને મહેનતના બળે તેમણે પીએસઆઈ પરીક્ષામાં સફળતા મેળવી યુવાનો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે.તેમના પિતા વનરાજસિંહ ચંદુભા જાડેજા ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા છે. ખેડૂત પરિવારના દીકરાએ પ્રાપ્ત કરેલી આ સિદ્ધિને કારણે મોટી ખાખર ગામ સહિત સમગ્ર વિસ્તારમાં ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. ગામજનો અને સમાજના આગેવાનો દ્વારા દિવ્યરાજસિંહ જાડેજાને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# ભુજોડી ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે રૂ. ૩ કરોડના ખર્ચે વિવિધ ૪ રસ્તાના વિકાસકામોનું ખાતમૂહુર્ત





## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કચ્છની હસ્તકલાનો પરિચય દેશ અને દુનિયાને કરાવ્યો રાજ્યમંત્રી : કચ્છી શાલે ભુજોડીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ અપાવી : સાસંદ વિનોદભાઈ ચાવડા





ભુજ - કચ્છઉદય : ભુજોડી ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે અંજાર વિધાનસભા ક્ષેત્રના રૂ. ૩ કરોડના ખર્ચે વિવિધ ૪ રસ્તાના વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, હસ્તકલા અને વણાટ કામના કારણે ભુજોડીને દુનિયાના તમામ લોકો જાણતા થયા છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ભુજોડી કચ્છ અને ગુજરાતનું ગૌરવ છે. ગામના વિકાસનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે, તેઓએ હસ્તકલાને પારખીને દેશ અને દુનિયામાં ઉજાગર કરી છે જેના કારણે દેશના લાખો કારીગરોને લાભ પ્રાપ્ત થયો છે સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભુજોડીની શાલને પણ બળ મળ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સાંપ્રત સમયમાં દુનિયામાં ભારતને જે ગૌરવભેર સ્થાન મળ્યું છે તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે. આ સાથે તેમણે વિકસિત ભારતની નેમ સાથે હજુ પણ લોકલક્ષી વિકાસના કાર્યો કરવા નેમ વ્યક્ત કરી હતી.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર રોડ અને રસ્તાના વિકાસ માટે કટિબદ્ધ છે જે અંતર્ગત જ આજે ત્રણ કરોડથી વધુના ૪ રસ્તાઓનું કામ થવા જઈ રહ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પદે જ્યારથી નરેન્દ્રભાઈ મોદીએ સ્થાન મેળવ્યું હતું ત્યારથી લઈને તેમના વડાપ્રધાન બનવા સુધીમાં હસ્તકલાના ક્ષેત્રે ખાસ કરીને કચ્છમાં ગ્રામ્ય સ્તરે વણાટ કામના કેન્દ્ર એવા ભુજોડીને સૌથી વધુ લાભ પ્રાપ્ત થયો છે. આજે ભુજોડીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. કચ્છમાં આવતા મહેમાનોના સ્વાગત માટે કચ્છી શાલની પરંપરા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ કરી હતી, જેનો સૌથી વધુ ફાયદો કારીગરોને થયો છે, આ પરંપરા હજુ પણ અવિરત ચાલુ છે. તેમણે આ પ્રસંગે આ વિસ્તારમાં હજુ પણ જરૂરી તમામ વિકાસના કામો કરવા માટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૪ રસ્તાઓના રિસર્ફેશીંગ કામનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂ.૮૬.૧૩ લાખના ખર્ચે ભૂજોડી એપ્રોચ રોડ, રૂ.૩૩.૪૬ લાખના ખર્ચે લેર એપ્રોચ રોડ, રૂ .૮૩.૨૨ લાખના ખર્ચે પૈયા એપ્રોચ રોડ તથા રૂ. ૯૫.૮૯ લાખના ખર્ચે નાના બંદરા, મોટા બંદરા રોડનો સમાવેશ થાય છે.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી, જિલ્લા પંચાયત સદસ્ય હરિભાઈ જાટીયા, તાલુકા પંચાયત સદસ્ય લક્ષ્મીબેન જરૂ, મહેશભાઈ માતા, જેનેશ વરૂ, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ પારૂલબેન કારા, એપીએમસી ચેરમેન શંભુભાઈ જરૂ, આગેવાન ધનજીભાઈ ચાવડા, શામજીભાઈ વાણીયા, દિનેશભાઈ ચાવડા, દિનેશભાઈ ઠક્કર, અશોક બરાડીયા, ભુજોડી સરપંચ શિવજીભાઈ મંગરિયા સહિત આસપાસના ગામોના સરપંચો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સલાયાના જહાજમાં આગ લાગતા ૧૧ ક્રૂમેમ્બરોનો બચાવ

ભુજ - કચ્છઉદય : સલાયાના અગ્રણી વહાણવટી સલીમ ઈસ્માઈલ ભાયાની માલિકીનું ૧૨૦૦ ટનની કેપેસિટી ધરાવતું ફૈઝે મહેબૂબ મોહ્યુદિન માલવાહક જહાજ જનરલ કાર્ગો ભરીને દુબઈથી બેજ છે. આ વહાણમાં બોસાસ બંદરે શુક્રવારે સવારે અચાનક આગ લાગી હતી. જે થોડી વારમાં ભયંકર બની ગઈ હતી. આ વહાણમાંથી તમામ ૧૧ ખલાસીને સલામત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

# હાજીપીર પોલીસ સ્ટેશન દ્વારા ગરીબ પરિવાર સાથે ધૂળેટીનું ઉજવણી કરાઈ

ભુજ - કચ્છઉદય : હાજીપીર વિસ્તારમાં આવેલ હાજીપીર પોલીસ સ્ટેશનના સમગ્ર સ્ટાફ દ્વારા ગરીબ પરિવાર સાથે પરંપરાગત વિધિ અનુસાર ધૂળેટી પર્વનું ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સ્ટાફે ગરીબ પરિવારને પોતાના પરિવારના સભ્ય સમાન ગણાવી સાથે બેસીને અન્નદાન કર્યું હતું. કાર્યક્રમમાં પીએસઆઈ વી.ડી. ગોહિલ, એએસઆઈ નરેન્દ્રસિંહ પરમાર, દિનેશભાઈ ચૌધરી, કિરણભાઈ નાઈ, પોલીસ પગી છતરસિંહ સોઢા સહિત અન્ય પોલીસ કર્મચારીઓ સામેલ રહ્યા હતા.

# કચ્છ સહિત રાજ્યભરની આંગણવાડી કાર્યકરો અને આશા વર્કરો દ્વારા ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર

## નવા મોબાઈલ અને પગાર વધારાના પડતર પ્રશ્નો મામલે સરકાર સામે આક્રોશ : ૧૨ જેટલી માંગણીઓ નહીં સંતોષાય તો અચોક્કસ મુદતની હડતાલની ચીમકી

ભુજ - કચ્છઉદય : છેલ્લા લાંબા સમયથી પડતર માંગણીઓ અને વહીવટી અવગણનાનો સામનો કરી રહેલી રાજ્યની અંદાજે ૧.૪૦ લાખ આંગણવાડી કાર્યકર બહેનો અને આશા વર્કરોએ સરકાર સામે બાયો ચડાવી આંદોલનનું શંખનાદ ફૂંક્યો છે. આ બહેનોએ પોતાની ૧૨ જેટલી વ્યાજબી માંગણીઓ સંદર્ભે રજૂઆત કરવા છતાં કોઈ નક્કર પરિણામ ન આવતા હવે ઓનલાઈન કામગીરીનો સંપૂર્ણપણે બહિષ્કાર જાહેર કર્યો છે. સરહદી જિલ્લા કચ્છમાં પણ આ આંદોલનની વ્યાપક અસરો જોવા મળશે, જ્યાં અંતરિયાળ વિસ્તારોમાં કાર્યરત બહેનોએ પોષણ ટ્રેકર અને ડેટા એન્ટ્રી જેવી ડિજિટલ કામગીરી ઠપ્પ કરી દીધી છે. જો રાજ્ય સરકાર આગામી દિવસોમાં આ મામલે સકારાત્મક વલણ નહીં દાખવે તો તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરવાની ગંભીર ચીમકી પણ ઉચ્ચારી દેવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકારના પાંચ મંત્રીઓ દ્વારા આંગણવાડી કાર્યકરોને નવા સ્માર્ટફોન આપવાનું અને સન્માનજનક પગાર વધારો કરવાનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ ચાર-ચાર બજેટ પસાર થઈ ગયા હોવા છતાં આ વચન માત્ર કાગળ પર જ રહ્યું છે. હાલમાં જે જૂના મોબાઈલ ફોન ઉપલબ્ધ છે તે ટેકનિકલી ક્ષતિગ્રસ્ત થઈ ગયા હોવાથી એપ્લિકેશન ચલાવવી અશક્ય બની છે. કચ્છ જેવા વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતા જિલ્લામાં નેટવર્કની મોટી સમસ્યા હોવા છતાં બહેનોને ફરજિયાત ઓનલાઈન કામગીરી કરવા દબાણ કરવામાં આવે છે, જેના કારણે તેઓ બાળકોના પોષણ અને શિક્ષણ પર ધ્યાન આપવાને બદલે ડેટા એન્ટ્રીમાં જ વ્યસ્ત રહે છે. ઘણી બહેનો તો પોતાના વ્યક્તિગત ફોન પર સરકારી કામ કરવા મજબૂર બની છે, પરંતુ હવે સહનશક્તિની સીમા આવી જતાં ૮૦ ટકાથી વધુ કર્મચારીઓએ મોબાઈલ પર કામ કરવાનું બંધ કરી દીધું છે.

આ આંદોલન પાછળનું મુખ્ય કારણ આર્થિક શોષણ અને કાયદાકીય અવગણના પણ છે. હાઈકોર્ટના સ્પષ્ટ આદેશો હોવા છતાં રાજ્ય સરકાર માનદ વેતનમાં વધારો કરવા કે સેવાના નિયમોમાં સુધારો કરવા તૈયાર નથી. આશા વર્કર અને આંગણવાડી કાર્યકરો આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે પાયાની કામગીરી બજાવે છે, તેમ છતાં તેમને મળતું વેતન મોંઘવારીના જમાનામાં અત્યંત અલ્પ છે. અગાઉના આંદોલનો સમયે અપાયેલા આશ્વાસનો હજુ સુધી પાળવામાં આવ્યા નથી, જેથી કર્મચારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. કચ્છ જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ પણ બહેનોએ એકત્ર થઈને આ અન્યાય સામે અવાજ ઉઠાવ્યો છે અને સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી લેખિતમાં ખાતરી અને અમલીકરણ નહીં થાય ત્યાં સુધી તેઓ મક્કમ રહેશે. આ આંદોલન જો લાંબુ ચાલશે તો આંગણવાડીના પોષણ આહાર વિતરણ અને રસીકરણ જેવી પાયાની સેવાઓ ખોરવાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

આગામી સમયમાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. જો સરકાર દ્વારા આ ૧.૪૦ લાખ મહિલા કર્મચારીઓની સંવેદનાને સમજવામાં નહીં આવે તો રસ્તા પર ઉતરીને દેખાવો કરવાની અને તમામ સેવાઓથી અળગા રહેવાની રણનીતિ ઘડાઈ ચૂકી છે. રાજ્યના છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓ પહોંચાડતી આ બહેનોની માંગણી છે કે તેમને વચન મુજબના નવા મોબાઈલ સેટ તાત્કાલિક આપવામાં આવે અને હાઈકોર્ટના આદેશાનુસાર પગાર વધારાનો લાભ આપી વહીવટી શોષણ બંધ કરવામાં આવે.

# ભુજ આરટીઓ દ્વારા પસંદગીના નંબર માટેની ગોલ્ડન-સિલ્વર નંબરોની સિરિઝનું રી-ઓક્શન કરાશે

ભુજ - કચ્છઉદય : પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભુજ - કચ્છની અખબારી યાદી મુજબ ટુ વ્હીલર, થ્રી વ્હીલર પેસેન્જર, એલએમવી કાર અને ટ્રાન્સપોર્ટ વાહનો, થ્રી વ્હીલર પેસેન્જર વાહનો, સ્પેશિયલ વ્હીકલ - કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ વાહનોમાં અગાઉની બાકી રહેલા ગોલ્ડન, સિલ્વર નંબરોનું રી-ઓક્શન શરૂ કરવામાં આવનારું છે. ઓનલાઈન અરજી તા.૧૫/૩ના સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૧૭/૩ના સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ-ઓક્શનની શરૂઆત તા.૧૭/૩ના સાંજે ૪ કલાક સુધી તથા ઈ-ઓક્શન તા.૧૯/૩ના સાંજે ૪ કલાકે સમાપ્ત થશે.સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના દર ટુ- વ્હીલરના ૮૦૦૦, અન્ય વાહનોના રૂ.૪૦૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના દર ટુ-વ્હીલરના ૩૫૦૦ તથા અન્ય વાહનો માટે રૂ.૧૫૦૦૦ રહેશે.

# રાપર તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના સર્વાંગી વિકાસ અને આધુનિકીકરણ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ




રાપર - કચ્છઉદય : જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ તેમજ આઈડીએસ વિભાગના જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડી.ડી. પંડ્યાના સીધા માર્ગદર્શન અને સતત દેખરેખ હેઠળ રાપર તાલુકામાં બાળકોના પોષણ અને શિક્ષણના સ્તરને સુધારવા માટે વિવિધ કામગીરીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

રાપર તાલુકાના તાલુકા વિકાસ અધિકારી ખોળુંભા વાઘેલા અને સીડીપીઓ કે. એ. પ્રજાપતિની આગેવાનીમાં રિનોવેશન અને રિપેરિંગ માટે જુદી જુદી યોજનાઓ હેઠળ કુલ ૫૨ આંગણવાડી કેન્દ્રોને આયોજનમાં લેવામાં આવ્યા હતા. જેમાંથી અત્યાર સુધીમાં ૧૩ કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, જ્યારે ૨૯ કેન્દ્રોમાં કામગીરી હાલ પ્રગતિમાં છે. આ સુધારાથી આંગણવાડીના ભવનો વધુ સુરક્ષિત અને સુવિધાજનક બન્યા છે. આ સરકારી પ્રયાસોમાં કોહેજન ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા એચડીએફસીબેંક દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યું છે. તેમના સંયુક્ત સહયોગથી ૫ આંગણવાડી કેન્દ્રોમાં રિનોવેશન, આધુનિક સેનિટેશન સુવિધા, પેવર બ્લોક અને નવું ફર્નિચર પૂરું પાડવામાં આવ્યું છે. વિશેષ કરીને, બાળકોને આકર્ષક વાતાવરણમાં શિક્ષણ મળી રહે તે માટે દિવાલો પર 'બાલા' પેઈન્ટિંગની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. બાળકોને તાજું અને પૌષ્ટિક શાકભાજી મળી રહે તે હેતુથી આંગણવાડીઓની આજુબાજુ 'પોષણ વાટિકા' વિકસાવવાનું આયોજન છે. આ વાટિકાઓની સુરક્ષા માટે ૪૦ કેન્દ્રોમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું લક્ષ્ય હતું, જેમાંથી ૨૯ કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ કામગીરીઓ પૂર્ણ થવાથી રાપર તાલુકાના અંતરિયાળ વિસ્તારના બાળકો માટે સુરક્ષિત, સ્વચ્છ અને પ્રેરણાદાયક વાતાવરણ ઊભું થયું છે, જે તેમના ઉજ્જવળ ભવિષ્ય અને પાયાના શિક્ષણને વધુ મજબૂત બનાવશે.

# ભુજ આરટીઓ દ્વારા નોન ટ્રાન્સપોર્ટ વાહનોના રી-રજિસ્ટ્રેશન અને સીપીઆઈ કરાવવા કેમ્પ

ભુજ - કચ્છઉદય : પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ભુજ દ્વારા માર્ચ -૨૦૨૬ માસના નોન ટ્રાન્સપોર્ટ વાહનોના રી-રજિસ્ટ્રેશન તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનોના સી.પી.આઈ કરાવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ૧૨ માર્ચના રોજ માંડવી ખાતે સવારે ૧૦ થી બપોરે ૧ કલાક સુધી અને મુન્દ્રા ખાતે બપોરે ૨ થી ૪ કલાકે કેમ્પ યોજાશે. આ કેમ્પમાં સ્થળે નોન ટ્રાન્સપોર્ટ વાહનોની રી-રજિસ્ટ્રેશન તથા સી.પી.આઈની કામગીરી કરી આપવામાં આવશે. તેમજ ભુજ કચેરીમાં આ કામગીરી કરી આપવામાં આવશે તેવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભુજમાં ભક્તિમય માહોલમાં હનુમંત ચરિત્ર યુવા કથાનો પ્રારંભ





## ટીનસિટી મેદાન ખાતે સ્વામી હરિપ્રકાશદાસજીના શ્રીમુખે કથાનું મંગલાચરણ : વિન્ટેજ કાર અને બાળ હનુમાન સેના શોભાયાત્રામાં મુખ્ય આકર્ષણ બન્યા : રવિવારે હનુમાન જન્મોત્સવ ઉજવાશે

ભુજ- કચ્છઉદય : શહેરના ટીનસિટી મેદાન ખાતે ગઈકાલે ધાર્મિક અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં રાજગોર હરિશંકર દેવજી અજાણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત હનુમંત ચરિત્ર યુવા કથાનું ભવ્ય મંગલાચરણ કરવામાં આવ્યું હતું. કથાના પ્રારંભ પૂર્વે આયોજિત શોભાયાત્રાએ સમગ્ર શહેરમાં અનેરો ધાર્મિક માહોલ ઊભો કર્યો હતો. અજાણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા આ વિશેષ આયોજનમાં વક્તા સ્વામી હરિપ્રકાશદાસજી હનુમંત યુવા કથાનું રસપાન કરાવી રહ્યા છે. કથાના પ્રથમ દિવસે સાંજે વક્તાએ વિવિધ ઉપદેશાત્મક પ્રસંગો રજૂ કરીને ઉપસ્થિત ભાવિક સમુદાયને ધર્મ અને સંસ્કારનો બોધપાઠ આપ્યો હતો.

કથાના પ્રારંભ પૂર્વે ભુજમાં જિલ્લા પંચાયત કચેરી સામે આવેલા સૂરમંદિર સિનેપ્લેક્સથી વાજતે-ગાજતે એક વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મુખ્ય વક્તા સ્વામી હરિપ્રકાશદાસજીને વિન્ટેજ કારમાં આરૂઢ કરવામાં આવ્યા હતા, જે ભાવિકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બની હતી. અન્ય એક વિન્ટેજ કારમાં કથાના મુખ્ય યજમાન અનિલભાઈ ગોર અને કાનજી મુરજી રાબડિયા બિરાજમાન થયા હતા.

શહેરના મુખ્ય માર્ગો પર ભ્રમણ કરીને આ શોભાયાત્રા ટીનસિટી ગ્રાઉન્ડ ખાતે કથા સ્થળે પહોંચી હતી, જેમાં અંદાજે એક હજારથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. શોભાયાત્રામાં બાળ હનુમાન સેનાના બાળકોએ જયશ્રી રામના ગગનભેદી નારા લગાવીને સમગ્ર વાતાવરણને રામમય બનાવી દીધું હતું. આ ઉપરાંત મહિલાઓની બેન્ડ પાર્ટી, સુશોભિત ઊંટ અને શિસ્તબદ્ધ રીતે કળશ ધારણ કરેલી બાલિકાઓએ શોભાયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. કથા સ્થળે વક્તા હરિપ્રકાશદાસજી અને ઉપસ્થિત અન્ય સંતવૃંદે શ્રદ્ધાળુઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ કથા દરમિયાન મુખ્ય આયોજનમાં તા. ૮-૩ રવિવારે હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. તા. ૧૦-૩ના ફળોત્સવનું આયોજન કરાયું છે, જેમાં ૧૦ હજાર કિલો ફળથી હનુમાનજીનો અન્નકુટ કરવામાં આવશે.

આ ધાર્મિક મહોત્સવમાં આયોજક રાજગોર હરિશંકર દેવજી અજાણી પરિવાર અને કાનજી મુરજી રાબડિયા (રાજકુમાર) પરિવાર સાથે સનાતન સમાજના સભ્યો અને ભુજ શહેરના ધર્મપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ પીજીવીસીએલ દ્વારા આજથી મેગા ડીસકનેક્શન ડ્રાઈવ

**પીજીવીએસલની ટીમો ગ્રાહકો પાસે પહોંચી**

ભુજ - કચ્છઉદય : પીજીવીસીએલ ભુજ દ્વારા આજથી મેગા ડીસ કનેક્શન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. પીજીવીસીએલની ભુજ વર્તુળ કચેરી હેઠળ આવતા ગ્રાહકોમાં રહેણાંક, વાણિજ્ય, ઔદ્યોગિક, ખેતીવાડી વિગેરે વીજ જોડાણોમાં મોટી રકમ ગ્રાહકો દ્વારા ભરપાઈ કરવાની બાકી છે. આ ડીસકનેક્શન ડ્રાઈવમાં આવતી ભુજ વર્તુળ કચેરી હેઠળની તમામ પેટા વિભાગીય કચેરીઓમાં ડ્રાઈવ સમયે બાકી વીજ બિલના લેણા ધરાવતા વીજ ગ્રાહકોના જોડાણનો પુરવઠો સ્થળ પર જ ડીસ કનેક્ટ કરવામાં આવશે.

વિજ તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ કાર્યવાહી દરમિયાન સ્થળ ઉપર કોઈપણ નાણાં સ્વીકારવામાં કે વસૂલવામાં આવશે નહીં. વીજ પુરવઠો કપાઈ ગયા પછી ગ્રાહકે સંબંધિત પેટા વિભાગીય કચેરીમાં જઈને ૧૦૦% લેણાની રકમ ભરપાઈ કરવાની રહેશે. આ સાથે ગ્રાહકોએ નિયમ અનુસાર રી કનેક્શન ચાર્જ ભરી અને જરૂરી ઈ-કેવાયસી ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાના રહેશે. પીજીવીસીએલની ટીમે ગ્રાહકો પાસે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.

ગ્રાહકોને સૂચિત કરતા જણાવાયું છે કે, બાકી લેણાંની રકમમાં અધુરી રકમ સ્વીકારવામાં આવશે નહીં. જ્યાં સુધી બાકી લેણાની પૂરી રકમ ભરપાઈ કરવામાં નહીં આવે ત્યાં સુધી વીજ જોડાણ ચાલુ કરવામાં આવશે નહીં. વીજબિલના બાકીના નાણાંની વસુલાત માટે ભુજ વર્તુળ કચેરી હેઠળના ૨૦ પેટા વિભાગીય કચેરીઓમાં આ આયોજન કરાયું છે. બાકી વીજબિલની રકમ ધરાવતા ગ્રાહકોને તંત્ર દ્વારા ફરીથી અરજ કરવામાં આવી છે કે આપનો વીજ પુરવઠો બંધ થાય નહીં તે માટે બાકી વીજ બિલના લેણા રકમ તાત્કાલિક સ્થાનિક પેટા વિભાગીય કચેરીમાં અથવા ઓનલાઈન વિવિધ માધ્યમો દ્વારા ભરપાઈ કરી આપ શો. આ માટે ગ્રાહકો વિવિધ ઓનલાઈન માધ્યમ જેમકે ગુગલ પે, પીજીવીસીએલની વેબસાઈટ, ક્રેડિટ કાર્ડ, ફોન પે, એમેઝોન પે, ભીમયુપીઆઈ, આરટીજીએસ, વિવિધ બેંકો ની મોબાઈલ એપ્લિકેશન વિગેરેનો ઉપયોગ કરીને બાકી રહેતા નાણાની ચુકવણી કરી શકે છે. આથી બાકી રહેતા વીજબિલના નાણાં તાત્કાલિક ભરી અને વીજ જોડાણની કપાતથી બચવા પીજીવીસીએલના સૂત્રો દ્વારા સૂચના અપાઈ છે.

# ખરેખર તો ડ્રાઇવ ગરીબ લોકો સામે નહીં પરંતુ વીજ નિગમ સામે કરવી જોઈએ : વિરમ સાંખલા



**સમગ્ર ભારતમાં વીજળીના દર ગુજરાતમાં સૌથી વધારે છે : વીજનિગમનો નફો દર વર્ષે ડબલથી વધારે વધતો જાય છે : ટાટા પાવર ઓછા રૂપિયામાં વીજળી પૂરી પાડે છે આમ છતાં પણ વધારે રૂપિયા આપી અને અદાણી પાવર પાસે શા માટે વીજળી ખરીદાય છે ? : પ્રજા જો જાગૃત નહીં રહે તો આમ જ લૂંટાતી રહેશે એવી મુન્દ્રાના કોંગ્રેસ અગ્રણીની ચેતવણી**

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજળીના બિલ વસૂલ કરવા માટે ગરીબ અને મધ્યમવર્ગીય લોકો ઉપર કરવામાં આવતી ડ્રાઈવ બંધ કરી અને લોકોને વીજળીના ભાવમાં રાહત આપવા માટે મુન્દ્રા કોંગ્રેસના અગ્રણી વિરમ સાંખરા ગઢવીએ માંગણી કરી છે. તેમણે જણાવ્યું કે, ટાટા પાવરની સીજીપીએલ કંપની રૂપિયા દોઢથી પોણા બે રૂપિયા યુનિટ દીઠ ઓછો ચાર્જ લગાવી અને વીજળી આપે છે આમ છતાં અદાણી પાવર લિમિટેડને વધારે ભાવ ચૂકવી અને સરકાર કરોડો રૂપિયાનું નુકસાન કરી અને અદાણી પાવર પાસેથી જ વીજળી ખરીદવાનો આગ્રહ રાખે છે. એટલે ખરેખર ડ્રાઈવ તો પ્રજાએ ઉર્જા વિકાસ નિગમ સામે કરવી જોઈએ. ઓછા ભાવ મળવાના કારણે ટાટા પાવર એક પણ કર્મચારીને છૂટા નથી કર્યા, પરંતુ તેમને ઓછા ભાવ મળવાને કારણે તેમના યુનિટ બંધ થઈ ગયા છે.

આંકડાકીય વિગતો આપતા તેમણે જણાવ્યું કે, ગયા વર્ષે અદાણી પાવર પાસેથી ૧૫,૩૯૫ કરોડની જ્યારે ટાટા પાવર પાસે ઓછા ભાવે વીજળી મળતી હોવા છતાં ૧૬૧૨ કરોડની વીજળી ખરીદવામાં આવી હતી.

ગુજરાતમાં વીજળીની ચાર પેટા કંપનીઓ જેની અંદરમાં આવે છે તે મૂળ કંપની ગુજરાત ઉર્જા વિકાસ લિમિટેડ "જીયુવીએલ" પ્રજાને લુંટી અને પ્રચંડ નફો કરે છે. તેના આંકડા આપતા તેમણે જણાવ્યું કે, ૨૦૨૨-૨૩માં ૧૫૧૮ કરોડ, ૨૦૨૩-૨૪માં ૬૨૨૫ કરોડ અને છેલ્લે ૨૦૨૪-૨૫માં ૮૪૯૨ કરોડ રૂપિયાનો નિગમે નફો કર્યો છે. એનું કારણ એ છે કે સમગ્ર ભારતમાં બે - ત્રણ રાજ્યોને બાદ કરતાં ગુજરાતમાં સૌથી વધારે ભાવ લોકો પાસેથી વસૂલ કરવામાં આવે છે. બીજા રાજ્યોમાં આનાથી ઓછો નફો હોવા છતાં પણ ગરીબ અને મધ્યમ વર્ગીય લોકોને ૨૦૦ યુનિટ સુધી વીજળી વિનામૂલ્યે આપવામાં આવે છે. મુન્દ્રા અને કચ્છના બીજા તાલુકાના ખેડૂતોની કિંમતી જમીનમાં પોલીસના દબાણથી અદાણી ગ્રુપ જબરજસ્તીથી થાંભલા અને પવનચક્કી નાખે છે અને તેની સામે કોઈ જ રાહત કચ્છના ખેડૂતોને કે પ્રજાને કે પીજીવીસીએલને આપતી નથી તેવું વિરમભાઈએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, જો પ્રજા જાગૃત નહીં રહે તો હજુ પણ તેમને બેફામ રીતે લૂંટવામાં આવશે.

# ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મદિવસે સેવા પ્રવૃત્તિ કરાઈ



ભુજ-કચ્છઉદય : કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મદિવસ નિમિત્તે ભુજમાં ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવા અને શિક્ષણપ્રેરિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ભુજની શાળા નં. ૩ ભીડ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્કૂલ કિટ અને નાસ્તાનું વિતરણ કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ખાખી ચેરીટેબલ ટ્રસ્ટના ઈમરાનભાઈ ચૌહાણ અને તેમની ટીમના સંકલનથી યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓને ઉપયોગી શૈક્ષણિક કિટ આપીને શિક્ષણ પ્રત્યે પ્રેરણા આપવામાં આવી હતી તેમજ નાસ્તાનું વિતરણ કરીને માનવસેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વોર્ડ નં. ૫ના નગરસેવક ધીરેનભાઈ કાસમભાઈ કુંભાર અને કિરણભાઈ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ભીડ પ્રાથમિક શાળાની પ્રિન્સિપાલ આશાબેન ઠક્કર તથા ધારાબેન ગોર દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. શાળાના સ્ટાફના તમામ સભ્યોએ પણ કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટ તરફથી ફેસલ ચૌહાણ, શકીલ ચૌહાણ, લતીફ ખલીફા, સોહરબ ખલીફા સહિતના કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમ સેવાભાવ અને સામાજિક જવાબદારીનો સંદેશ આપતો રહ્યો હતો.

# બેઝિક ગણિતનું પ્રશ્નપત્ર સરળ નીકળતાં વિદ્યાર્થીઓ ખુશખુશાલ



ભુજ - કચ્છઉદય : કચ્છ સહિત રાજ્યમાં હાલે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ શાંતિપૂર્ણ લેવાઈ રહી છે. તા. ૬/૩ ના રોજ ધોરણ ૧૦ ના બેઝિક ગણિતની પરીક્ષામાં ૨૫૨૧૪ માંથી ૨૪૪૩૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. એસ.એસ.સી. નું બેઝિક ગણિત નું પ્રશ્નપત્ર પ્રમાણ માં સહેલું હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. તો એચ.એસ.સી. સામાન્ય પ્રવાહના અંગ્રેજી વિષય દ્વિતીય ભાષામાં ૭૩૩ વિદ્યાર્થીઓ જ્યારે સમાજશાસ્ત્ર વિષયમાં ૮૩૨૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી અને તેમની ટીમ દ્વારા ભુજ, માંડવી, નખત્રાણા, લખપત તાલુકામાં વિજિલન્સ સ્ક્વોર્ડ, બોર્ડ સ્ક્વોર્ડ અને સ્થાનિક સ્ક્વોર્ડની ટીમે નિરીક્ષણ કર્યું હતું. સીસીટીવી નિદર્શન કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે, નિદર્શન ટીમ દ્વારા દરેક પરીક્ષા કેન્દ્રોની ડીવીડીની ચકાસણી કરી જરૂરી ફોર્મસ ભરવામાં આવે છે તેવું જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીની યાદીમાં જણાવાયું છે.

# પૂર્વ વિધાનસભા અધ્યક્ષ સ્વ. કુંદનલાલ ધોળકિયાની ૧૫મી પુણ્યતિથિએ ભુજમાં ભાવવંદના



ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકા દ્વારા ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને કચ્છના અગ્રણી નેતા સ્વ. કુંદનલાલભાઈ ધોળકિયાની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરી યાદ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકી, નગરપાલિકાના સભ્યો અને સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વ. ધોળકિયાનિ પ્રતિમાને હારારોપણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. રશ્મિબેન સોલંકીએ સ્વ. કુંદનલાલભાઈના પ્રદાનને યાદ કર્યું હતું. જન પ્રતિનિધિ તરીકે તેમણે કરેલી પ્રશંસનીય કામગીરીને ભુજ અને કચ્છની જનતા આજે પણ આદરપૂર્વક યાદ કરે છે.

# લાલન કોલેજમાં પ્લેસમેન્ટ કેમ્પ ખાતે ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓ થયાં ઇન્ટરવ્યુ દ્વારા પસંદ



ભુજ - કચ્છઉદય : ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને શિક્ષણ વિભાગના નેજા હેઠળ દર વર્ષની જેમ ઝોન -૬ નો કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેનો પ્લેસમેન્ટ કેમ્પ આર.આર. લાલન કૉલેજ ખાતે યોજાયો હતો, જેમાં ઝોન -૬નાં ઝોનલ ઓફિસર ડૉ. પી.પી રાઠોડ અને સબઝોનલ ઓફિસર ડૉ. એમ.બી ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્લેસમેન્ટ કેમ્પમાં કચ્છ જિલ્લાની ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણની ૧૪ સરકારી અને ગ્રાન્ટેડ કોલેજના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા કુલ ૮૭૩ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી અને સંસ્થા ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં. ૩૧ જેટલી ઈન્ડસ્ટ્રીઝે રજિસ્ટ્રેશન કરાવી અને કંપનીના એચઆર તથા અન્યો ઉપસ્થિત રહ્યાં હતા સાથે આ પ્લેસમેન્ટ કેમ્પમાં ૧૪ જેટલી સંસ્થાઓ પણ ઉપસ્થિત રહી હતી. આ તબક્કે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને સ્પોટ રજીસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓએ ૧૦૩૩ જેટલા ઈન્ટરવ્યુ આપ્યા હતા, જેમાંથી ૩૮૪ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ દ્વારા પસંદ કરવામાં આવેલ છે. સમગ્ર આયોજન આચાર્યના નેજા હેઠળ લાલન કોલેજના સ્ટાફગણ દ્વારા સંભાળવામાં આવ્યું હતું. આ તબક્કે અભ્યાસ પૂર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને નોકરી માટેના ઈન્ટરવ્યૂનો અનુભવ પણ પ્રાપ્ત થયો હતો.

# ભુજના જ્યુબિલી સર્કલ પાસે ઊંચા રોડથી યુનિયન બેંકના ગ્રાહકો પરેશાન

**પ્રવેશદ્વાર પાસે લેવલનો તફાવત સર્જાતા સિનિયર સિટિઝન માટે વાહન ચલાવવું બન્યું મુશ્કેલ : માર્ગ મકાનના અધિકારીને શહેર ભરમાં ઉંચા રોડ નહી દેખાતા હોય...? : ભુજ શહેરમાં હાલ નવા બનેલા રોડથી અકસ્માત સર્જશે તે પહેલા... ધ્યાન દેવાય તે જરૂરી**

ભુજ-કચ્છઉદય : ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ સર્કલ ખાતે આવેલ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના પ્રવેશદ્વાર પાસે નવા બનાવાયેલા રોડના કારણે બેંકના ગ્રાહકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રોડનું લેવલ અચાનક ઊંચું બની જતાં બેંકના પ્રવેશદ્વાર અને રોડ વચ્ચે અંદાજે દોઢ ફૂટ જેટલો તફાવત સર્જાયો છે. આ પરિસ્થિતિને કારણે ખાસ કરીને સિનિયર સિટિઝન ગ્રાહકોને ભારે મુશ્કેલી પડી રહી છે. ઘણા લોકો બેંકમાં કામસર આવતા પોતાના સ્કૂટર કે બાઈક પ્રવેશદ્વાર પાસે ઉતારી દે છે, પરંતુ બહાર નીકળ્યા પછી ઊંચા રોડને કારણે વાહનને રિવર્સમાં ચઢાવવું મુશ્કેલ બની જાય છે અને ઘણીવાર અન્ય લોકોની મદદ લેવી પડે છે. આ સમસ્યા હાલ આ રોડ જ્યાં - જ્યાં બન્યા તે ઉત્પન થઈ છે. જેમાં દિવ્યાંગ સૌથી વધુ ભોગ બની રહ્યા છે. આ રોડ ઉંચા થઈ જવાથી આવતા વરસાદના દિવસોમાં પાણી નિકાલની મોટી સમસ્યા સર્જાય તે પહેલા કોઈ ઉકેલ લાવી પણ જરૂરી છે.

બીજી તરફ જો વાહનો રોડ પર ઉભા રાખવામાં આવે તો ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી થવાની શક્યતા રહે છે. સાથે જ વધુ વાહનો રોડ પર ઊભા રહેતાં ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. સ્થાનિક નાગરિકો અને બેંકના ગ્રાહકો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે નગરપાલિકા તંત્ર અથવા બેંક સંચાલન દ્વારા પ્રવેશદ્વાર પાસે યોગ્ય લેવલિંગ કરી ઢાળ બનાવવામાં આવે, જેથી આવનારા લોકો, ખાસ કરીને વડીલોને, સુવિધા મળી રહે.

# આરાધીવાણી અને પાટકોરીના માધ્યમથી રબારી સમાજનો અનહદનાદ સાથે નાતો : પૂ. ચંદુમા





## ગડુવા દાદા સ્થાનકે ૨૫મો પાટકોરી મહોત્સવ ઉજવાયો : પાટોત્સવમાં માલધારી સમાજ ઉમટી પડ્યો : વ્યસન, ફેશનનો ત્યાગ કરી સનાતન સંસ્કૃતિનું જતન કરવા સંતોએ શીખ આપી

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના બિબ્બર નજીક આવેલા ઓરીડા ડેમની તટ ઉપર પૂજ્ય ગડૂવા દાદાના સ્થાનકે ૨૫મો પાટકોરી મહોત્સવ રજતજયંતિ મહોત્સવ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવવામાં આવ્યો હતો. દાદાના સ્થાનેકે ફાગણ સુદ દસમ અને અગિયારસના ધાર્મિક કાર્યક્રમો સાથે પાટકોરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આરાધીવાણીની રમઝટ બોલાવાઈ હતી. બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. મહોત્સવમાં કચ્છ, ગુજરાત, રાજસ્થાન, બરાડી, હાલારથી દાદાના સેવકો પહોંચી માથું ટેકવ્યું હતું. ઓરીડાના સીમાડામાં આરાધિવાણીનો નાદ ગુજ્યો હતો હતો. શ્રી વાંકોલ માતાજીનો જય જય કાર બોલાવવામાં આવ્યો હતો. પાટકોરીના મુખ્ય યજમાન તરીકે વડવા ભોપાના ભોપા જેસા લખમીર રહ્યા હતા. ગડૂવા દાદાને સ્વ. ભોપા વેલા રાજા પરિવાર દ્વારા ૫૨ ગજની ધજા ચડાવવામાં આવી હતી. ભોપા જેસા લખમીરનું સમિતિ દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું હતું. મંદિરના વિકાસમાં સિહ ફાળો આપવા બદલ જેસા ભોપાની કામગીરીને સમાજ વતીથી બિરદાવવામાં આવી હતી. છેલ્લા ૨૫ વર્ષથી મંદિરનો વિકાસ કરાઈ રહ્યો છે રસ્તા, કોમ્યુનિટી હોલ, સેડ, વન કુટીર, ભોજનાલય તેમજ મંદિર પરિસર સહિતના કામો કરવામાં આવ્યા છે. ગઢશીશા અંબે ધામથી પુ. ચંદુમાં, બિબ્બરથી પૂજ્ય જગજીવનદાસ દાદા, મોરજર અખાડાથી દિલીપદાદા કાપડી સહિતે પ્રસંગિક ઉદબોધન કરી આશિવચન પાઠવ્યા હતા. આરાધીવાણીના માધ્યમથી રબારી સમાજનો અનહદ નાદ સાથે કનેકશન રહ્યો છે. પાટકોરી તથા આરાધીવાણી જીવિત રાખવા માટે રબારી સમાજ તથા ભક્તોએ જ્યોત જલતી રાખીને સંસ્કૃતિનું જતન કર્યું છે. રબારી સમાજ વ્યસન, ફેશન અને કુરિવાજોથી દૂર રહી દેવત્વ સાથે જોડાઈ અલખનો નાદ જગાવી રહ્યા છે. સનાતન સંસ્કૃતિનો જતન કરી રહ્યા છે એવું સંતોએ જણાવ્યું હતું આ પ્રસંગે વડવા ભોપાના ભોપા કાયા દેવશી ભોપા, જેસા લખમીર ભોપા, સામત દેવા ભોપા, રવા લાખા ભોપા, હીરા કલા ભોપા, વંકા રાણા ભોપા, વેરસી રાણા ભોપા, વેસા લખમીર, વડવાના સરપંચ દેવા ભોપા, હીરા ભોપા, ભોપા રાજા, દેવા ભોપા, મમુ દેવા ભોપા, રામા દેવસી ભોપા, પેના ખેગાર, લાખા ભોપા, ભોપા વરજાગ રામા, ભોપા આસારામા સહિતના વડવા ભોપા ભોપાવાંઢથી મોટીસંખ્યામાં ભુવાજીઓ પધાર્યા હતા. જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિના પ્રમુખ રવિભાઈ ગરવા, અમૃતભાઈ ગરવા, બાબુભાઈ શેખાણી, નરસી માસ્તર, પ્રવીણભાઈ રૂપાણી, નિરોણા સરપંચ એન.ટી. આહીર, રબારી સમાજના પૂર્વ પ્રમુખ ખેંગાર પબા રબારી, માંડણભાઈ રાણાભાઈ રબારી, મંગલભાઈ વેલાભાઈ રબારી, માંડા ભોપા, જેઠા માંડા રબારી, વેલા કમા રબારી, વિશાલ ભોપા, ભામુ ભોપા સહિત દાદાના મોટી સંખ્યામાં અનુઆયીયો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન રબારી વંકા મમુ, જેસા રાજા, રણધીર વેસાએ કર્યું હતું.

**રવિવારે દીક્ષા મહોત્સવ**

# મુમુક્ષુ રત્ના કોકિલાબેન કોઠારીનું અભિવાદન કરાયું



ભુજ - કચ્છઉદય : મુમુક્ષુ રત્ના કોકિલાબેન પ્રદિપભાઈ કોઠારી મૂળ વતન પલાંસવાના હાલે સુરત તાજેતરમાં જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના લાલટેકરી પોઈન્ટ પર આવેલ કાર્યાલયમાં પાવન પગલાં કરતાં સંસ્થાના ભારતીબેન મહેતા, દક્ષાબેન વોરા વગેરેના હસ્તે તેમને અક્ષતથી વધાવી આવકાર અપાયો હતો. અને કુમકુમ તિલક સાથે તેમનું અભિવાદન કરાયું હતું. મુમુક્ષુ રત્ના કોકિલાબેન સુરત મધ્યે તા. ૮-૩ના શ્રી મહાવીર પ્રભુના પંથે મહાભિનિષ્ક્રમણ કરી કચ્છ - વાગડના કર્ણધાર પ.પૂ. આ.ભ. વિજય કલાપૂર્ણ સુરીશ્વરજી મ.સા.ના સાધ્વી બનશે. તેમના પુત્રી, માતા તેમજ કાકાઈ ભાઈ - બહેન વગેરે ૪ પરિવારજનો અગાઉ પ્રવજ્યાનો પંથ સ્વીકારી સાધુ - સાધ્વી બની જીનશાસનની શોભા વધારી રહ્યા હોવાનું જૈન અગ્રણી વી.જી. મહેતાએ જણાવ્યું હતું. આ અવસરે ચેરમેન હિરેન દોશી, પ્રદિપભાઈ દોશી, શાંતિલાલ મોતા, વિજય મહેતા, મીનાબેન મોતા, ભાવનાબેન જોષી, ડો. રૂપાલીબેન મોરબિયા, કે.બી. પરમાર, ઓજશ શેઠ વગેરેએ મુમુક્ષુને શુભેચ્છા પાઠવી હતી.

# વરસાણામાં નેશનલ હાઈવે પર નશીલા પદાર્થોના કારોબાર માટે બનાવેલું ગેરકાયદે હોટલનું બાંધકામ જમીનદોસ્ત







## એનડીપીએસના ગુનામાં સંડોવાયેલા આરોપીએ સરકારી જમીન પર ખડકેલા દબાણ પર અંજાર પોલીસ અને હાઈવે ઓથોરિટીના બુલડોઝર ફરી વળ્યા


ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છના અંજાર પોલીસ મથકની હદમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને નશીલા પદાર્થોના વેચાણ સામે તંત્ર દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો છે. રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ અંજાર વિભાગના નાયબ પોલીસ અધીક્ષક મુકેશ ચૌધરીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નેશનલ હાઈવે ઓથોરિટીની સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા હોટલ અને ઢાબાના બાંધકામને તોડી પાડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર મામલાની વિગત મુજબ, પ્રકાશકુમાર હરીંગારામ બિશ્નોઈ નામનો શખ્સ, જે તાજેતરમાં હેરોઈન (સ્મેક/ચીટા) જેવા કેફી દ્રવ્યો સાથે પકડાયો હતો તેણે વરસાણા ગામના બસ સ્ટેશન પાસે હાઈવે પર નેશનલ હાઈવે ઓથોરિટીની જમીન પર આશરે ૬૦ વાર જેટલા વિસ્તારમાં પતરાનું ગેરકાયદેસર હોટલ-ઢાબું બનાવ્યું હતું. અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર.ગોહિલ દ્વારા આ બાંધકામની ખરાઈ કરાવતા જાણવા મળ્યું હતું કે આ સ્થળનો ઉપયોગ નશીલા પદાર્થોના વેચાણ જેવી અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કરવામાં આવતો હતો.

તંત્ર દ્વારા આ ગેરકાયદેસર દબાણને ગંભીરતાથી લઈ તાત્કાલિક અસરથી દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અંજાર પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરિટીના સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી આશરે ૩,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે અહીં ગેરકાયદે વીજકનેશન દૂર કરી ૧૦ હજારનો દંડ કરવામાં આવ્યો હતો.

# રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સે ફિનલેન્ડની અગ્રણી ફૂડ કંપની ફેઝર સાથે એમઓયુ સાઈન કર્યા



**ફેઝરની પ્રખ્યાત ચોકલેટ્સ અને કન્ફેક્શનરીઝ આર.સી.પી.એલ.ભારતીય ગ્રાહકો સુધી પહોંચાડશે**



ભુજ - કચ્છઉદય : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની એફ.એમ.સી.જી. પેટાકંપની રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે (આર.સી.પી.એલ.) ફિનલેન્ડની અગ્રણી ફૂડ કંપની ફેઝર સાથેમેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમ.ઓ.યુ.) પર હસ્તાક્ષર કર્યા છે. આ જોડાણના ભાગરૂપે બંને કંપનીઓ ફેઝરની રેસિપી અને ગુણવત્તાના ઉચ્ચત્તમ ધોરણોનો ઉપયોગ કરીને ભારતમાં બ્રાન્ડેડ પ્રીમિયમ ચોકલેટ્સનું ઉત્પાદન, માર્કેટિંગ અને વિતરણ કરવા માટે લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારી સ્થાપિત કરશે.

ફિનલેન્ડના માનનીય રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબની ભારતની સત્તાવાર મુલાકાતના ભાગરૂપે આ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, તેનો ઉદ્દેશ્ય ભારત અને ફિનલેન્ડ વચ્ચેના વ્યાપારી સંબંધોને મજબૂત બનાવવાનો અને તેની સાથે જ ફેઝરની પ્રખ્યાત બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ્સને સ્થાનિક બજારમાં સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો છે. ભાગીદારી ફેઝરના પ્રતિષ્ઠિત વારસા સમાન બ્રાન્ડ્સ, નવીન પ્રોડક્ટ પોર્ટફોલિયો અને વિશ્વની શ્રેષ્ઠ ચોકલેટ્સને આર.સી.પી.એલ.ના વિશાળ સ્કેલ અને ભારતભરના અંદાજે ત્રણ મિલિયન રિટેલ આઉટલેટ્સ સુધીની પહોંચ અને ભારતીય બજારના ઊંડા અનુભવ સાથે જોડશે. બંને કંપનીઓ સાથે મળીને ભારતના ચોકલેટ અને કન્ફેક્શનરી બજારમાં એક અનોખું સ્થાન બનાવવાની ક્ષમતા ધરાવે છે, જે વધતી જતી ગ્રાહક આવક અને સંગઠિત રિટેલના વ્યાપને કારણે ઝડપથી વિકસે તેવી અપેક્ષા છે.

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના ડાયરેક્ટર ટી. કૃષ્ણકુમારે જણાવ્યું હતું કે, ફેઝર સાથેની ભાગીદારી એ વિશ્વની શ્રેષ્ઠ ચોકલેટ્સમાંથી એકને ભારતીય ગ્રાહકો સુધી પહોંચાડવા તરફનું એક વ્યૂહાત્મક પગલું છે. આ ભાગીદારી ચોકલેટ અને કન્ફેક્શનરી માર્કેટમાં આર.સી.પી.એલ.ની વૃદ્ધિને પણ વેગ આપશે. ફેઝરની વૈશ્વિક સ્તરે વિશ્વાસપાત્ર બ્રાન્ડ્સ અને ઉત્પાદન શ્રેષ્ઠતાને આર.સી.પી.એલ.ની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓ, મજબૂત વિતરણ નેટવર્ક અને ગ્રાહકોની ઊંડી સમજ સાથે જોડીને અમે ભારતીય ગ્રાહકો માટે વિશ્વ સ્તરના ઉત્પાદનો અહીં લાવવા અને આ સમગ્ર કેટેગરીના અનુભવને વધુ બહેતર બનાવવા માટે સજ્જ છીએ.

આ એમ.ઓ.યુ. અંગે ટિપ્પણી કરતા ફેઝરના પ્રેસિડેન્ટ અને સીઈઓ ક્રિસ્ટોફ વિટ્ઝથુમે જણાવ્યું હતું કે, ભાગીદારી ફેઝર માટે ઝડપથી વિકસતા ભારતીય બજારમાં અમારી અનોખી પ્રોડક્ટ્સ રજૂ કરવાની એક સુવર્ણ તક છે. ભારતમાં આરસીપીએલ દ્વારા વ્યાપારીકરણ અને વિતરણની જવાબદારી સંભાળવાથી અમે ચોકલેટ માર્કેટમાં એક પ્રીમિયમ સ્થાન બનાવી શકીએ છીએ અને એક અગ્રણી તથા અત્યંત સક્ષમ સ્થાનિક ભાગીદાર સાથે દેશભરમાં મોટા પાયે વિસ્તરણનો પાયો નાખી શકીએ છીએ. આ વ્યૂહાત્મક ભાગીદારી થકી ભારતના વિશાળ ચોકલેટ માર્કેટમાં પ્રવેશ કરવાથી અમારી આંતરરાષ્ટ્રીય વૃદ્ધિને નોંધપાત્ર રીતે વેગ મળવાની ક્ષમતા મળશે.

વર્ષ ૨૦૨૨માં તેની શરૂઆત થઈ ત્યારથી આર.સી.પી.એલે. રાવલગાંવ, ટોફીમેન અને પાન પસંદ જેવી ભારતની પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ તેમજ લોટસ ચોકલેટ્સને પુનર્જીવિત કરીને ચોકલેટ અને કન્ફેક્શનરી માર્કેટમાં તેની હાજરીનો સફળતાપૂર્વક વિસ્તાર કર્યો છે. આર.સી.પી.એલ.'પરવડે તેવી કિંમતે વૈશ્વિક ગુણવત્તા'પૂરી પાડવા માટે કટિબદ્ધ છે અને તેણે માલીબન, નેક્સબા અને પેસ જેવી કેટલીક લોકપ્રિય વૈશ્વિક બ્રાન્ડ્સ પણ ભારતીય ગ્રાહકો માટે રજૂ કરી છે.

ફેઝરનીફોકસ્ડ ગ્રોથ સ્ટ્રેટેજી છે જેના મૂળમાં સતત વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય વૃદ્ધિના નોંધપાત્ર લક્ષ્યાંકો રહેલા છે. નોર્ડિક્સ અને બાલ્ટિક્સની સાથે પોલેન્ડ અને ચીનમાં કામગીરી તેમજ વિશ્વભરના ૪૦થી વધુ દેશોમાં નિકાસ સાથે ફેઝર પહેલેથી જ સ્થાપિત વૈશ્વિક હાજરી ધરાવે છે. તેની આંતરરાષ્ટ્રીય વૃદ્ધિની સફર ચાલુ રાખતા ફેઝર માત્ર ઓર્ગેનિક રીતે જ નહીં પરંતુ મર્જર અને એક્વિઝિશન થકી પણ વિસ્તરણ કરવાની તકો શોધી રહ્યું છે. કંપની અસ્તિત્વ ધરાવતાં અને નવા એમ બંને બજારોમાં તેની સ્થિતિ મજબૂત કરવા માટે તમામ રસ્તા શોધવા માટે પ્રતિબદ્ધ છે.

# માધાપર મૂળના વેલુબેન હીરજી ભુડિયા પરિવારનું રૂ. ૭.૫૦ લાખનું દાન અપાયો

**લાયન્સ હોસ્પિટલને ડાયાલિસીસ મશીનની ભેટ : ભવિષ્યમાં મફત મેગા આંખ ઓપરેશન કેમ્પ યોજવાની ઈચ્છા**

ભુજ - કચ્છઉદય : એલ.એન.એમ. લાયન્સ હોસ્પિટલ ખાતે લાયન્સ ક્લબ ઓફ માધાપરના નેતૃત્વ હેઠળ ડાયાલિસીસ મશીનના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. માધાપર મૂળના અને હાલ યુનાઈટેડ કિંગડમ સ્થિત વેલુબેન હીરજી ભુડિયા પરિવાર દ્વારા સ્વ. મનજી લધા ભુડિયા, સ્વ. રામબાઈ મનજી ભુડિયા અને સ્વ. હીરજી મનજી ભુડિયાના આત્મશ્રેયાર્થે રૂ. ૭,૫૦,૦૦૦નું દાન આપી ડાયાલિસીસ મશીન અર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન દાતા પરિવાર તરફથી આગામી સમયમાં આંખના દર્દીઓ માટે મફત મેગા ઓપરેશન કેમ્પ યોજવાની ઈચ્છા પણ વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે દાતા પરિવારના વેલુબેન હીરજી ભુડિયા અને શાંતિભાઈ સિયાણીનું સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે રતનબેન શાંતિભાઈ સિયાણી, માનુબેન મૂરજી હીરાણી, પ્રકાશ મૂરજી હીરાણી, વાલુબેન માવજી રૂડા, જસુબેન હરીશ વરસાણી, રાધાબેન દબાસિયા અને દેવજીભાઈ ગાંગજી દબાસિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન લાયન્સ ક્લબ ઓફ ભુજના પ્રમુખ ચંદ્રકાન્ત સોનીએ કર્યું હતું.

એમજેએફ ડૉ. ભરત મહેતાએ હોસ્પિટલમાં ચાલી રહેલી સેવાકીય પ્રવૃત્તિઓ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે લાયન્સ હોસ્પિટલ છેલ્લા ૨૦ વર્ષથી કિડનીના દર્દીઓ માટે મફત ડાયાલિસીસ સેવા આપી રહી છે. અત્યાર સુધી અહીં ૨,૨૧,૦૦૦થી વધુ મફત ડાયાલિસીસ કરવામાં આવ્યા છે. કચ્છના વિવિધ ગામડાંઓમાંથી દર્દીઓ નિયમિત સારવાર માટે અહીં આવતા હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે હોસ્પિટલમાં ચાલી રહેલી આંખના મોતિયાના ઓપરેશન, ડેન્ટલ વિભાગ, ઓડિયોમેટ્રી વિભાગ, જનરલ ઓપીડી, પેથોલોજી લેબોરેટરી તેમજ એમ્બ્યુલન્સ જેવી સેવાઓ અંગે માહિતી આપી હતી અને મફત ડાયાલિસીસનો લાભ લઈ રહેલા દર્દીઓના પરિવારજનો તરફથી દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તરીકે એમજેએફ મીના મહેતા રહ્યા હતા. ઉપરાંત મનસુખ શાહ, શૈલેશ માણેક, અનુપ કોટક, વાડીલાલ ઠાકરાણી, નવીન મહેતા, કમલબેન જોશી અને રોહિત જોશી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન લાયન અભય શાહે કર્યું હતું જ્યારે આભારવિધિ સંદીપ ખીરાએ વ્યક્ત કરી હતી.

# રામપર-વેકરાના જીજ્ઞેશ લીંબાણી ગાય આધારીત વિવિધ ઉત્પાદનો બનાવી બન્યા આત્મનિર્ભર






**ભુજ ખાતે સ્વદેશી મેળામાં પ્રાકૃતિક ખેતી આધારીત કઠોળથી લઇને સૌંદર્ય પ્રસાધનો બન્યા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર**

ભુજ - કચ્છઉદય : કેન્દ્ર તથા રાજ્ય સરકાર સ્વદેશીને પ્રોત્સાહન મળે તે દિશામાં કાર્યરત છે ત્યારે માંડવી તાલુકાના રામપર-વેકરાના જિગ્નેશ લીંબાણીના ગાય આધારીત અવનવા ઉત્પાદનો લોકોમાં રસનો વિષય બન્યા છે.

જિગ્નેશભાઇ જણાવે છે કે, ગાય આધારીત ખેતીનું મિશન જ્યારે રાજ્ય સરકાર ચલાવી રહી છે. ત્યારે હું પણ સ્વામી દેવચરણના માર્ગદર્શન હેઠળ ગાય આધારીત ખેતી સાથે કેમિકલ ફ્રી રોજિંદા વપરાશના સૌંદર્ય પ્રસાધનો બનાવી રહ્યો છું. જેનો મુખ્ય હેતુ ગાયનું અસ્તિત્વ ટકી રહે તથા લોકોના આરોગ્ય સાથે થતાં ગંભીર ચેડાને અટકાવી શકાય. આજના સમયમાં અનાજ, કઠોળ, શાકભાજીમાં વપરાતી દવાઓથી લઈને સાબુ, શેમ્પુ, ફેશવોશ, બોડી લોશન વગેરે ચીજોમાં વપરાતા કેમિકલ આરોગ્યને નુકશાન કરી રહ્યા છે. ત્યારે આ માહોલ વચ્ચે અમે છેલ્લા ચાર વર્ષથી લોકોને ઝેરમુક્ત ખોરાક મળી રહે તે માટે પ્રયત્નશીલ છીએ. હાલ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત મગ, બાજરો, મસાલા વગેરે સાથે ચોખ્ખું મધ, કોલ્ડપ્રેસ સીંગ, તલ તથા કોપરેલનું તેલ, દેશી ઘી, દેશી ગોળ આ સાથે ગાય આધારિત પ્રોડક્ટમાં નસ્ય, પેયમ, આઈડ્રોપ, બ્રાઉન સુગર, ગૌમૂત્ર અર્ક, મસાજ ઓઈલ અને કેમિકલ ફ્રી ફેસપેક, ફેશવોશ, શેમ્પુ, બોડીવોશ, સાબુ વગેરેનું ઉત્પાદન અમારી ગૌ- શાળા ખાતે ગોપદ બ્રાન્ડના નેજા હેઠળ કરીએ છીએ. ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિવિધ રોજગાર મેળામાં અમે ભાગ લઈએ છીએ જેના કારણે અમને ખૂબ જ ફાયદો થયો છે. નિ:શુલ્ક વેચાણ પ્લેટફોર્મના કારણે અમે સીધા જ ગ્રાહકો સાથે જોડાઈ શકીએ છીએ. આ માટે હું રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

# ૧૦૮ સેવામાં એમ્બ્યુલન્સ સોંપાતા જિલ્લાના ૫૪ ડ્રાઈવરો બેરોજગાર

**નખત્રાણા, લખપત, અબડાસા વિસ્તારમાં આરોગ્ય સેવાઓ પર અસરની ભીતિ : ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાને રજૂઆત**

નખત્રાણા - કચ્છઉદય : જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે ખરીદવામાં આવેલી એમ્બ્યુલન્સોને તાજેતરમાં ૧૦૮ સેવા સંચાલિત કરતી જીવીકે પ્રાઈવેટ લિમિટેડ કંપનીને સુપરત કરવામાં આવતા લાંબા સમયથી સેવા આપતા એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા છે. ૫૪ જેટલા ડ્રાઈવરો આ નિર્ણયથી બેરોજગાર બન્યા હોવાનું સામે આવ્યું છે, જેને લઈને અસરગ્રસ્ત ડ્રાઈવરો દ્વારા ફરી નોકરીએ લેવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ વર્ષ ૨૦૨૧ દરમિયાન જિલ્લામાં કાર્યરત ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણ, ફેમિલી પ્લાનિંગ અને દર્દીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ સુધી પહોંચાડવાની સુવિધા મજબૂત બનાવવા જિલ્લા આયોજન, ધારાસભ્ય ગ્રાન્ટ, દાતાઓના દાન તથા મિનરલ ફાઉન્ડેશનના ફંડમાંથી એમ્બ્યુલન્સ વાહનો ખરીદવામાં આવ્યા હતા. આ એમ્બ્યુલન્સ દ્વારા ગામડાંઓમાં આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ સહાય મળતી હતી. તાજેતરમાં આરોગ્ય વિભાગ દ્વારા આ એમ્બ્યુલન્સોને ૧૦૮ સેવા હેઠળ કાર્યરત જીવીકે કંપનીને સુપરત કરાતા આ વાહનો ચલાવતા ડ્રાઈવરોને નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા છે. ખાસ કરીને અબડાસા વિધાનસભા ક્ષેત્રના નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાના સરકારી દવાખાનાઓમાં કાર્યરત ૨૧ જેટલા ડ્રાઈવરો અચાનક બેરોજગાર બનતા તેમના પરિવારોની રોજીરોટી પર ગંભીર અસર પડી છે.

અસરગ્રસ્ત ડ્રાઈવરો દ્વારા સંગઠન મારફતે અબડાસા વિધાનસભાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાને લેખિત રજૂઆત કરીને ન્યાયની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે લખપત, અબડાસા અને નખત્રાણા વિસ્તારના અનેક ગામડાંઓમાં આરોગ્ય સેવાઓ માટે પૂરતી એમ્બ્યુલન્સ ઉપલબ્ધ નથી. જેના કારણે દર્દીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં મુશ્કેલીઓ ઉભી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ડ્રાઈવરોની માંગ છે કે ૧૦૮ સંચાલક કંપનીને સુપરત કરાયેલા વાહનો ફરીથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પરત આપવામાં આવે અને અગાઉથી સેવા આપતા ડ્રાઈવરોને ફરી નોકરીએ લેવામાં આવે. સાથે સાથે પોલિયો ટીપાં અભિયાન, બાળ રસીકરણ, મેલેરિયા કેમ્પ અને ટીબી કેમ્પ જેવી આરોગ્ય સેવાઓ એમ્બ્યુલન્સના અભાવે અસરગ્રસ્ત ન બને તે માટે તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

ડ્રાઈવર સંગઠનના તત્કાલિન પ્રમુખ દેવેન જોશીએ જણાવ્યું હતું કે અગાઉ આ મુદ્દે રાજ્યના તત્કાલિન આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ તથા આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. તે સમયે છૂટા કરાયેલા ડ્રાઈવરોને ૧૦૮ સેવામાં સમાવી લેવા ખાતરી આપવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ ડ્રાઈવરને નોકરીમાં લેવામાં આવ્યો નથી, જેના કારણે ડ્રાઈવરોમાં અસંતોષ ફેલાયો છે.

# ભુજમાં ૨૦૧ ધાર્મિક પુસ્તકોનું વિતરણ કરાયું

ભુજ - કચ્છઉદય : શહેરની સંસ્કૃત પાઠશાળા ખાતે હાટકેશ સેવા મંડળ,અંબિકા મહિલા મંડળ અને ગીતાજી કેન્દ્ર દ્વારા તાજેતરમાં ગુજરાતી ભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. અધ્યક્ષ સ્થાને સંચાલક વિભાકરભાઈ અંતાણી હતા. પ્રારંભમાં બાળકોએ ગુજરાતીમાં પ્રાર્થના રજૂ કરી હતી. દર્શનાબેન મુનશીએ ગુજરાતી ભાષાનું મહત્વ સમજાયું હતું. બાળકો માટે શ્રેષ્ઠ કાવ્ય વાંચન સ્પર્ધા યોજાઈ હતી, જેમાં સાત જેટલા વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જુદી જુદી સંસ્થાઓને ૨૦૧ જેટલા ધાર્મિક પુસ્તકો આપવામાં આવ્યા હતા. જયશ્રીબેન હાથી, વારીસભાઈ પટણી, આશાબેન સ્વાદીયા, વત્સલાબેન શુક્લ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઈનામ ડો. પ્રફુલભાઈ રાણા પરિવાર તરફથી અપાયા હતા. સંચાલન આશિષ વૈદ્યે જ્યારે આભાર વિધિ રોહિતભાઈ પાઠકે કરી હતી. એવું તુષારભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું.

# અંજાર ખાતે શિક્ષકોની વોલીબોલ ટુર્નામેન્ટમાં તુણા-દેવળીયા ટીમ ચેમ્પિયન

અંજાર-કચ્છઉદય : અખિલ ભારતીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ અંજાર તાલુકા અને નગર દ્વારા ડી.વી. હાઈસ્કૂલ, અંજાર ખાતે આયોજિત વોલીબોલ ટુર્નામેન્ટમાં ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મુકાબલામાં તુણા - દેવળીયા ટીમે જોરદાર રમત બતાવી ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા. ગૌતમભાઈ જોષી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની યોગ સ્પર્ધામાં ભાગ લેનાર પટેલ હસ્ત વરૂણભાઈ તેમજ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ અને શાળાકીય રમતોત્સવમાં પ્રથમ ક્રમે વિજેતા બનેલી વલ્લભદાસજી મહારાજ પ્રાથમિક શાળાની અંડર-૧૪ ટીમના વિદ્યાર્થીઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટને સફળ બનાવવા જિલ્લા ફેરબદલીથી ગયેલા શિક્ષક રોનકભાઈ પટેલ અને આદિત્યભાઈ ત્રિવેદી દ્વારા ટ્રોફી અને મેડલનું દાન આપવામાં આવ્યું હતું. તેમજ જિલ્લા ફેરબદલીથી ગયેલા શિક્ષક પટેલ નિર્મલસાગર અને સંજય પ્રજાપતિએ વોલીબોલનું દાન આપ્યું હતું. સંગઠનના પદાધિકારી કરસનભાઈ વાળાએ વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. સંચાલન ભલોટ પ્રાથમિક શાળાના આચાર્ય રમેશભાઈ વાળાએ કર્યું હતું. આ પ્રસંગે મૂળજીભાઈ ગઢવી, નયનભાઈ વાંઝા, અમરાભાઈ રબારી, રમેશભાઈ ગાગલ, મયુરભાઈ પટેલ, કાંતિભાઈ રોઝ, જખરાભાઈ કેરાસિયા, અમોલભાઈ ધોળકિયા, હરદેવસિંહ જાડેજા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આયોજનને સફળ બનાવવા પિયુષભાઈ ડાંગર, વિપુલભાઈ ત્રિવેદી, હસુભાઈ પરમાર, વિનોદભાઈ હડિયા, કમલેશભાઈ નાયી, વનરાજ ઝીલરિયા, નરસિંહભાઈ ડાંગર તેમજ શેઠ ડી.વી. હાઈસ્કૂલના આચાર્ય જયેશભાઈ પીઠડીયા સહિત તમામ સભ્યોએ મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો.

# ભડલી ગરીબનાથજી આશ્રમના ગાદીપતિ યોગી સોમનાથજી બ્રહ્મલીન

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ભડલી (થરાવડા) ગામે સ્થિત બ્રહ્મયોગી ગરીબનાથજીની તપોભૂમિ તરીકે જાણીતા મંદિર-આશ્રમ સ્થાનકના પૂજારી ગાદીપતિ યોગી સોમનાથજી ગુરૂ લહેરનાથજી બ્રહ્મલીન થતાં સંત સમાજ તેમજ ભાવિકોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેમના નિધનના સમાચાર મળતા આસપાસના વિસ્તારોમાંથી સંતો અને ભાવિકો મોટી સંખ્યામાં ભડલી ખાતે પહોંચ્યા હતા.

બ્રહ્મલીન સંતની પાલખી યાત્રા બાદ ગરીબનાથજી સ્થાનકના સંકુલમાં નાથ સંપ્રદાયની પરંપરા મુજબ સમાધિ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સ્થળોથી આવેલા સંતો અને ભાવિકોએ યોગી સોમનાથજીને અંતિમ વિદાય આપી તેમની સેવાભાવી જીવનયાત્રાને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. સમાધિ વિધિ દરમિયાન મહંત યોગી પીર સોમનાથજી દાદા (થાન જાગીર), મહંત યોગી મહેશનાથજી ગુરુ હીરાનાથજી (ધીણોધર ડુંગર), યોગી મોજનાથજી ગુરુ સોમનાથજી (થાન જાગીર), યોગી આઝાદનાથજી, યોગીશ્રી કંથળનાથજી (મનફરા), વીરમનાથજી, રાહુલનાથજી તેમજ મહંત યોગેશનાથજી ગુરુ સોમનાથજી સહિત સંતસમાજ ઉપસ્થિત રહ્યો હતો. આ ઉપરાંત સ્થાનક સમિતિના સભ્યો તેમજ ગામના આગેવાનો ખેતુભા જાડેજા, હરિભાઈ પટેલ (સરપંચ), પચાણભાઈ ગરવા, લાલજી મહેશ્વરી, શિવુભા જાડેજા સહિત ભડલી અને થરાવડા વિસ્તારના મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ભડલી આશ્રમ ખાતે આયોજિત માતાજી કનકેશ્વરીની દેવી ભાગવત કથાના સફળ આયોજનમાં યોગી સોમનાથજી દાદાનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ આશ્રમમાં અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ યોજાતી રહેતી હતી.

# ઈઝરાયલની મોટી સ્પષ્ટતા: પીએમ મોદીને હુમલા અંગે કોઈ અગાઉથી જાણ નહોતી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : માર્ચ મહિનાની શરૂઆતમાં જ મધ્ય પૂર્વમાં એક ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર સંયુક્ત સૈન્ય હુમલો કરવામાં આવ્યો, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈનું નિધન થયું છે. આ હુમલાની ટાઈમિંગને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે અને ભારતીય રાજકારણમાં અનેક અટકળો વહેતી થઈ છે, કારણ કે આ હુમલો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈઝરાયલ પ્રવાસના ઠીક બે દિવસ બાદ થયો હતો. પીએમ મોદી ૨૫-૨૬ ફેબ્રુઆરીએ ઈઝરાયલના પ્રવાસે હતા, જેના કારણે સોશિયલ મીડિયા પર એવી અફવાઓ ફેલાઈ હતી કે ભારતને આ હુમલાની અગાઉથી જાણ હતી. આ વિવાદ વધતા હવે ઈઝરાયલે સામે આવીને સ્પષ્ટતા કરવી પડી રહી છે.

ઈઝરાયલના વિદેશ મંત્રી ગિદોન સારએ રાયસીના ડાયલોગમાં વર્ચ્યુઅલી ભાગ લેતા સ્પષ્ટ કર્યું હતું કે, પીએમ મોદીના પ્રવાસ દરમિયાન તેમને ઈરાન પર થનારા હુમલા અંગે કોઈ પણ પ્રકારની 'બ્રીફિંગ' કે માહિતી આપવામાં આવી નહોતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત સાથે ઈઝરાયલના સંબંધો અત્યંત મજબૂત અને મહત્ત્વના છે, પરંતુ સૈન્ય કાર્યવાહીનો અંતિમ નિર્ણય પીએમ મોદી ભારત જવા રવાના થયા તેના પછી એટલે કે શનિવારની વહેલી સવારે લેવામાં આવ્યો હતો. આ પહેલા ઈઝરાયલના રાજદૂતે પણ સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ પૂર્વ-નિર્ધારિત યોજના નહોતી, પરંતુ ઈન્ટેલિજન્સ રિપોર્ટના આધારે મળેલી એક ઓપરેશનલ તક હતી, જેના પર પીએમ મોદીના ગયા બાદ અમલ કરવામાં આવ્યો હતો.

ઈઝરાયલે આ કડક પગલું લેવા પાછળનું મુખ્ય કારણ ઈરાન દ્વારા સતત વધી રહેલા પરમાણુ કાર્યક્રમ અને તેની મિસાઈલ ક્ષમતાને ગણાવ્યું છે. વિદેશ મંત્રીના જણાવ્યા અનુસાર, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ, ત્યારે ઈઝરાયલના અસ્તિત્વ પર મંડરાતા જોખમને દૂર કરવા આ હુમલો અનિવાર્ય બન્યો હતો. આ ઉપરાંત, ઈરાન દ્વારા હિઝબુલ્લાહ, હમાસ અને હૂથી બળવાખોરોને આપવામાં આવતા સમર્થનને પણ આ હુમલાનું મોટું કારણ ગણાવ્યું છે. ઈઝરાયલે હવે ઈરાનમાં સત્તા પરિવર્તનની દિશામાં પણ સંકેત આપ્યા છે.

ભારતમાં વિપક્ષી નેતાઓ દ્વારા પીએમ મોદીની ઈઝરાયલ મુલાકાત અને ત્યારબાદના હુમલાને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. જોકે, ઈઝરાયલ વારંવાર સફાઈ આપીને એ સાબિત કરવા માંગે છે કે તેમનો વ્યૂહાત્મક ભાગીદાર ભારત આ સૈન્ય યોજનામાં સામેલ નહોતું. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી '૪૮ કલાકની થિયરી' એટલે કે મોદી ઈઝરાયલમાં હતા ત્યાં સુધી યુદ્ધ અટકાવી દેવાયું હતું, તેનું પણ ઈઝરાયલે ખંડન કર્યું છે. ઈઝરાયલ એ સુનિશ્ચિત કરવા માંગે છે કે મધ્ય પૂર્વના આ જટિલ સંઘર્ષમાં ભારતની તટસ્થ છબીને કોઈ નુકસાન ન પહોંચે.

# ત્રીજા સંતાનના જન્મ પર મળશે ૨૫,૦૦૦ રૂપિયા

**જન્મદર વધારવા માટે આંધ્ર પ્રદેશ સરકારની અઢળક ઓફરો : ત્રીજા બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી દર મહિને ૧૦૦૦ રૂપિયા અને ૧૮ વર્ષની ઉંમર સુધી મફત એજ્યુકેશન : ત્રીજા સંતાન માટે માતાને ૧૨ મહિનાની મેટરનિટી લીવ અને પિતાને બે મહિનાની પેટરનિટી લીવ**

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આંધ્ર પ્રદેશમાં સતત ઘટતા જતા જન્મદર માટે મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ વિધાનસભામાં જનસંખ્યા પ્રબંધન નીતિનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ નીતિ અંતર્ગત સરકાર યુગલોને ત્રીજા બાળકને જન્મ આપવા માટે પ્રોત્સાહિત કરશે. એ માટે માતા-પિતાને વિશેષ રજાઓ અને મહિલાઓ માટે વ્યાપક સુવિધાઓ આપવામાં આવશે. તેમણે જાહેરાત કરી હતી કે હવે રાજ્ય સરકાર જનસંખ્યા વૃદ્ધિને પ્રોત્સાહન આપશે. આ નીતિને માર્ચ મહિનાના અંત સુધીમાં ફાઈનલ સ્વરૂપ આપીને પહેલી એપ્રિલથી લાગુ કરવાનું લક્ષ્ય છે. આ નીતિનો ઉદ્દેશ ઘટી રહેલા પ્રજનનદરને સુધારવાનો છે જે ૧૯૯૩માં ૩.૦થી ઘટીને હવે ૧.૫ રહી ગયો છે. મુખ્ય પ્રધાને ચિંતા જતાવી હતી કે આ ઘટાડો આર્થિક વિકાસ માટે ખતરારૂપ છે. યુવા અને કામ કરતા લોકોની સંખ્યા ઘટી રહી છે અને રાજ્યને જપાન, દક્ષિણ કોરિયા અને ઇટલીની જેમ વયસ્કોની વધતી વસ્તીની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

ચંદ્રાબાબુ નાયડુએ વિધાનસભામાં કહ્યું હતું કે '૨૦૨૩ના રિપોર્ટ અનુસાર રાજ્યમાં હવે દર વર્ષે માત્ર ૬.૭૦ લાખ જન્મ નોંધાય છે. જો આ જ પરિસ્થિતિ રહી તો ૨૦૪૭ સુધીમાં વૃદ્ધોની સંખ્યા ૨૩ ટકા જેટલી પહોંચી જશે જે આર્થિક વિકાસ માટે ખતરો છે. એટલે જ સરકાર હવે જનસંખ્યા વૃદ્ધિને બોજ નહીં, વરદાન ગણી રહી છે.'

જનસંખ્યા પ્રોત્સાહન માટે સરકાર પોષણ શિક્ષા-સુરક્ષા પ્રૉજેક્ટ અંતર્ગત ત્રીજા બાળકના જન્મ પર ૨૫,૦૦૦ રૂપિયા સુધીની પ્રોત્સાહન રાશિ આપશે. આ ઉપરાંત ત્રીજા બાળકને પાંચ વર્ષ સુધી દર મહિને ૧૦૦૦ રૂપિયા આપવામાં આવશે અને ૧૮ વર્ષની ઉંમર સુધી મફત એજ્યુકેશન આપવામાં આવશે. આ ઉપરાંત ત્રીજા સંતાન માટે માતાને ૧૨ મહિનાની મૅટરનિટી લીવ અને પિતાને બે મહિનાની પૅટરનિટી લીવ આપવામાં આવશે. પ્રસ્તાવ મુજબ સરકાર માતૃત્વ, શક્તિ, નૈપુણ્યમ, ક્ષેમ અને સંજીવની એમ પાંચ તબક્કાવાળી લાઇફ-સાઇકલ સિસ્ટમ શરૂ કરશે.

# કચ્છના પ્રભારી ફુલજી ચૌધરી સોમવારે નખત્રાણાની મુલાકાત લેશે



નખત્રાણા - કચ્છઉદય : ભાજપના નવનિયુક્ત જિલ્લા પ્રભારી ફુલજીભાઈ ચૌધરી તા. ૯-૩-૨૦૨૬ના સોમવારે સાંજે ૬ વાગ્યે નખત્રાણા ભાજપ સંગઠન બેઠકમાં હાજરી આપશે. ઉપરાંત તાલુકાની નર્મદા પાણીની લાઈનનું નિરીક્ષણ કરશે તેવું તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલીમાં પહોંચ્યા નર્મદાના નીર : જીતુ વાઘાણી અને કૌશિક વેકરીયાએ કર્યું સ્કાવર વાલ્વનું લોકાર્પણ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ: અમરેલી જિલ્લાના મોણપુર મુકામે કૃષિ પ્રધાન જીતુ વાઘાણી અને ઊર્જા રાજ્ય પ્રધાન કૌશિક વેકરીયાના હસ્તે 'સૌની યોજના' લિંક-૪, પેકેજ-૫ હેઠળ સ્કાવર વાલ્વનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આ કાર્યક્રમમાં સંસદ સભ્ય ભરત સુતરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત ચિત્તલ મુકામે 'જલ જીવન મિશન' હેઠળ 'જળ અર્પણ' કાર્યક્રમમાં અંદાજે રુ. ૨.૩૩ કરોડના ખર્ચે 'નલ સે જલ' યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ યોજના થકી અંદાજે ૨૧૮ ઘરમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવશે.

મોણપુર મુકામે રાજ્યના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ કુલ રૂ. ૨૭.૮૪ લાખના ખર્ચે સ્કાવર વાલ્વ અને પાઈપલાઈન કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ સુવિધા મારફત મોણપુર ગામનાં તળાવમાં અંદાજે છેક ૩૫૦ કિ.મી દૂરથી નર્મદાના નીર પહોંચાડવામાં આવ્યા છે. સ્કાવર વાલ્વનુ લોકાર્પણ થતા પીવાના પાણી અને ખેતીવાડી સિંચાઈના ઉપયોગ માટે પાણીની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે.

# ખાનગીકરણના વિરોધમાં મંગળવારે દેશભરમાં વીજ કર્મચારી પ્રદર્શન યોજશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : દેશની સંસદમાં ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ આગામી ૧૦ માર્ચના રોજ રજૂ થાય એવા સંકેતોને લઈ દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જિનિયર્સ કાર્યબહિષ્કાર કરી વિરોધ પ્રદર્શન કરશે. નેશન કોઓર્ડિનેશન કમિટી ઓફ ઈલેક્ટ્રિસિટી એમ્પ્લોઈઝ એન્ડ એન્જિનિયર્સના આહવાન પર ૨૭ લાખ કર્મચારીઓ અને એન્જિનિયર્સ વિરોધ પ્રદર્શન કરશે. ગુજરાત ઊર્જા સંકલન સમિતિના ૭૦૦૦ ઈજનેરો અને ૪૦,૦૦૦થી વધુ વીજ કર્મચારીઓ પણ આ બિલના વિરોધમાં ૧૦મીએ વિરોધ પ્રદર્શનમાં જોડાશે, તેમ ઓલ ગુજરાત વીજળી કર્મચારી સંઘના સિનિયર સેક્રેટરી જનરલ બળદેવભાઇ પટેલ અને જીઇબી એન્જિનિયર્સ એસોસિએશનના સેક્રેટરી જનરલ એચ.જી. વઘાસીયાએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે, મંગળવારે સંસદમાં સવારે આ બિલ રજૂ થશે તો ગુજરાતના વીજળી કર્મચારીઓ અને એન્જિનિયર્સ બપોરે રિસેસના સમયે વિરોધ પ્રદર્શન કરશે. જો બપોર પછી ગૃહમાં બિલ રજૂ થશે તો સાંજે ૬.૩૦ વાગે દરેક ઓફિસ સામે વિરોધ પ્રદર્શન કરાશે. જોકે, આ આંદોલનના કારણે ગુજરાતભરમાં વીજ પુરવઠામાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ નહીં પડવા દેવામાં આવે. પરંતુ કેન્દ્ર સરકાર વીજ વિભાગના ખાનગીકરણને આગળ વધારશે તો નછૂટકે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી તેમણે ઉચ્ચારી હતી. ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશનના ચેરમેન શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું હતું કે, અગાઉ ઊર્જા મંત્રાલયે આ બિલ પર હિતધારકો પાસેથી સૂચનો માંગ્યા હતા. દેશભરના પાવર સેક્ટર સાથે જોડાયેલા તમામ ફેડરેશનો, ટ્રેડ યુનિયનો અને સંગઠનોએ સર્વસંમતિથી કહ્યું હતું કે આ બિલ જનવિરોધી છે અને તેને પાછું ખેંચવું જોઈએ. પરંતુ હિતધારકોની ટિપ્પણીઓને ન તો જાહેર કરવામાં આવી અને ન તો પરામર્શ બેઠકોની કાર્યવાહી (મિનિટ્સ) જારી કરવામાં આવી. તેના બદલે, ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઊર્જા મંત્રાલયે એક વર્કિંગ ગ્રૂપની રચના કરી જેમાં 'ઓલ ઈન્ડિયા ડિસ્કોમ એસોસિએશન' ને પણ સામેલ કરવામાં આવ્યું છે, જે ખુલ્લેઆમ વીજ ક્ષેત્રના ખાનગીકરણનું સમર્થન કરી રહ્યું છે.

જે સંગઠને પહેલાથી જ આ બિલનું સમર્થન કરી દીધું છે, તેને જ કાયદાને અંતિમ સ્વરૂપ આપનારા વર્કિંગ ગ્રૂપમાં સામેલ કરવું એ સમગ્ર પ્રક્રિયાને પક્ષપાતી અને ગેરબંધારણીય બનાવે છે.

# ઇઝરાયેલના ૫૦ લડાકુ વિમાનોએ ખામેનેઈનું અન્ડરગ્રાઉન્ડ બંકર નષ્ટ કર્યું

તેલ અવીવ : ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે તેના ૫૦ લડાકુ વિમાનોએ તેહરાનમાં એવા અન્ડરગ્રાઉન્ડ બંકર પર હુમલો કરીને તેને નષ્ટ કરી દીધો છે, જે ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈ માટે બનાવવામાં આવ્યા હતા. ઇઝરાયેલે જણાવ્યું છે કે આ પરિસર મધ્ય તેહરાનના રસ્તાઓની નીચે સંપૂર્ણપણે ફેલાયેલું હતું અને તેમાં બેઠક માટેના ખાસ રૂમ પણ હતા. નિવેદન અનુસાર, ખામેનેઈની હત્યા બાદ પણ વરિષ્ઠ અધિકારીઓ આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા હતા.આ ઉપરાંત, ઇઝરાયેલની સેનાએ ઈરાનના કોમ શહેરના એક ઔદ્યોગિક વિસ્તારના લોકોને તાત્કાલિક ત્યાંથી બહાર નીકળી જવા માટે ચેતવણી આપી છે. આઈડીએફે પોતાના ફારસી ભાષાના 'એક્સ' (ટ્વિટર) એકાઉન્ટ પર એક પોસ્ટમાં 'કોમ શોકોહિયેહ' ઔદ્યોગિક વિસ્તારનો નકશો શેર કર્યો છે. નકશામાં એક ચોક્કસ વિસ્તારને લાલ રેખાઓથી ચિહ્નિત કરવામાં આવ્યો છે. ઈઝરાયેલની સેનાએ જણાવ્યું છે કે તેઓ આગામી ગણતરીના કલાકોમાં અહીં કાર્યવાહી કરશે. સેનાએ લોકોને આ વિસ્તાર તાત્કાલિક ખાલી કરવા કહ્યું છે, કારણ કે ત્યાં રોકાવું એ લોકોના જીવ માટે જોખમી બની શકે છે.

બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રાલયે એવો ગંભીર આરોપ લગાવ્યો છે કે અમેરિકા અને ઇઝરાયેલે રાજધાની તેહરાનમાં એક પ્રાથમિક શાળાને નિશાન બનાવી છે.

# ઇરાનના હુમલાં સામે અમેરિકાએ પૂરતું રક્ષણ ન આપતાં ખાડી દેશોમાં રોષ વધ્યો

કૈરો : ઈરાન સામે હવાઈ યુદ્ધ ચાલુ કર્યા પછી પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ખાડી દેશોના રોષનો સામનો કરી રહ્યાં છે. આ દેશોની ફરિયાદ છે કે તેમને અમેરિકા અને ઇઝરાયલ કરેલા હુમલાના જવાબમાં તેમના દેશો પર ઈરાની ડ્રોન અને મિસાઈલોના હુમલાનો સામનો કરવાનો પૂરતો સમય અપાયો ન હતો. બે ગલ્ફ દેશોના અધિકારીઓએ જણાવ્યું હતું કે અમેરિકાએ ઈરાન સામે જે રીતે યુદ્ધ આદર્યું છે તેનાથી તેઓ નારાજ છે. તેમના દેશોને અમેરિકા-ઇઝરાયેલના ઈરાન પરના હુમલાની અગાઉથી જાણ કરાઈ નથી. અમેરિકાએ તેમની એવી ચેતવણીઓની પણ અવગણના કરી હતી કે યુદ્ધથી સમગ્ર ક્ષેત્રમાં વિનાશક પરિણામો આવશે.એક અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકાએ ગલ્ફ દેશોનું પૂરતા પ્રમાણમાં રક્ષણ કર્યું નથી તેની ગલ્ફ દેશોમાં હતાશા નહીં, પરંતુ રોષ છે. આ પ્રદેશમાં એવી લાગણી છે કે આ કાર્યવાહી માત્ર ઇઝરાયલ અને અમેરિકન સૈનિકોના રક્ષણ કરવા પર કેન્દ્રિત છે, જ્યારે ગલ્ફ દેશોને પોતાનો બચાવ કરવા માટે એકલા છોડી દેવામાં આવ્યા છે. ખાડીના દેશમાં મિસાઈલો અને ડ્રોનને તોડી પાડવાના ઇન્ટરસેપ્ટર્સનો સ્ટોક પણ ઝડપથી ખતમ થઈ રહ્યો છે.વ્હાઈટ હાઉસના પ્રવક્તા અન્ના કેલીએ જણાવ્યું હતું કે અમેરિકાના એપિક ફ્યુરી ઓપરેશનથી ઈરાનની મિસાઈલ છોડવાની અને તેનું ઉત્પાદન કરવાની ક્ષમતાને ધ્વંસ કરાઈ છે, ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ હુમલામાંમાં ૯૦ ટકાનો ઘટાડો થયો છે. આરબ દેશો સત્તાવાર રીતે કંઇ બોલી રહ્યાં નથી, પરંતુ તેમની સરકારો સાથે ગાઢ સંબંધો ધરાવતા નેતાઓ ખુલ્લેઆમ અમેરિકાની ટીકા કરતાં જણાવી રહ્યાં છે કે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને બિનજરૂરી યુદ્ધમાં ઢસડી ગયા છે. સાઉદી ગુપ્તચર વિભાગના ભૂતપૂર્વ વડા પ્રિન્સ તુર્કી અલ-ફૈસલે કહ્યુ હતું કે "આ નેતન્યાહૂનું યુદ્ધ છે." યુદ્ધ ચાલુ થયા પછી ઈરાને પાંચ આરબ દેશોને ટાર્ગેટ કરીને આશરે ૩૮૦ મિસાઈલો અને ૧,૪૮૦ ડ્રોન હુમલા કર્યા છે. તેમાં આ દેશોમાં ૧૩ લોકોના મોત થયા છે. યુએસ સંરક્ષ પ્રધાન પીટ હેગસેથ અને જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેન કેને જણાવ્યું હતું કે અમેરિકા શાહેદ ડ્રોન સહિતના કેટલાંક હુમલાને અટકાવી શકશે નહીં. અમેરિકા પાસે સમગ્ર ગલ્ફ ક્ષેત્રમાં એકતરફી ડ્રોન હુમલાનો અસરકારક રીતે સામનો કરવા માટે વ્યાપક ક્ષમતાઓ પણ નથી.

# દેશની સૌથી મોટી બૅંક પણ 'મફતની રેવડી' અંગે ચિંતિત, કહ્યું - સરકાર રોજગાર આપવા પર ધ્યાન આપે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ચૂંટણી સમયે મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષો દ્વારા અપાતા 'મફત ભેટ' અને બેંક ખાતામાં સીધા રોકડ જમા કરાવવાના વાયદાઓ હવે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે. ભારતીય સ્ટેટ બેંકના તાજેતરના રિપોર્ટમાં આ અંગે ગંભીર ચેતવણી આપવામાં આવી છે.

એસબીઆઈના સંશોધન અહેવાલ મુજબ, ચૂંટણીલક્ષી મફત યોજનાઓ પાછળ રાજ્યોના જીએસડીપીના ૦.૧% થી ૨.૭% જેટલો જંગી ખર્ચ થાય છે. આ ખર્ચ રાજ્યોની પોતાની કુલ મહેસૂલી આવકના લગભગ ૫ થી ૧૦% જેટલો હોય છે. રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે આવી યોજનાઓ પરના ખર્ચની મર્યાદા જીએસડીપીના ચોક્કસ ટકા સુધી મર્યાદિત હોવી જોઈએ, જેથી શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી જરૂરી કલ્યાણકારી યોજનાઓ ખોરવાય નહીં.

માત્ર આર્થિક નિષ્ણાતો જ નહીં, પણ સુપ્રીમ કોર્ટે પણ આ 'રેવડી સંસ્કૃતિ' પર લાલ આંખ કરી ચુકી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "સરકારે લોકોને મફત ભેટ કે રોકડ આપવાને બદલે રોજગારના અવસરો ઉભા કરવા જોઈએ, જેથી નાગરિકો આત્મસન્માન સાથે જીવી શકે." કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે, શું આપણે સક્ષમ અને હાંસિયામાં ધકેલાયેલા લોકો વચ્ચે તફાવત ભૂલી રહ્યા છીએ?

જો ભેદભાવ વગર દરેકને મફત આપવામાં આવે, તો તે માત્ર 'તુષ્ટિકરણની નીતિ' બની જશે જે દેશના વિકાસમાં અવરોધક છે.

એસબીઆઈના રિપોર્ટમાં એક રસપ્રદ બાબત એ પણ સામે આવી કે, જે રાજ્યોમાં મહિલા કેન્દ્રિત યોજનાઓ (જેમ કે લાડલી બહેના વગેરે) અમલમાં છે, ત્યાં મહિલા મતદારોની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આવી યોજનાઓ ધરાવતા ૧૯ રાજ્યોમાં ૨૦૨૪માં મહિલા મતદારોની ભાગીદારીમાં સરેરાશ ૭.૮ લાખનો વધારો થયો છે. જે રાજ્યોમાં આવી યોજનાઓ નથી, ત્યાં આ વધારો માત્ર ૨.૫ લાખ સુધી જ સીમિત રહ્યો છે.

એક કલ્યાણકારી રાજ્ય તરીકે ગરીબોની મદદ કરવી અનિવાર્ય છે, પરંતુ મફતની હોડમાં રાજ્યોની આર્થિક સ્થિતિ જોખમમાં ન મુકાય તે જોવું પણ એટલું જ જરૂરી છે. શું રાજકીય પક્ષો 'સેમિ ફાઇનલ' જેવી ગણાતી આ ચૂંટણીઓમાં આર્થિક શિસ્ત જાળવશે? તે જોવું રહ્યું.

# મહારાષ્ટ્રમાં ખેડૂતોની રૂ.૨ લાખ સુધીની લોન માફીની જાહેરાત

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે રાજ્યના ૨૦૨૬-૨૭ના રજૂ કરેલા બજેટમાં રૂ.૨ લાખ સુધીની કૃષિ લોન માફીની મોટી જાહેરાત કરી હતી. બજેટમાં તેમણે નદી જોડાણ પ્રોજેક્ટ્સ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ, આરોગ્ય, સ્ટાર્ટ-અપ્સ અને સામાજિક કલ્યાણ માટે પણ સંખ્યાબંધ યોજનાઓની જાહેરાત કરી હતી. ફાઈનાન્સ પોર્ટફોલિયો ધરાવતા ફડણવીસે વિધાનસભામાં આશરે રૂ.૭.૬૯ લાખ કરોડનું બજેટ રજૂ કરતાં જણાવ્યું હતું કે ૨૦૨૪માં વિધાનસભા ચૂંટણી પહેલા શરૂ કરાયેલી લાડકી બહેન યોજનાને પૂરતી ફાળવણી સાથે ચાલુ રખાશે.

આ યોજના હેઠળ દર મહિને સૌથી ગરીબ મહિલાઓને રૂ.૧,૫૦૦ મળતા રહેશે. રાજ્યનું બજેટ રજૂ કરનારા પ્રથમ મુખ્યમંત્રી બનનારા ફડણવીસે જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધી મહારાષ્ટ્ર ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે. તેમના બજેટની મુખ્ય જાહેરાત કૃષિ લોન માફી હતી. તેનાથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીની બાકી રૂ.૨ લાખ સુધીની કૃષિ લોન માફ કરાશે. પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર શેતકરી કર્જમાફી યોજનામાં હેઠળ લોન નિયમિત પણે ભરનારા ખેડૂતોને રૂ.૫૦,૦૦૦ સુધીના પ્રોત્સાહનો પણ મળશે. ફડણવીસે જાન્યુઆરીમાં હવાઈ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા રાજ્યના ભૂતપૂર્વ નાણામંત્રી અજિત પવારને યાદ કરી જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ એનસીપી નેતાનું એક સ્મારક બનાવવામાં આવશે અને તેમના નામે એક એવોર્ડ પણ શરૂ કરાશે. અજિત પવારના મૃત્યુ પછી ફડણવીસ નાણાં મંત્રાલય સંભાળી રહ્યા છે. ખેડૂતોને રાહત આપવા ઉપરાંત, બજેટમાં સિંચાઈ પ્રોજેક્ટ્સ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ અને સામાજિક કલ્યાણ યોજનાઓને મજબૂત બનાવવા સંબંધિત દરખાસ્તો કરાઈ હતી. ફડણવીસે નાગપુર જિલ્લાના નવરગાંવ ખાતે ફિલ્મ સિટીનું નિર્માણ કરવાની પણ જાહેરાત કરી હતી. તેમણે મુંબઈ અને અમદાવાદ વચ્ચે નિર્માણાધીન હાઈ-સ્પીડ રેલ કોરિડોર હેઠળ વિરાર, બોઈસર અને થાણે બુલેટ ટ્રેન સ્ટેશનોની આસપાસ વિકાસની યોજનાઓની પણ જાહેરાત કરી હતી.

**માંડવી ખાતે મફત સર્વાઇકલ કેન્સર રસીકરણ અભિયાન**



કચ્છના માંડવી ખાતે ભારત સરકારના મહત્વકાંક્ષી રાષ્ટ્રીય એચપીવી રસીકરણ અભિયાનનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. માંડવી-મુંદરા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેએ આ અભિયાનની શરૂઆત કરાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની તમામ દીકરીઓને કેન્સર સામે રક્ષણ આપવા માટે આ રસી નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. સર્વાઇકલ કેન્સર જેવી જીવલેણ બીમારી સામે સુરક્ષા પ્રદાન કરતી આ રસી આવનારા સમયમાં દેશની દીકરીઓના આરોગ્ય માટે રક્ષણ કવચ સાબિત થશે. આ રસીકરણ ઝુંબેશ દ્વારા દીકરીઓને ગંભીર બીમારીઓથી સુરક્ષિત કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણની દિશામાં એક મહત્વનું ડગલું ભરવામાં આવ્યું છે.

# યુદ્ધને કારણે ઉદ્યોગો માટેના ગેસના પુરવઠામાં ઘટ, માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ વાપરવાની જીપીસીબીની હંગામી મંજૂરી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઉદ્યોગો માટેના ગેસના પુરવઠામાં ઘટ સર્જાઈ છે. જેને લઈને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ વાપરવાની હંગામી મંજૂરી આપી છે. આ મામલે જીપીસીબીએ પરિપત્ર જાહેર કરીને માહિતી આપી છે.

પરિપત્ર મુજબ, મિડલ ઈસ્ટમાં તણાવની સ્થિતિ વચ્ચે ગેસના સપ્લાયમાં મોટો ઘટાડો નોંધાયો છે, જેની વિપરીત અસર રાજ્યના ઉદ્યોગોના ઉત્પાદન પર પડે તેવી સંભાવના છે. આ દરમિયાન ઉદ્યોગોની કાર્યક્ષમતા જળવાઈ રહે અને આર્થિક ગતિવિધિઓ ન અટકે એટલાં માટે જીપીસીબીએ હંગામી ધોરણે માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ વાપરવાની પરવાનગી આપી છે.

# પધ્ધર પોલીસે માનવતા મહેકાવી : અસ્થિર મગજના નિરાધાર વૃદ્ધને સુરક્ષિત આશ્રય અપાવ્યો




ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પધ્ધર પોલીસ સ્ટેશન દ્વારા ખાખી વર્દી પાછળ છુપાયેલી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

પધ્ધર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન એક વૃદ્ધ વ્યક્તિ અસ્થિર માનસિક સ્થિતિમાં રઝળતી હાલતમાં મળી આવ્યા હતા. વૃદ્ધની દયનીય હાલતને ધ્યાને લઈ પધ્ધર પોલીસ દ્વારા ત્વરિત માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવ્યો હતો. પોલીસે સેવાકીય કાર્યો કરતી સંસ્થા 'માનવ જ્યોત'નો સંપર્ક સાધી આ વૃદ્ધને ત્યાં આશ્રય અપાવવાની વ્યવસ્થા કરી હતી. હવે આ વૃદ્ધને સંસ્થામાં યોગ્ય ભોજન, રહેઠાણ અને જરૂરી સારવાર મળી રહેશે. પધ્ધર પોલીસના આ સેવાકાર્યની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

# સુરતના ડીંડોલીમાં સ્વામિનારાયણ મંદિરના બાથરૂમમાંથી બે વિદ્યાર્થિનીના મૃતદેહ મળતાં ચકચાર

(પ્રતિનિધિ દ્વારા)

સુરત : સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલા સણીયા કણદે રોડ પર સ્થિત આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના બાદ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે. ઘટના અંગે મળતી માહિતી મુજબ, ઉધના સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થિનીઓ સવારે કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. મૃતક યુવતીઓની ઓળખ ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જોસના અતુલ ચૌધરી તરીકે થઈ છે. કોલેજ ગયા બાદ બંને યુવતીઓ મોડે સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. પરિવારના સભ્યો સતત ફોન કરી રહ્યા હતા પરંતુ કોઈ જવાબ મળી રહ્યો નહોતો. અંતે, મંદિર પરિસરના બાથરૂમમાંથી બંનેની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતા જ ડીંડોલી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બંને યુવતીઓના મૃતદેહનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે. આ મોત આકસ્મિક છે, આત્મહત્યા કે અન્ય કોઈ કારણ, તે જાણવા માટે પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે.

# બટાકાના વેપારને યુદ્ધનો ફટકો : દહેગામના ૩૦ કન્ટેનર પરત ફર્યા

(પ્રતિનિધિ દ્વારા)

દહેગામ : વૈશ્વિક સ્તરે ચાલતા યુદ્ધની માઠી અસર આંતરરાષ્ટ્રીય વેપાર પર જોવા મળી છે. બટાકાના કન્ટેનરો અધવચ્ચેથી પરત ફર્યા ઉપરથી લાગી રહ્યું છે. દહેગામ તાલુકાના રખિયાલ હાઈવે પાસે ખાનપુર વિસ્તારમાં કોલ્ડસ્ટોરેજમાંથી નિકાસ માટે રવાના કરાયેલા બટાકાના આશરે ૩૦ કન્ટેનર પાછા ફરતા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. દહેગામ તથા આસપાસના વિસ્તારોમાં બટાકાની ખેતી અને કોલ્ડસ્ટોરેજ ઉદ્યોગ મોટા પાયે વિકસેલો છે. દર વર્ષે અહીંથી મોટી માત્રામાં બટાકા વિદેશોમાં નિકાસ થાય છે. પરંતુ હાલની પરિસ્થિતિને કારણે વેપારીઓ તેમજ ખેડૂતો બંનેમાં ચિંતા વ્યાપી ગઈ છે.આ અંગે વેપારી જનકભાઈ પટેલે જણાવ્યું હતું કે દહેગામ તથા આસપાસના વિસ્તારોમાંથી બટાકા એકત્ર કરી કોલ્ડસ્ટોરેજમાં સંગ્રહ કર્યા બાદ મોટા પાયે નિકાસ માટે કન્ટેનરોમાં ભરવામાં આવે છે. સામાન્ય રીતે આ કન્ટેનરો ટ્રક દ્વારા પહેલા બોમ્બે પોર્ટ અથવા મુદ્રા પોર્ટ સુધી પહોંચાડવામાં આવે છે. ત્યારબાદ સ્ટીમર મારફતે દુબઈ સહિત અન્ય વિદેશી દેશોમાં નિકાસ થાય છે. પરંતુ હાલ ચાલતા ખાડી યુદ્ધના કારણે સમુદ્રી માર્ગમાં અનિશ્ચિતતા સર્જાતા અનેક શિપિંગ કંપનીએ કન્ટેનરોને આગળ મોકલવાની પ્રક્રિયા અટકાવી છે. જો કન્ટેનરોને આગળ મોકલવાના હોય તો વધારાનો ચાર્જ વસૂલાતો હોવાથી વધારાનો ખર્ચ વેપારીઓ માટે નિકાસ વ્યવસાયમાં અવરોધક બન્યો છે. તેમણે મોકલાયેલા બટાકા ભરેલા આશરે ૩૦ કન્ટેનર પાછા લાવવા પડ્યા છે. કન્ટેનરો પાછા મંગાવવાની પ્રક્રિયામાં પણ જંગી ખર્ચ થાય છે.

# આધોઈ સોપારી કાંડ : કાસેઝના રાજેશ–મહાદેવ–આનંદ ગેંગ ભણી કસાતો ગાળીયો

**કાસેઝ ડીસીશ્રીએ રચેલી કમીટીની તપાસ બની છે વેગવાન : જે યુનિટમાથી વાહન નીકળ્યુ છે તેના પાછલા ૨૫ દિવસના ડેટા-રેકર્ડ કરાયા અંકે, ગેટના સોફ્ટવેર સાથે મેચીંગ કરવાથી ઘણું બધું આવશે બહાર**

## કસ્ટમ કડક છે, હવે પોલીસ સ્ફુર્તિ દાખવે

**આનંદસિંગ સહીતના માંગેલા નિવેદનો સહિતની જરૂરી દસ્તાવેજી સોપણી તપાસનીશ પોલીસ કસ્ટમવિભાગને વેળાસર કરે**



**કાસેઝ ડીસીશ્રી પાટીલ કરી રહ્યા છે કડક લાલઆંખ**

ગાંધીધામ : આધોઈ પાસે દાણચોરીયુક્ત સોપારી પોલીસે પકડી લીધા બાદ કસ્ટમવિભાગ અને કાસેઝ પ્રશાસન કડકાઈથી કાર્યવાહી કરી રહી છે ત્યારે હવે પોલીસ પણ આ કેસમાં કસ્ટમવિભાગને જરૂરી સહયોગ આપે તે જરૂરી બન્યું છે. કસ્ટમ વિભાગ દ્વારા પોલીસ પાસેથી આનંદ સહિતના શખ્સોના નિવેદનોની કોપી ઉપરાંતની વિગતો માંગી છે તે હવે સાયબર ક્રાઈમની ટીમ કાસેઝ કસ્ટમ તથા તપાસનીશ વિજિલન્સને આપે તે જરૂરી બન્યુ છે. પોલીસના વિલંબને લઈને પણ તરેહ તરેહના સવાલો ઉભા થવા પામી રહ્યા છે.

## તપાસનીશ પોલીસ કાનપુરમાં શું કરી આવી? કેમ હજુ પડદો પડેલો છે? કુલડીમાં ગોળ તો નથી ભાંગી લેવો ને?

ગાંધીધામ : આધોઈમાં દાણચોરીયુક્ત સોપારી સાયબર ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા જાગૃતીપૂર્વક પકડી પાડવામા આવ્યા બાદ ઝોન ભણી રેલો લંબાયો અને શંકાસ્પદ યુનિટના માલીકના અડ્ડા યુપીમાં હોવાનુ સામે આવતા પોલીસ તાબડતોડ યુપી પણ જઈ આવી છે. કાનપુરની લટાર મારી આવી છે. કાનપુરમાં પોલીસને શું હાથ લાગ્યું? કોને ઉપાડી લાવ્યા છે? તેની કડીઓમાં શું-શું બહાર આવ્યુ છે? આ બધુ જ હજુય એક રહસ્યનો જ ભાગ બનેલ છે. યુપી કાનપુરથી પોલીસ કોને ઉપાડી આવી? હજુ સુધી કેમ કંઈ જ નથી આવતુ બહાર? કોઈનુ દબાણ-લાજ શરમ કે પછી અન્ય કંઈ?

ગાંધીધામ : કચ્છ બોર્ડર રેન્જ આઈજીની ટીમ સાયબર ક્રાઈમ દ્વારા આધોઈ પાસેથી દોઢ કરોડની સોપારીનોજથ્થો પકડી પાડયા બાદ તે તપાસનો રેલો કાસેજ ભણી લંબાવવા પામી ગયો છે. કાસેઝ પ્રશાસન, કાસેઝ ડીસી તથા વિજિલન્સકમિટી આ કેસની કડક તપાસ કરી રહી છે તે વચ્ચે જ જાણવા મળતી વધુ માહીતી અનુસાર હવે કાસેજના રાજેશ-મહાદેવ અને આનંદની ટોળકી તરફ વધારે કડકાઈથી ગાળીયો કસાતો જોવાઈ રહ્યો છે.

જાણકારો કહી રહ્યા છે કે, આ કેસની તપાસની રજેરજેની માહીતી ખુદ કાસેઝ ડીસીશ્રી પાટીલ મેળવી રહ્યા છે અને જરૂરી દીશા નિર્દેશો તપાસનીશોને આપી રહ્યા છે. આ ઉપરાંત સ્વતંત્ર રીતે તપાસ થવા માટે વિજિલન્સકમીટીની રચના કરવામા આવી છે. જેમા અમદાવાદના એક અધિકારીનો પણ સમાવેશ કરાયો છે. આ કમીટીએ ટ્રેઈલર-કન્ટેઈનર જે દીવસે પકડાયુ છે તેના પાછળના ૨૫ દિવસનો રજેરજેનો ડેટા સબંધીત યુનિટધારકથી મેળવી લીધો છે અને હવે તેનુ ક્રોસ વેરફીકેશન સહિતની કામગીરી હાથ ધરવમા આવી રહી છે. એટલે કે એ ડેટાને કાસેજના ગેટના સોફ્ટવેરના ડેટાની સાથે મેચીંગ કરવામા આવશે અને તેમાં જે વિસંગતાઓ જોવાશે તેના આધારે બધુ જ દુધનુ દુધ અને પાણીનુ પાણી થવા પામી જશે અને તે બાદ તો કઈકના તપેલાઓ આ આધોઈ સોપારી કાંડ કેસમાં ચડી જાય તો નવી નવાઈ નહી કહેવાય.

# અદાણી પોર્ટથી એલ્યુમિનિયમ અને કોપર વાયર ચોરી કરનાર ત્રિપુટી રાજકોટમાં પકડાઈ

**મોરબી હાઇવે પર શિવ શક્તિ હોટલ નજીકથી પોલીસે ૪૫ લાખનો ભંગાર કબજે કર્યો**





ભુજ - કચ્છઉદય : રાજકોટ-મોરબી હાઈવે પર શિવ શક્તિ હોટલ નજીક ટ્રકમાંથી શંકાસ્પદ એલ્યુમિનિયમ અને કોપર વાયર ચોરીનો ૪૫ લાખનો મુદ્દામાલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડયો હતો. આ સાથે ત્રણ આરોપી હાજર મળી આવ્યા હતા. તેઓની પૂછપરછ કરતા અદાણી પોર્ટમાંથી ભંગાર ચોરી કર્યાની કબુલાત આપી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઇ એમ.આર. ગોંડલીયાની રાહબરીમા પીએસઆઇ એસ.વી.ચુડાસમા અને ટીમ વિસ્તાર પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાર અને કોન્સ્ટેબલ અરવિંદભાઈ ફતેપરાને મળેલ બાતમીના આધારે રાજકોટ-મોરબી હાઈવે પર આવેલ શિવ શક્તિ હોટલ નજીક ટ્રક નં.જીજે-૧૨-બીવી-૭૧૩૧ને અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી રૂ.૪૫ લાખની કિંમતનો શંકાસ્પદ કોપર વાયર અને એલ્યુમિનિયમનો ભંગાર મળી આવ્યો હતો. જે અંગે ટ્રકના ડ્રાઈવર જેતારામ પોકરરામ બલીયારા (ઉવ ૫૦ રહે. રાજસ્થાન), પ્રિતેશ અમૃતલાલ રામાણી (ઉ.વ. ૨૮ રહે ઘનશ્યામનગર, મૂળ મોટી ભુજપર) અને યુવરાજસિંહ નટુભા ઝાલા (ઉવ ૩૨ રહે. બાપાસીતારામનગર, મુન્દ્રા મૂળ રહે. મોઢવાડ, લખતર) ની પૂછપરછ કરતા ભંગાર મુન્દ્રા પોલીસ મથક વિસ્તારમાં આવેલા અદાણી પોર્ટમાંથી ચોરીનો હોવાની કબુલાત આપી હતી. જે અંગે મુન્દ્રા પોલીસ મથકમાં ગુનો નોંધાયેલો છે.

# વિશ્વકપ ફાઈનલ : ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ખિતાબી મહાજંગ પહેલા કચ્છનું સટ્ટા બજાર ગરમાયું




**આંતરરાષ્ટ્રીય સટ્ટા બજારમાં પણ ભારત ફેવરિટ : સૂર્યકુમાર યાદવની સેના ટ્રોફી જીતવા માટે પ્રબળ દાવેદાર : નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એક લાખથી વધુ પ્રેક્ષકોની હાજરીમાં રમાશે ઐતિહાસિક મેચ**

ભુજ - કચ્છઉદય : અમદાવાદના મોટેરા સ્થિત વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આવતીકાલે આઈસીસી ટી૨૦ મેન્સ વર્લ્ડ કપની હાઈવોલ્ટેજ ફાઈનલ મેચ રમાવા જઈ રહી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના આ ખિતાબી જંગને લઈને સમગ્ર દેશમાં ક્રિકેટ ફીવર ચરમસીમાએ પહોંચ્યો છે, ત્યારે સરહદી જિલ્લા કચ્છમાં પણ આ મેચને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ખાસ કરીને કચ્છનું સટ્ટા બજાર અત્યારથી જ ગરમ થઈ ગયું છે અને બજારના સૂત્રોના જણાવ્યા અનુસાર આ ફાઈનલ મેચ પર જિલ્લામાં હાર-જીતનો કરોડો રૂપિયાનો સટ્ટો રમાય તેવી પૂરી શક્યતા છે. ક્રિકેટ પ્રેમીઓ એક તરફ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તો બીજી તરફ સટ્ટાબજારમાં પણ પળેપળની હલચલ તેજ બની છે.

આવતીકાલે ૮ માર્ચના રોજ રમાનારી આ ઐતિહાસિક મેચમાં ભારતીય ટીમની કમાન વિસ્ફોટક બેટ્સમેન સૂર્યકુમાર યાદવના હાથમાં છે. ટીમ ઈન્ડિયાના વર્તમાન ફોર્મને જોતા ભારત જીતવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યું છે. જોકે, ન્યૂઝીલેન્ડની ટીમ પણ અત્યારે શાનદાર લયમાં છે અને અમદાવાદના મેદાનનો ઈતિહાસ જોતા આ મુકાબલો કાંટાની ટક્કર સમાન બની રહેશે તેવી આગાહી નિષ્ણાતો કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સટ્ટા બજારમાં પણ ભારત ફેવરિટ તરીકે ઉભરી આવ્યું છે. વિવિધ ઓનલાઈન સ્પોર્ટ્સ ડેટા અને આંતરરાષ્ટ્રીય માર્કેટના લેટેસ્ટ રેટ્સ મુજબ ભારતની જીતવાની સંભાવના ૬૦ થી ૭૦ ટકા જેટલી દર્શાવવામાં આવી રહી છે. ઓડ્સચેકર અને બેટ૩૬૫ જેવા પ્લેટફોર્મ

અનુસંધાન પાના નં.૫ પર

### આંતરરાષ્ટ્રીય માર્કેટના લેટેસ્ટ ભાવ

ભુજ - કચ્છઉદય : આવતીકાલના મહાજંગ માટે આંતરરાષ્ટ્રીય સટ્ટા બજારમાં ભારતનો પક્ષ ભારે મજબૂત જણાઈ રહ્યો છે. વિશ્વવિખ્યાત પ્લેટફોર્મ્સના આંકડા મુજબ ભારતની જીત પર દાવ લગાવનારાઓની સંખ્યા સૌથી વધુ છે. ઓડ્સચેકર પર ભારત માટે ૨/૫ અને ન્યૂઝીલેન્ડ માટે ૨૧/૧૦ ના ભાવ ચાલી રહ્યા છે. તેવી જ રીતે બેટ૩૬૫ પ્લેટફોર્મ પર ભારત માટે ૩૭/૧૦૦ અને ન્યૂઝીલેન્ડ માટે ૨/૧ ના રેટ નક્કી કરવામાં આવ્યા છે. કાલશીના વિશ્લેષણ મુજબ ભારતની જીતવાની શક્યતા ૭૦ ટકા અને ન્યૂઝીલેન્ડની શક્યતા માત્ર ૩૦ ટકા દર્શાવવામાં આવી છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે વૈશ્વિક બજારમાં સૂર્યકુમારની સેના જ ફેવરિટ છે.

# કાયદેસરની લીઝની બાજુમાં ગેરકાયદે ખનિજ ઉત્ખન્નનની પ્રવૃતિએ ફરી વેગ પકડયો

**માર્ચ મહિનો આવતા ખનીજ વિભાગ 'ટાર્ગેટ' પૂરા કરવા મેદાને : અબડાસા, માંડવી, ખાવડા, મુંદરા, વાગડ સહિતના વિસ્તારમાં રોયલ્ટી વગરના વાહનો પકડાય છે પણ મુળ સુધી તપાસ પહોંચતી નથી : દંડ વસુલાય પરંતુ ગેરકાયદે ખોદકામ સંપૂર્ણ બંધ કરાવવા સુરેન્દ્રનગરના સિંઘમ પ્રાંત એચ.ટી. મકવાણા જેવી કાર્યવાહી કરશે કોણ ?**

ભુજ - કચ્છઉદય : સરહદી કચ્છ જિલ્લાની કિંમતી ખનીજ સંપત્તિ પર ખનીજ માફિયાઓની નજર લાંબા સમયથી મંડાયેલી છે. સમગ્ર જિલ્લામાં અત્યારે ખનીજ ચોરીની ઘટનાઓ જાણે સામાન્ય બની ગઈ હોય તેમ એકપછી એક કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. ખાસ કરીને અબડાસા તાલુકામાં બેન્ટોનાઈટ, માંડવી પટ્ટામાં બોક્સાઈટ, ભુજ અને વાગડ વિસ્તારમાં ચાઈના ક્લે તેમજ મુન્દ્રા વિસ્તારમાં રેતી અને માટીની મોટાપાયે ચોરી થઈ રહી હોવાની ફરિયાદો ઉઠી છે. લખપત તાલુકામાંથી પણ અવારનવાર બેન્ટોનાઈટ અને પથ્થરોનું ગેરકાયદે વહન થતું હોવાનું સામે આવ્યું છે. નવાઈની વાત એ છે કે, અત્યાર સુધી નિષ્ક્રિય રહેલું ખાણ ખનીજ વિભાગ હવે માર્ચ મહિનો નજીક આવતા પોતાના લક્ષ્યાંકો પૂરા કરવા માટે સક્રિય થયું હોય તેમ જણાય છે. પૂર્વ અને પશ્ચિમ કચ્છ સહિત ફ્લાઈંગ સ્કવોડ દ્વારા ઠેર-ઠેર ચેકિંગ હાથ ધરીને રોયલ્ટી વગરના વાહનો ઝડપવામાં આવી રહ્યા છે, પરંતુ સ્થાનિકોમાં ચર્ચા છે કે આ કાર્યવાહી માત્ર વાર્ષિક ટાર્ગેટ પૂરા કરવા પૂરતી જ મર્યાદિત છે.

તાજેતરમાં પકડાયેલી ખનીજ ચોરીની ઘટનાઓમાં એક ચોંકાવનારી કાર્યપદ્ધતિ સામે આવી છે. ખનીજ માફિયાઓ જે તે વિસ્તારમાં સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલી કાયદેસરની લીઝની બિલકુલ બાજુમાં જ ગેરકાયદે ખોદકામ શરૂ કરી દે છે. અબડાસા તાલુકાના રાયધણજરમાં તાજેતરમાં પકડાયેલી ચોરીમાં પણ આવું જ જોવા મળ્યું હતું, જ્યાં મંજૂર લીઝની આડમાં બેન્ટોનાઈટનો જથ્થો ઉલેચવામાં આવતો હતો. આ માફિયાઓ ગેરકાયદે રીતે કાઢેલા ખનીજને કાયદેસરની લીઝની રોયલ્ટી બતાવીને બજારમાં ખપાવી દેતા હોય છે. આ રીતે ગેરકાયદે માલને કાયદેસરના ઓઠા હેઠળ વેચવાની પ્રવૃત્તિ વર્ષોથી ચાલી રહી હોવા છતાં ખનીજ વિભાગ તેને ડામવામાં નિષ્ક્રિય છે. જો વિભાગ દ્વારા લીઝના માલની એફ.એસ. એલ. તપાસ કરવામાં આવે અને સ્ટોકનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે તેમ છે, પરંતુ તંત્ર માત્ર લીઝ પુરી થાય પછી માપણી કરીને તફાવતના આધારે દંડ ફટકારવાની જૂની પદ્ધતિને જ વળગી રહ્યું છે.

કચ્છ જિલ્લામાં ખનીજ ચોરી રોકવા કલેક્ટર દ્વારા મોટા ઉપાડે તમામ વિભાગોને સાંકળીને ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી, પરંતુ કમનસીબે આ ફોર્સ લાંબા સમયથી સુષુપ્ત અવસ્થામાં છે. હાલમાં અબડાસા, અંજાર, મુન્દ્રા, ગજોડ, આસંબિયા, નાગોર અને ખાવડા જેવા વિસ્તારોમાં કાર્યવાહી તો થઈ છે, પરંતુ તે પૂરતી નથી. ખાસ કરીને જે લીઝો બંધ પડી હતી ત્યાં પણ ફરીથી ખોદકામ શરૂ થઈ ગયું હોવાની બૂમો સંભળાઈ રહી છે. ખનીજ વિભાગ ખરેખર ગંભીર હોય તો માત્ર રસ્તા પર વાહનો પકડવાને બદલે ઊંડાણપૂર્વક તપાસ કરી કાયમી ધોરણે ખનીજ ચોરી પર રોક લગાવે તે જરૂરી છે. સુરેન્દ્રનગરમાં કોલસા અને ખનિજની ચોરી બેફામ બની હતી. અહીં પ્રાંત તરીકે એચ.ટી. મકવાણા મુકાયા બાદ ખનિજ માફિયાઓ રીતસર રોડ પર આવી ગયા છે. કારણ કે એક પણ જગ્યાએ ગેરકાયદે ખોદકામ થવા દીધું નથી. પ્રાંત અધિકારી ખુદ લીઝમાં ઉતરે, ખાણમાં ઉતરે અને કોઈ પણ જાતની ભલામણ વગર ખનિજ ચોરી રોકતા હોવાથી આ વિસ્તારમાં રીતસર સપાટો બોલી ગયો છે. કચ્છમાં આવા સિંઘમ અધિકારી મુકાશે પછી ખનીજ ચોરી અટકશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

### તપાસની નવી પદ્ધતિ અનિવાર્ય

જો ખનીજ વિભાગ દ્વારા જે તે લીઝની ક્ષમતા, અત્યાર સુધી કપાયેલી રોયલ્ટી અને હાલના બાકી સ્ટોકની તાત્કાલિક માપણી કરવામાં આવે, તો મોટા કૌભાંડો બહાર આવી શકે છે. જે કિસ્સાઓમાં શંકા જણાય ત્યાં તુરંત જ દંડની કાર્યવાહી કરીને કડક દાખલો બેસાડવો જોઈએ.

# હટડીના ચેકડેમમાં ડૂબી જતા માલધારી યુવકનો જીવ ગયો

ભુજ - કચ્છઉદય : કચ્છમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે પાણી વેરી બન્યું છે. ગાંધીધામ અંજારમાં બે દિવસ દરમ્યાન નર્મદા કેનાલમાં ડુબી જવાના કારણે આઠ વર્ષિય બાળક સહિત ત્રણના મોત થયા હતા. જે ઘટના તાજી છે ત્યાં મુંદરા તાલુકાના હટડી ગામે ચેકડેમમાં ડુબી જવાના કારણે માલધારી યુવકનો જીવ ગયો હતો. આ તરફ અંજારમાં રમતા રમતા સોફા પરથી પડી ગયેલી માસુમ બાળાનું મોત થતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મુંદરા તાલુકાના હટડી ગામે ચેકડેમમાં ગઈકાલે સવારે દસ વાગ્યે આ ઘટના બની હતી. મુળ રાપર તાલુકાના પલાંસવા ગામના હાલે હટડીમાં રહેતા ૧૭ વર્ષિય ઈશ્વરભાઈ રામજીભાઈ કોલી ચેકડેમ પાસે ભેંસો ચરાવવા માટે ગયા હતા. એ દરમ્યાન ચેકડેમના પાણીમાં ડુબી જવાના કારણે મોત થયું હતું. આ બનાવથી અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

### રમતા - રમતા સોફા પરથી પડી ગયેલી માસુમ બાળાનું મોત

જયારે અંજારમાં મેઘપર કુંભારડી ખાતે કરૂણ બનાવ સામે આવ્યો હતો. ચાર વર્ષિય આરાધ્યા વિજય પરમાર પોતાના ઘરે રમતી હતી ત્યારે રમતા રમતા સોફા પરથી પડી જતા સારવાર માટે લઈ જતા મોત થયું હતું. ડાબા ગાલ પર કાળો ડાઘ પડી ગયો હતો. આ બનાવથી અરેરાટી ફેલાઈ હતી. અંજાર પોલીસે એડી દાખલ કરી હતી.

# પાર્કિંગ અને ગેરેજમાં રહેતા વાહનો પણ કચ્છમાં સલામત નથી

**ત્રણ જગ્યાએથી ધોળા દિવસે વાહનોની ઉઠાંતરી**

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં એકતરફ વસ્તી વધી રહી છે, વાહનો વધી રહ્યા છે. પરંતુ વાહનો રાખવા માટે યોગ્ય સ્પેસ નથી. રોડ પર રાખો તો પોલીસ મેમો ફાડે અને પાર્કિંગમાં રાખો તો તસ્કરો ધોળા દિવસે વાહનો ઉઠાવી જાય છે અને ખરાબ રસ્તાના કારણે વાહનોને દર મહિને ગેરેજમાં લઈ જવા પડે તેવી સ્થિતિ વચ્ચે ગેરેજમાં પણ વાહનો સલામત નથી. જિલ્લામાં કુલ્લ ત્રણ વાહનો ચોરાયા હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે.


આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ભુજમાં મોર્ડન ટોકીઝના ગેટની સામે જનતા કસાટા આઈસ્ક્રીમ પાસે પાર્કિંગમાં રાખેલી બાઈક ચોરાઈ હતી. કૈલાસનગરમાં રહેતા જીગર અરવિંદભાઈ બારમેડાના જણાવ્યા પ્રમાણે તેમણે પોતાની જી.જે. ૧૨ સીબી ૭૭૬૫ નંબરની ૨૦ હજારની બાઈક પાર્ક કરીને રાખી હતી. જેની અડધા કલાકમાં ચોરી થઈ ગઈ હતી, જેથી એ ડીવીઝનમાં ગુનો દાખલ કરાયો હતો.

આ તરફ અબડાસા તાલુકાના કોઠારા ગામે ખાદી ભંડાર રોડ પર આવેલ અવંતિકા ગેરેજ પરથી બાઈક ચોરાઈ હતી. ફરીયાદી ખુઅડા ગામમાં રહેતા પ્રતાપસિંહ ગોપાલજી પલના જણાવ્યા પ્રમાણે તેમની ૧૫ હજારની સીડી ડીલક્ષ બાઈક નંબર જી.જે. ૧૨ બીજી ૭૭૫૨ ગેરેજ પર રીપેરીંગ કરવા માટે રાખી હતી. જે બાઈકની ધોળા દિવસે ૧૧ થી ૧ દરમ્યાન ચોરી થઈ હતી. જેથી કોઠારા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

દરમ્યાન ગાંધીધામમાં ઓસીયા મોલની પાછળ પંજાબી ઢાબાની સામે રાખેલી બાઈક ઉઠાવી જવાઈ હતી. ફરીયાદી અંતરજાળમાં રહેતા કરમશીભાઈ ભારાભાઈ ધરજીયાના જણાવ્યા પ્રમાણે તેમની જી.જે. ૧૩ એપી ૮૨૫૯ નંબરની ૩૫ હજારની બાઈક ધોળા દિવસે ૧૧.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન ચોરાઈ જતા ગાંધીધામ એ ડીવીઝન પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# અખાતી યુદ્ધની અસર : કંડલા પોર્ટ પર ૧૫૦૦ નિકાસ માટેના કંટેનર ફસાયા?

**પશ્ચિમ એશિયામાં નિકાસ માટેના ચોખા સહિતનો જથ્થો અટવાઈ ગયો : એલપીજી, સલ્ફર અને જિપ્સમ સહિતની આયાતોને ભારે અસર**



### દ્રાક્ષ સહિતની ખાદ્ય ચીજોની નિકાસને અસર

મહારાષ્ટ્રના અગ્રણી પોર્ટ જવાહરલાલ નહેરુ પોર્ટ ખાતે પણ મધ્ય-પૂર્વના દેશો ખાતે જનારા ૫૦૦૦ કંટેનરો હાલમાં અટવાઈ ગયા છે. પોર્ટ સત્તાવાળાઓ દ્વારા ખાદ્ય પદાર્થ સહિતની ચીજો ઝડપથી બગડી ન જાય તે માટે ૧૦૦૦ રેફ્રિજરેટેડ કંટેનરને સતત વીજળી પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે. ખાસ કરીને દ્રાક્ષ સહિત ખાધ ચીજોની નિકાસને અસર પડી રહી છે.

નવી દિલ્હી : ઈઝરાયેલ -અમેરિકા દ્વારા ઈરાન ઉપર કરાવેલા આક્રમણ અને ઈરાન દ્વારા ઈઝરાયેલ સહિત અખાતી દેશો ઉપર કરાયેલા વળતા પહારના પગલે ભારતની આયાત નિકાસને ભારે અસર પડી છે. દેશના આગવી પોર્ટ તરીકે ગણાતા કંડલા પોર્ટ ઉપર જ નિકાસ માટેના ૧૫૦૦૦ કંટેનરો હાલમાં અટવાઈ જવા પામ્યા છે.શિપિગ કંપનીઓ દ્વારા અખાતી યુધ્ધની સ્થિતિના કારણે વહાણોની અવરજવર પર નિયમન મુકી દેવામાં આવતા હાલમાં પરિસ્થિતિ વિકટ બની છે. બીજી તરફ શિપિગ કંપનીઓ દ્વારા ઈન્સ્યોરન્સની રકમ પણ વધારી દેવામાં આવી છે. આસ્થિતિમાં માત્ર ગુજરાતમાંથી જ નહિ પણ ઉત્તર ભારતમાંથી કંડલા પોર્ટ દ્વારા થતી નિકાસ ને ભારે અસર પડી રહી હોવાનું કોર્પોરેટ સૂત્રોએ જણાવ્યું છે.

કંડલા પોર્ટ ઉપર જ અંદાજે ૦,૦૧૫ મિલિયન ઈન્ઁઠ એટલે કે અંદાજે ૧૫૦૦૦ વીસ ફૂટ સમકળ કંટેનરો હાલમાં નિકાસ થયા વિના પડી રહ્યા છે. કેઆઈસીટી પીએલ ઉપર એક્સપોર્ટ ગેટ ખાતે કામચલાઉ રીતે કેટેનર વેસલ્સ ઉપર નિયમન આવી ગયા છે. નિકાસના કંટેનરો, ચોખાના શિપમેન્ટ, એલપીજી આવાત અને બલ્ક કાર્ગો જેવા કે સલ્ફર અને જીપ્સમની હેરફેર લગભગ અટકી જવા પામી છે. ભારતના બે મુખ્ય બંદર દીનદયાલ પોર્ટ (કંડલા પોર્ટ) અને મહારાષ્ટ્રના જવાહર લાલ નહેર પોર્ટ ઉપર અખાતી યુધ્ધની ભારે અસર પડી છે. આ બંને મહત્વના પોર્ટ ખાતે આયાત નિકાસ લગભગ થંભી જવા પામી હોવાનું મનાય છે. પોર્ટના ટર્મિનલો ખાતે જ હજારો કંટેનરો અટવાઈ જવા પામ્યા છે. મધ્ય-પૂર્વના દેશોમાં જ નિકાસ માટેના કંટેનરો વહાણોમાં મુકી શકાતા નથી. શિપિંગ કંપનીઓ દ્વારા અખાતી વિસ્તારોમાં જવા માટે કોઈ જ જોખમ લેવામાં આવતું નથી. જેના પગલે આ સ્થિતિ સર્જાઇ છે. દીન દયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા કંપનીઓ માટેની નોટિસમાં જણાવાયું છેકે, હાલની સ્થિતિમાં મેરીટાઈમ ઓપરેશનને અસર થઈ રહી છે. વેસલ્સ અને કાર્ગોની હેરફેરને અસર થઇ રહી છે. જહાજ રવાનગીમાં મોકૂફી, ઓપરેશનમાં વિલંભ અને ગેટ એક્ટિવિટીમાં સસ્પેન્સનના પગલે લોજિસ્ટિક સેવાઓને પણ અસર પડી રહી છે.અખાતી દેશોમાંથી બલ્ક કાર્ગો શિપમેન્ટને પણ અસર પડી છે. આ દેશોમાંથી ખાસ કરીને ઔદ્યોગિક કાવ્યો માળ, ૩ લાખ ટન સક્કર, જિપ્સમ અને આયર્ન ઓરની વર્તમાન માર્ચ માસમાં આવાતની ગણતરી હતી તેમાં હવે વિલંબ થશે. ભારત માટે વેપારનો મહત્વનો રૂટ અખાની શિપિગ કોરિડોર ગણાય છે. જે રૂટ દ્વારા ભારત માટે ઓઈલ, એલએનજીનો જીલ્લો અને અને બ બલ્ક કાર્ગો આવના હોય છે. બીજી તરફ આ રૂટ દ્વારા ભારતમાંથી અનાજ, કેમિકલ અને એન્જિનિયરિગ માલસામાન પણ નિકાસ ચનો હોય છે.

ભારતમાંથી તાજા ફળો અને શાકભાજીની મિડલ ઈસ્ટ અને યુરોપમાં નિકાસ કરતા નિકાસકારો માટે રમઝાન અને ઈસ્ટરના દિવસો મહત્વના ગણાય છે કારણ કે આ દિવસોમાં નિકાસમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. વધુમાં યુરોપમાં જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન ફળો અને શાકભાજીનું ઉત્પાદન ઘટી જાય છે એટલે આ સમયગાળામાં નિકાસ વધે છે. જોકે આ વખતે યુએસ-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના પગલે આ નિકાસ સામે મોટું જોખમ ઊભું થયું છે. વધુમાં યુદ્ધ શનિવારે શરૂ થયું તે પહેલા નિકાસ માટેનો માલ રવાના કરી દેનારા નિકાસકારોના જહાજ દરિયામાં અટવાતા તેઓને મોટું નુકસાન જવાની ભીતિ છે. આવા સંજોગોમાં આ નિકાસકારો જો તક મળે તો તેમના કન્ટેઈનરનો માલ ઓછા ભાવે પણ ગમે ત્યાં વેચી દેવા તૈયાર થયા છે. વધુમાં જે નિકાસકારોના ડુંગળી જેવા ઉત્પાદનોના કન્ટેઈનર જહાજે પહોંચી ગયા છે તેઓ પણ હવે આ માલ રવાના કરી શકે એવી સ્થિત્તિમાં નથી કારણ કે ભાડામાં નોંધપાત્ર વધારો થયો છે. વધુમાં અગાઉ આવી નિકાસ માટે ૨૦થી ૨૫ દિવસનો સમય વાગતો તે હવે વધીને ૪૫ દિવસ જેટલો થઈ ગયો છે જેના કારણે માલ બગડી જાય એવી ભીતિ ઊભી થઈ હોવાથી નિકાસકારો મુંઝવણમાં મુકાયા છે. એરલાઈન્સ દ્વારા આવી નિકાસ માટે ૪૦ ટકાનું પ્રીમિયમ લેવામાં આવી રહ્યું છે. ૨૦ ફુટના કન્ટેનરનો નિકાસ માટેનો ભાવ ૨,૦૦૦ ડોલર હતો તે ૪૮ કલાકમાં જ વધીને ૨,૬૦૦ ડોલર થઈ ગયો છે.

### એલપીજીનો જથ્થો અટવાઇ જતાં ઔધોગિક એકમોને અસર પડશે

કંડલા ખાતે ૫ એલપીજી કેરિયર દ્વારા જથ્થો આવનાર હતો તે પણ હાલમાં અટકી ગયો છે. જેના પગલે ૫. ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં એલપીજીની ઉપલબ્ધતાને અસર પડી છે. જેથી ઔધોગિક ઉત્પાદનને અસર થઇ રહી છે. આગામી સમયમાં પરિસ્થિતિ વધુ વિકટ બને તેમ મનાય છે. મુંદ્રા પોર્ટ ખાતેથી પણ અખાતી દેશો સાથેની આયાત-નિકાસ ઉપર અસર પડી હોવાનું કોર્પોરેટ સૂત્રોએ જણાવ્યું હતું.

### ચોખાની નિકાસ ઉપર બ્રેક મારતા નિકાસકારો

અનિશ્ચિતતાની ઘડીમાં હવે નિકાસકારોએ પણ તેમના નિકાસ ઓર્ડર ઉપર બ્રેક મારી છે. ચોખાની નિકાસ કરતી એક અગ્રણી કંપનીએ ૩૦,૦૦૦ન્ટન ચોખાની નિકાસ અટકાવી છે ક્રુડ ઓઈલની આયાતને પણ અસર થઈ છે. ૨.૮૫ લાખ ટન ક્રુડ ઓઈલ લાવી રહેલા એક અગ્રણી ટેક્રરને પણ હાલમાં દરિયાઇ હેરફેરની સ્થિતિથી અસર થઈ છે.